૧-૯-૨૨ — એમ. એ. બી. ટી.
પ્રો. હોલ્કર કૉલેજ ઇંદોર.

૨૯

આમલનેરની પ્રજા અને ખાસ કરીને તેઓને પૂજ્યબુદ્ધિના પવિત્ર-મનો અને તેઓના ભક્તિની ઊંડી લાગણી સ્વીકારો સમર્પણ. તેઓની જ્વલંત અને ચમત્કારિક ત્યાગમય સ્થિતિના પ્રશંસકો મહાન આનંદ સાથે છે. તેઓ આ દુઃખદાયક ખબર સાંભળતાં અત્યંત દિલગીર થયાં છે. તેઓનો આત્મા શાંતિમાં વાસ કરો.

અને મોકલી જણાવું છું કે તમો અને હું નિશ્ચિતપણે તથા ભીખ લખેલો તેઓનો ઉત્સાહ અને ભુલાવી અને તેઓના ઉપદેશ ઉપર ચાલવાથી તેમના પૂજ્યપાદ પવિત્ર આત્માને ખરી શાંતિ થશે.

આમલનેર — ડી. વી. ત્રિવેદી

૨૩-૭-૨૧ — વકીલ

૩૦

મૌલિકપદ ...સ્થિત મહાન આત્માનો જય જય થયો, એ સાંભળી અને ખરેખર દુઃખ થયું છે. હું આશા રાખું છું કે તેઓનું કામ આગળ ચલાવીને અને તેઓનો ઉદ્દેશ પાર પાડીને તેઓને યોગ્ય રીતે તેઓને માટે આપણી પાસે જોઈતું આપણે મારી શકીએ.

ભરૂચ — સચ્ચિદાનંદ પ્રમુખ

૨૩-૭-૨૨ — એમ. એ. ખોજેપ. ડી. પી. આર. એસ.

૩૧

હિંદની દરેક સમાચાર નિવેદન કરતા તમારા તા. ૮-૭-૨૨ ના પત્રથી મારી સહીવાળા પત્રિકાઓને વ્યક્ત કરી શક્યો છે એ વખતે તેઓ તરફથી હું હિંમતી મળેલી આશા રાખતો હતો, તે વખતે તેઓને

આપશ્રી પાસેથી જુમ્બી લેવામાં આવ્યા છે આથી સમસ્ત હિંદુસ્થાનને અને ખાસ કરીને મને સખ્ત ધા લાગેલ છે. મહુંમ આચાર્ય વિજય-ધર્મસૂરિજી પંક્તિમાં, હિંદુસ્થાન પોતાના વિદ્વાનોમાંથી કોઈને મૂકી શકે તેમ નથી. તેઓ એક નામાંકિત વિદ્વાન અને સાધુ હતા. અને હવે આપણે ઓછા તેજસ્વી એવા નવા સ્વરૂપમાં આવ્યા છીએ, આ વર્ગને ધર્મપ્રવર્તક પહેલું પદ કહેવામાં તમો યોગ્ય કરો છો.

તેઓની યાદગીરી રાખવાને પ્રયત્ન કરવાનો તમોએ સારો વિચાર કર્યો છે. મારી શક્તિઅનુસાર હું ઘણી ખુશીથી મારો ફાળો આપીશ, અને જો કે તે આપ કહો તો પણ તે શક્તિમય હૃદયથી આપવામાં આવશે.

આપનોજ	આર. શામશાસ્ત્રી,
ચામુંડી એક્સ્ટેન્શન	બી. એ., પી એચ. ડી., એમ. આર.
૧૮—૯—૨૨	એ. એસ. ક્યુરેટર ઓરિએન્ટલ
	લાયબ્રેરી.

૪૨

તમારા ગુરુમહારાજ જે પ્રમાણે ઉપદેશ આપતા, તે પ્રમાણે વર્તનાર એક ખરા સાધુ હતા. ધાર્મિક મુદ્દાઓને દૃઢ પાયા ઉપર આરૂઢ કરવામાં તેમના પ્રયત્નોએ ઝળહળી વિજય મેળવ્યો હતો. તેઓનો આનંદી સ્વભાવ, તેમની ઉદાર વૃત્તિવાળી ઉપેક્ષા, તેમનું ઉચ્ચ જ્ઞાન, તેમની તત્ત્વ-વિવેચનાત્મક તીક્ષ્ણ બુદ્ધિ, અને ખાસ કરીને વધારે તેમનો સર્વગુણસંપન્ન ચારિત્ર્ય હતાં અને સમસ્ત વિશ્વના માનની માગણી કરતાં હતાં.

તમોએ (નહિ કે આ લેખે) એક મહાન પુરુષ ગુમાવેલ છે આપણા સૌના સર્વજ્ઞોમાંના એક તરીકે હું તેમને લેખતો હતો. મારે કહેવું સ્વલ્પ માનીશ કે આવો માણસો તેઓની ખોટ માટે વિલાપ કરતા હશે. પણ તમને પહોંચેલો વિરહ તો અસહ્ય છે. પરન્તુ મને આશા છે કે— આ સૃષ્ટિના નિયતા તમોને, તમારા મહાને માટે ગીત કરવાની અનેક ગ્રાહ્ય

આપની વ્યવસ્થિત રીતે થઇ કરવામાં અને મહાત્માઓમાં આપેલ માન એવી શાસ્ત્રની અને તેઓના પગલે ચાલવાની શક્તિ જરૂર આપશે. તમોને તેમના આશીર્વાદ મેળવ્યા છે અને મને આશા છે કે વખત આવ્યે તમારા પૂજ્યગુરુના પગલે ચાલી આપની કીર્તિ મેળવવાને તમે શક્તિ વાળા નીવડશો.

મહેરબાની કરી તમારા સહધર્મીઓને મારા નમસ્કાર કહેશો, અને તેઓના દુઃખનો હું ભાગીદાર છું તેમ તેઓને જણાવવા કૃપા કરશો.

ભાવનગર — પ્રો. સી. ઈ. [illegible]
૧૮–૪–૨૨ — [illegible]

૧૩

આચાર્ય શ્રીવિજયધર્મસૂરિના અવસાનના શોકજનક સમાચારે તીરની જેમ મારા હૃદયને વિંધી નાખ્યું છે. તેઓશ્રીના અવસાન અને અંતિમ સંસ્કાર સંબંધી સંપૂર્ણ માહિતી મને મોકલવા કૃપા કરશો. આપ તે સંબંધી તેમની ઘણું કરશો. જો તેમ હોય તો તેઓના શિષ્ય સમુદાય અને સમાજ પ્રત્યેનો તેઓનો અંતિમ સંદેશ જણાવશો.

૧૮ ૪ ૨૨ — શ્રી એમ. મલ્લીનાથ
મદ્રાસ — એડિટર જૈનગેઝેટ

૧૪

હું તેમને મળ્યો અને અમારા શાંતિનિકેતનમાં રહેલ વિશ્વભારતી સંસ્થામાં, જૈન અભ્યાસ માટે એક કેન્દ્ર સ્થાપિત કરવાની યોજના એમની આગળ મૂકી. એ બે કામને માટે, એમની ઉદાર સમ્મતિ અને દીર્ઘદૃષ્ટિવાળી મોટી સહાયતા અને પ્રોત્સાહન પ્રેરણા કરી હતી, પરન્તુ હું એમને મળી ન શક્યો, તે પહેલાં એમનું અવસાન થયું. એ માટે હું ઘણો દિલગીર છું. પરન્તુ મારી આશા છે કે–એમની યાદગીરી આ કામને માટે કામ કરશે ને એવી અમારી યોજના સંપૂર્ણ થશે.

૨૧–૪–૨૨ — રવીન્દ્રનાથ ઠાકોર
શાંતિનિકેતન

પ્રકરણ ૯ મું



પાશ્ચાત્ય વિજ્ઞાનોના પંથે

૧

થોડા વખત પહેલાં તમારો એક પત્ર પહોંચ્યો હતો, કે જેમાં તમારા મોટા ગુરુ શ્રીવિજયધર્મસૂરિના અવસાનના ખબર હતા, તે વાંચી હું બહુ દુઃખી થયો. મહેરબાની કરીને મારો દિલગીરીયુક્ત દિલાસો સ્વીકારશો અને આશા છે કે જે ઉત્સાહ ને સાહજતામાં ગુરુમહારાજનાં કામો વિશિષ્ટ હતાં, તે ઉત્સાહ અને સાહજતાપૂર્વક તેમનું કામ, તમારા નેતૃત્વ નીચે આગળ ચલાવવામાં આવશે. તેઓશ્રીના પ્રકાશવાન્ અને ઉદાર ઉપદેશથી હિંદુસ્તાનના લોકોના વિચારો અને દેશભક્તિ ઉપર બહુ પ્રભાવ પાડ્યો હતો, એટલું જ નહિ પરન્તુ શ્રીધર્મવિજય ગ્રંથમાળાના પ્રકાશન વડે પૂર્વ અને પાશ્ચાત્ય જૈનધર્મને અમૂલ્ય ફાયદો થયો છે.

ડૉ. એમ. બ્લુમફીલ્ડ.

૫-૩-૨૩

જોન્સ હૉપકિન્સ યુનિવર્સિટી બાલ્ટિમોર

યુનાઇટેડ સ્ટેટ્સ.

૨

આચાર્ય મહારાજની સાથે મને મારા વરસોજ સંબંધ થયો હતો, તે પહેલાં નહિ થયો હતો તેથી હું દુઃખી છું. કારણ કે એમ વિચાર કરતો કે હિંદુસ્તાનથી જર્મનીમાં જવા માટે દરેક જમાને ઘણાં અઢવા-ડિયાં લાગે જ આ સમય બહુ દૂરો હોવાથી. વિજયધર્મસૂરિનાં જીવન-ચરિત્રનાં પુસ્તકો વાંચતાં મને ખાતરી થાય છે કે આચાર્યશ્રીની ઓળખાણ, બહુ વહેલા સમય પહેલાંથી નહિ કરવાથી મને બહુ નુકસાન થયું છે. તેઓશ્રીએ લખેલા ગ્રંથો, પાશ્ચાત્યોએ લખેલી ચોપડીઓને ટેકો આપતા હતા. જો કે તેઓ મને વ્યક્તિગત ઓળખતા નહિ હતા, છતાં તેઓ મને જે વખતે, એમની સાથે મારા નામથી સંબંધ થયો હતો, તે સમયથી મને મારા અભ્યાસમાં મદદ કરવા તૈયાર હતા.

મને જૈનધર્મ અને જૈનસાહિત્ય ઉપર બહુ પ્રેમ છે અને વિજયધર્મસૂરિના સમયથી મેં પુસ્તકો અને નવીન ગ્રંથોનો વધારે અભ્યાસ કરવાનો નિશ્ચય કર્યો હતો. હું નિત્ય થોડો કંઈ વાંચું છું. જૈનસાહિત્ય વાંચતાં અને શોધતાં જેટલો આનંદ મને હવે આવે છે તેટલો આચાર્ય મહારાજની પ્રત્યક્ષ સહાનુભૂતિ વિના અત્યાર સુધી ન્હોતો આવ્યો અને મને આશા છે કે આ નિશ્ચય વધારે દૃઢ થશે. ભવિષ્યમાં હું જૈનધર્મ અને જૈનસાહિત્યની શોધખોળ સબંધી કંઈક કામ કરવા સમર્થ થઈશ.

આચાર્યશ્રીનું અવસાન સાંભળીને મને બહુ દુઃખ થયું છે અને જ્યાં સુધી હું કામ કરવા સમર્થ રહીશ, ત્યાં સુધી એમના સ્મરણને માન આપીશ.

ડૉ. જે નોબેલ
૨૦—૩—૧૯૨૩ બર્લીન યુનિવર્સિટી

૪

ખાતરી રાખજો કે તમારા સ્વર્ગવાસી આચાર્ય મહેરબાન અને શ્રીમાન વિજયધર્મસૂરિએ મારી સાથે પત્રવ્યવહાર રાખતાં જે મહેરબાની બતાવી છે તે મહેરબાની કેટલી મોટી છે તે હું બરાબર જાણું છું. હું એમની યાદગિરિ હમેશાં રાખીશ અને તેમણે લખેલા પત્રોને તેમના સર્વોત્તમ મહેરબાન અને મજબુત આશ્રયની એક કિંમતી નિશાની તરીકે માનીશ. જો કે એમની ઊંચી યોગ્યતાનાં ઘણાં વર્ણવેલાં બ્હાર થી જાણીને, તેઓ આપ્ત હતા, છતાં તેઓએ જે રીતે એમના મત પ્રમાણે જૈનધર્મોપદેશ કરતા રહેતા હતા, તે બધાઓને એમની આસપાસ ભેગા કરવા, અને ઘણી રીતે એમનું જ્ઞાન વધારે ઊંડું બનાવવા માટે તેઓ ઉત્સાહ અને પ્રયત્ન મેળવતા હતા, જો કે તેઓ એક સાધુ તરીકે જીવન વ્યતીત કરતા હતા, અને જે બંધનોથી બીજાઓ વીંટાયેલા

ઉ. તે સંબંધમાં તમે લખ્યું છે તે વિષયમાં હિંદ જે આટલા માટે તેમ એવોલ પરમ પૂજ્ય અને સરળ મિત્ર તરીકે હતા. એમની ઓરેગ્નની જેવી સફળતાનો હું બહુ આભારી છું. હતી સામાન્ય લોકોની દ્રષ્ટિએ પણ, એક બહુ બહાદુર અને સ્વતંત્ર પુરુષ જીવ છે. પ્રકરણ કે તેઓ જાણનાર નથી નથવા કે પણ, એ પ્રામ નવા ઝઘડાનો એક ઇતિહાસ છે અને પ્રકરણ કે જેટલી પુષ્પ, સંપૂર્ણ નામને માટે આટલા અનુભવે છે તેવી પણ નીચ પ્રેમ ગીજને માટે નથી. સર્વથા નાસ્તિક, એવા બૌદ્ધમતિક (કે જેમનામાં કમનશીબે આજકાલ યુરોપ ભરેલ છે અને એમાં મારો પોતાનો દેશ પણ અપવાદ નથી.) કોઈ પણ આ વસ્તુ (પણ) વળગી જેમ શકે છે મને એમ લાગે છે કે—જે પુરાણ આત્મસ્ય ઓરેગ્નર સનાતન છે તેની સ્તુતિ કરવા માટે મારો લઘુ આવાજ આપમન ઉ. જે ઓરેગ્નર એટલા મહાત્માઓને આ નવીન કુમળા જેમ સહી ઉત્પન્ન કર્યો છે તેમના એક આદર્શ તરીકે હું સ્વદેશવાસી ગ્રા મહાપુરુષને સમજું છું કે જેમની આગર હું સાચુંત અને વિદ્યાર્થ મિત્રરૂપે પોતા છું માનુષીય આદર્શ-વરન જોઉં છું

૨૪-૩-૧૯૨૩ —ડૉ. જે. મારક્વીસેર

યુનિવર્સિટી ઓફ ઉપસાલા, સ્વીડન.

૫

મારા ઉમ તોતના ઉપ્માદાનુની આવૃત્તિ કરવી એ મને ઉચિત નથી લાગતું. ગદાસના માનુષ તરીકે હું ધારું છું કે ગાંધીજીનું પદ સમસ્ત જ્ઞાન-વિજ્ઞાનને માટે અને હિંદુસ્તાનના પ્રમોદ અભ્યાસીઓના પરસ્પર મેળાપને માટે એનું નુકસાન છે કે એની એટલી મતિ પૂરી થાય તેમ નથી.

૨૧-૧-૧૯૨૩ ડૉ. મિ. વિન્ટરનિટ્ઝ

પ્રાગ યુનિવર્સિટી—ચેકોસ્લોવેકિયા.

૬

તમારા ગુરુ કે જેમની મૂર્તિ જોવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું અને જેમના સમાગમમાં મારા સાથીદાર પ્રો. ટેસીટોરીને બહુ પ્રશંસા અને ભક્તિ ભાવપૂર્વક વર્ણન કરતા હતા તેમના અવસાનના ખબર આપવા તમારા પત્રથી હું બહુ દિલગીર થયો છું

૨૫-૧૧-૧૯૨૨

પ્રો. એ. ચિસુપી
રોમ (ઇટલી)

૭

તમારો તા. ૧૩ મી સપ્ટેમ્બરનો પત્ર, કે જેમાં તમારા માનનીય ગુરુ મહારાજશ્રી વિજયધર્મસૂરિના અવસાનના ખબર છે તે મને મળ્યો અને હું બહુ ખુશી થયો છું એમને મળવા માટે હું કોઈવાર ભાગ્યશાળી નથી થયો, પરન્તુ માત્ર તેમના ઘણા ગ્રંથો. આ સાચા અને જગપ્રસિદ્ધ વિદ્વાનની ખોટથી ઉત્પન્ન થયેલી દિલગીરીમાં મારી સાથે ભળવા મને દ્યો.

સર જ્યોર્જ ગ્રીયર્સન કે. સી. આઇ ઇ પી એચ. ડી
૧૦-૧૦-૧૯૨૨ રાથફાર્નહામ કેમ્બર્લે સરી. ઇંગ્લેંડ

૮

તમારા ગુરુ મહારાજશ્રી વિજયધર્મસૂરિના અવસાનના ખબર મેં અત્યન્ત ખેદ સાથે સાંભળ્યા હતા અને હું અંતઃકરણની ઇચ્છા ધરાવું છું કે તમો આ મહાન્ પૂજ્ય-આચાર્યનાં કૃત્યોને જારી રાખશો.

૨૨-૧૦-૧૯૨૨

ડૉ. ની. ક્રોમ
અમસ્ટરડમ (હોલેન્ડ).

૯

તે પૂજ્ય સંત અને વિદ્વાન તમારા ગુરુ આ દુનિયામાંથી અવસાન પામ્યાના ખબર તમારા પત્રથી મળતાં મને તીવ્ર દુઃખ થયું હતું. તેઓશ્રીના મૈત્રી અને પ્રાપ્ત થયેલ બે પુસ્તકોની મેં કદર કરેલ. તેઓની યાદગીરી આમરણાંત તાજી રહેશે છે તેની સાથમાં પ્રો. મિરોનના ફોટો પાસે તેઓશ્રીનો ફોટો આજ પાવન રૂપમાં સ્થાપવામાં આવેલ છે. જ્યારે તેઓ આ અવસ્થામાં હતા, તે જર્મન ઓરિએન્ટલ સોસાયટીના સેક્રેટરીએ તેઓના અવસાનની ખબર મને પહોંચાડી છે.
૭-૧૧-૧૯૨૨

ડૉ. ઇ. હુલ્ત્ઝ
હાલે યુનિવર્સિટી

૧૦

તેઓના અવસાનથી ફક્ત તેઓના શિષ્યોને કે સ્વદેશીઓનેજ નહિ પરન્તુ સમસ્ત વિશ્વના વિદ્વાનોને એક ગંભીર ચોટ લાગી ગઈ છે. તેઓ પશ્ચિમના વિદ્વાનો તરફ મૈત્રી ભર્યા ભાવવાળા અને સહાયક હતા, કે યુરોપના અભ્યાસ અને હિંદુસ્તાનમાં જ્યારે આવેલ વિદેશી પુરાતત્વ શોધકોની તેઓની (યુરોપીન વિદ્વાનોની) યાદગીરીમાં તેઓને યાદ કરવાને નિરંતર તત્પર રહેતા. વારે વારે કે હિંદુસ્તાનની જૈનધર્મની પ્રતિમાઓ બહાર લાવવાના સારા પ્રયત્નોમાં તેઓની યાદને માટે હું તેઓની તરફથી આભારી છું. એક વ્યક્તિ તરીકે અને એક વિદ્વાન તરીકે હું તેઓને માટે સર્વોત્તમ માનની લાગણી નિરંતર ધારણ કરતો રહીશ.
૧૫-૧-૧૯૨૩.

ડૉ. જે. જોલી.
વિર્જબર્ગ યુનિવર્સિટી (બાવેરીઆ).

૧૧

તમારા પૂજ્ય ગુરુમહારાજ શ્રીવિજયધર્મસૂરિના અવસાન સંબંધી સમાચાર સાંભળતાં મને ઘણોજ દુઃખ ઉત્પન્ન થયું હતું. એ

છે, મને તેઓને મળી શકવાની તક બિલકુલ મળી શકી નહોતી, તો પણ તેઓના માયાળુ પત્રવ્યવહાર દરમીયાન તેઓના વિશાળ જ્ઞાનની તેમજ ઉચ્ચ ઉત્સાહ અને હૃદયના પ્રેમની કદર કરવાને શક્તિમાન બની શક્યો હતો. અત્યારે પણ, જો કે તેઓનો સ્થૂલ દેહ, તે એક ભૂતકાળની વાત થઈ પડી છે છતાં, તેઓનાં કૃત્યો અને વિચારો સાથે, કોઇ નજરે પરિચય પામેલા મનમાં, તેઓના ઉત્કૃષ્ટ ગુણો હંમેશનો વાસ કરશે.

૨૦-૧૨-૨૨

ડૉ. એલ. ફિનો

હેનોઈ (ઇન્ડોચાઇના)

૧૨

જ્યારે મને ખબર મળ્યા કે મહાન્ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિ એક એવી વ્યક્તિ કે જેઓને માટે હું પોતેજ નહિ પરન્તુ ઘણા જર્મન વિદ્વાનો અત્યન્ત પૂજ્ય ભાવ રાખતા હતા, અને જૈન ધર્મ સંબંધી તેમના લેખો અને તેમની પ્રવૃત્તિઓની ઘણીજ અનુમોદના કર્યા કરતા હતા, તેઓએ આ જગતને છોડ્યું છે તે સાંભળીને મને ઘણો આઘાત પહોંચ્યો હતો. કમનસીબે મને તેઓશ્રીને મળવાનો અને તેમનો અંગત પરિચય કરવાનો આનંદ પ્રાપ્ત થયો ન હતો; તો પણ તેઓનાં પુસ્તકોમાંથી મે જે કંઇ વાંચ્યું છે તેથી અને તેઓશ્રીના પત્ર વ્યવહારથી તેઓની સાથે સંબંધ રાખવા ઉપરથી કહી શકું છું કે તેઓ કેવા મહાન્ વિદ્વાન્ અને કેવા પ્રિય મિત્ર થઈ પડેલા હતા. હવે અત્યારથી મને વધારે દુઃખ થાય છે કે—તેઓશ્રીને મળવાનો સમય હવે અશક્ય બની ગયો છે. તેઓએ જૈનોના આગમો વિશેષે મારા ઉપર મોકલવાની કૃપા કરી હતી, કે જેથી હું શ્રીમહાવીરના ધર્મનો અભ્યાસ સૂક્ષ્મથી કરવા સમર્થ થયો છું. એટલા માટે હું તેમનો ખાસ આભારી છું. મારા પ્રત્યે તેમનો આભાર ખાસ મોટો છે. કારણકે એમની મદદ વિના તીર્થંકરોના સિદ્ધાન્તોનું વધારે ઊંડું અને યથાર્થ જ્ઞાન મેળવવાનું

ભરાશે નહિ એવું હતું. જૈન સાહિત્યના વિદ્યાર્થીઓમાં અવિભાજ્ય મદદગાર તરીકે તેઓ એક હિંદુસ્તાનના આચાર્યની વિદ્યા તથા પ્રાચીન ક્રિયાકાંડ પદ્ધતિઓનું સંમિશ્રણ કરતા હતા. એક તરફથી તેઓ જ્યાં તેઓ પ્રશ્નોની સાથે અતર્કીત કરવામાં અને સિદ્ધાંતોના ક્રમ તથા વિચારોમાં બદલ લેવામાં તેઓ વ્યાવહારિક બુદ્ધિ પણ ધરાવતા હતા. સમસ્ત ભારત અને સર્વ દેશોના મનુષ્યોના આનંદ માટેની યોજના પણ ઉદાર વ્યક્તિ તરીકે તેઓ મારા દિલમાં નિરંતર વાસ કરશે.

૪ ૧૨-૨૨ | પ્રો. એમ. ઈ. આલેનાગ
બર્લીન યુનિવર્સિટી

૧૩

તમોએ એકાએક મહારાજ જે ગુરુને ગુમાવ્યા છે તે સર્વને વેદના આચાર્યની સ્મૃત હતી ચાલુ રહેશે એમ છે. હું જાણું છું કે તમારા ગુરુમહારાજ એક અસાધારણ વ્યક્તિ હતા અને તેઓએ અદ્વિતીય ગુણો પ્રાપ્ત કર્યા હતા.

એન્ટોનીઓ ગ્યોરેસી

૧૪

આ દુઃખીત સમાચાર આચાર્યશ્રીનું અકાલ મૃત્યુનું જે મહારાજ શ્રી સાથે સંબંધનું એ કે હું જાણું છું કે તમારો ધર્મ અત્યંત પ્રેમથી લાગણી ધરાવવાની ખાતર કરે છે જ્યાં સુધી ભારતમાં તેઓના સદ્ભાવની ભાવનાથી દુઃખી થયા વિના રહેશે તે તમારા સર્વને માટે અતિ દુઃખદ છે. મને તેઓને મળવાની તક મળી હતી, તે માટે મને આનંદ થાય છે. અને હું તેઓને ફરી મળી શકીશ નહિ તે માટે ઘણું દુઃખ થાય છે. તમો મને તરફથી આભાર આપવાનું ચેન કર્યું અને હું તેની પહોંચ કબૂલ કરું છું

હેલેન-બીમાર | પ્રો. એમ. એચ. જોન્સન
કાશ્મીર. ૬-૯-૨૨

૧૫

મને સાંભળવાને ઘણું જ દુઃખ થયું છે કે તમારા બહુમાન્ય ગુરુ અને પૂર્વગામીએ આ ક્ષણિક દુનિયાનો ત્યાગ કરી શાશ્વત મોક્ષ પદ પ્રાપ્ત કર્યું છે

૨૯ હેનોવર સ્ટ્રાસે હાલે
જી. એસ. જર્મની
૨૭–૧૦–૨૨

ડૉ. ત્સખરીઆસ
પ્રો. ઓફ સંસ્કૃત
હાલે યુનિવર્સિટી

૧૬

મારે કહેવાની જરૂર નથી કે શ્રીવિજયધર્મસૂરિના અવસાનના ખબર મળતાં મને અત્યંત દુઃખ ઉત્પન્ન થયું હતું. ખરેખર, તમે મારો મર્હુમ ગુરુમહારાજ સાથેનો પત્રવ્યવહાર જાણો છો, અને કાંઈ જૈન-ધર્મનો અભ્યાસ કરવા માટે મને પુસ્તકો મોકલતા, એટલું જ નહિ પરંતુ વધારે અગત્યના વખતમાં પણ તેઓ શિખામણ આપતા હતા. તમે ખાત્રી રાખજો કે તેઓ મને મદદ કરવા હમેશા તત્પર હતા. તેવા આ એક મહાન જૈનયતિને હું કદી પણ વિસરીશ નહિ.

બર્લીન
૨૭–૧૦–૨૨

ડૉ. જે. નોબલ

૧૭

વિજયધર્મસૂરિના અવસાનના ખેદજનક ખબરે મને સખ્ત દુઃખ આપ્યું છે. લગભગ વીસ વર્ષ સુધી હું તમારા આચાર્યના સંબંધમાં રહેલ હતો અને ઘણા પ્રકારે તેઓની માયાળુપણાનો મેં અનુભવ લીધો છે. તેઓ એક ખાસ મિત્ર અને પોતાની જાતને ઓળખાવતા, તેજ પ્રમાણે શુભેચ્છક હતા અને જૈનધર્મના સાહિત્ય અને શિક્ષણને માટે

જેઓની સહાનુભૂતિ હતી અને રસ લેતા હતા તેઓને મદદ કરવાને સદૈવ તત્પર રહેતા. તેઓની સહાય વિના હું સમરાઇચ્ચકહા અને પઉમચરિયમ છપાવી શક્યો ન હોત. તેમજ જૈનધર્મનો મારો અભ્યાસ હું રહેવ પૂર્વક આગળ વધારી શક્યો ન હોત. તેથી હું મારા ભારતના મિત્રોમાં તેઓની પવિત્રતાના સ્મરણને માટે આભાર માનું છું. તેઓની પેઠે તેઓની સાથે ઓળખાણ થવાનો લાભ જેઓને પ્રાપ્ત થયો છે તેવા હિંદુસ્તાનના, યુરોપના અને અમેરિકાના તમામ વિદ્વાનોને તેઓની ખોટ જણાશે અને શોકગ્રસ્ત થઈ પડશે, જે રત્ન તેઓને એક પવિત્ર પુરુષ તરીકે પૂજ્ય માનતી હતી, તે સમસ્ત જૈનધર્મને આવા નૈસર્ગિક આધ્યાત્મિક પુરુષ ખસવાથી જે પણ અસાધારણ દુઃખ અને ખેદ થયો હશે તેનો વિચાર હું આજે કરી શકું છું અને જેઓને, તેઓને અત્યારે તમારા ઉપર આવી પડતા હિંમતવાન પુરુષો આપ અનન્ત સાહાય્ય કરશે કે તેવા તમારા આચાર્યની પ્રતિભાથી હું તથા મારે દુઃખી થાઉં છું

૧૬-૧-૨૨

ડૉ. એચ. યાકોબી
બોન યુનિવર્સિટી (જર્મની)

૧૮

તમારા સર્વોત્તમ ગુરુના અવસાનના ખબરે મને અત્યંત દુઃખી કર્યો છે. તેઓના સહધર્મીઓમાં જ નહિ પરન્તુ યુરોપના વિદ્વાનોમાં પણ તેઓ પ્રખ્યાત હતા. જ્યાં સુધી હિંદુસ્તાનના સાહિત્યનો અભ્યાસ ચાલુ રહેશે, ત્યાં સુધી સંસ્કૃત સાહિત્ય માટે તેઓની સેવાઓ કદી પણ વિસરી શકાશે નહિ

૧૨-૧૧-૨૨

ડૉ. જે. જોલી
પ્રો. ઓફ સંસ્કૃત
વિર્સબર્ગ યુનિવર્સિટી

૧૯

મોટા અને માયાળુ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીવિજયધર્મ સૂરિના અવસાનના ખબર સાંભળતાં મને બહુ દુઃખ થયું. વિશ્વાસ આવ્યા પહેલાં મે મારા મિત્ર ડૉ. સ્ટાઇન અને ચીકોસ્લોવેકીઅન પ્રૉફેસર ડૉ. પેરોલ્ડ દ્વારા આ દુઃખદાયક સમાચાર સાંભળ્યા હતા. એમના તેમના તા. ૨૧ મી જુલાઇના કાગળમાં, આચાર્ય મહારાજે મને લખેલું કે એમની તબીયતમાં જરા સુધારો થયો છે અને તેઓ નિશ્ચય સારા થશે, એવી આશા હતી.

ઘણાં વર્ષો સુધી તેઓની સાથે પત્ર વ્યવહારમાં રહ્યા બાદ હું તેઓને ખરે મહત્ત્વના જ્ઞાનની રાહ જોયા કરતો હતો. મારા કામમાં જોઇતાં ઘણાં અમૂલ્ય અને અલભ્ય પુસ્તકો મોકલવામાં તેઓની પરોપકાર બુદ્ધિ હું કદિ પણ વિસરીશ નહિ. એમના તા. ૧૫ મી માર્ચ ૧૯૨૧ ના પત્રમાં તેઓએ મને આ માયાળુ શબ્દો લખ્યા હતા કે "એક માણસે પોતાના ધર્મબન્ધુ માણસને મદદ કરવી જોઇએ, ખાસ કરીને આ સમયમાં, એ સ્વાભાવિક છે" અને તે જમાને તેઓ મદદ કરતા પણ હતા. ખાસ હિંદુસ્થાનના નાટકોના બીજા ભાગની પ્રસ્તાવનામાં તેઓની તમામ સહાય માટે આચાર્ય તરફ મેં આભાર જાહેર કર્યો હતો. આશ્ચર્ય, જ્યારે મે આ પ્રસ્તાવનાની પ્રૂફ વાંચી ત્યારે મારે લખવું પડ્યું હતું કે "જેઓનો આભાર માનવાની હું પ્રથમ ધારતો હતો તેઓ આપણામાંથી અદૃશ્ય થયા છે.

આચાર્ય વિજયધર્મસૂરિને ફક્ત એક મહાન વિદ્વાન અને તેઓના સમાજના જાહેર ધર્મગુરુ તરીકે જ નહિ પરન્તુ હિન્દ તેમજ પશ્ચિમના વિદ્વાનોને વિદ્યાપ્રવૃત્તિમાં ઉદાર પૂર્ણ સહાયક તરીકે અને યુરોપમાં તેઓના સહાધ્યાયીઓને અર્પણ કરેલ મદદ વડે સાચા વિદ્વાની સર્વોત્તમ સેવા બજાવનાર તરીકે પણ તેઓ મરણને શરણ એક ગૌરવ અને

અનુવાદ સાથે પુરાં વળી પણ તેઓની ગાથાઓ પશ્ચિમમાં તેમ પૂર્વમાં પ્રમાણપૂર્વક પ્રચાર કરવામાં આવશે.

મુંબઈ ડૉ. એમ. વીન્ટરનીટ્ઝ.
૭—૧૧—૨૨ પ્રાગ યુનિવર્સિટી

૨

મારા મિત્ર પાસેથી પૂજ્ય આચાર્ય મહારાજ વિજયધર્મસૂરિના સ્વર્ગસ્થ થવાના ખબર સાંભળી, મારે તમોને આ વાતમાંનો દિલાસો મોકલવાની જરૂર પડી કે તેઓના ઉદાર અને પ્રૌઢ વિચારોને મારી હમેશાં હાર્દિક સહાનુભૂતિ હતી, અને તેને ભાવમાં રાખવા માટે તમોને હું ઉત્સાહ તેમજ તેઓનું અદ્વિતીય વ્યક્તિત્વ, કે જેમાં અગાધ વિદ્વત્તા, ઉમદા પ્રેમ, અને પ્રતાપી ઉત્સાહનું આશ્ચર્યજનક સંમેલન થયું હતું તેવા વ્યક્તિત્વની હું હમેશાં પ્રશંસક હતી, અને હું આશા રાખું છું કે તે વ્યક્તિ આપણા સર્વને માટે આદર્શરૂપ થઈ રહેશે. તેમની ભાવના તમારા અને તમારા શિષ્યોમાં હમેશાં કાયમ રહે, અને મનુષ્ય જાતિને માટે સુખકર થાય, એવી હું આશા રાખું છું.

લીપઝીગ (જર્મની) ડૉ. શાર્લોટ ક્રૌઝે.
તા. ૨૧—૯—૨૨ લીપઝીગ યુનિવર્સિટી

૧૧

તમારા પૂજ્યપાદ આચાર્યને અમોએ મહાપુરુષમાં ગણ્યા છે અને હું કહું છું કે ધર્મ ક્ષેત્રમાં તેમના જેવી નાયાબ નેતા મળવા રહ્યા છે એટલું જ નહિ, પરન્તુ તેઓના અભ્યાસથી યુનિવર્સિટી પોતેજ તેવા મનોહર ગ્રન્થોમાંના ભોગથી પવિત્ર બની ગઈ છે. મારા પોતાના જીવન દરમ્યાન હું ઘણાં સારાં સ્થળે હોવાથી, તમારો પણ આભાર કે તત્કાળ

એ તેઓના મૃત્યુ સંબંધી લાંબુ વિવેચન લખ્યું હતું જે હું તે રોમ્યુના બહાર આવતાં ઓઅસીસ પ્રો. મેથોની ફિલિપ્પી, બીજુ તેવુંજ લખાણ તૈયાર કરે છે. આટલી બધી હેતપૂર્વક રીતે તેમનાથી શરૂ કરવામાં આવેલ કામ તમો જારી રાખશો તેની મને ખાત્રી છે.

રોમ પ્ર. એ તુચ્ચી

૧૮-૯-૨૨

૨૨

તમોએ સહન કરેલ નુકસાન માટે જે અગાધ દુઃખ હું અનુભવું છું તે હું આપેલ વર્ણવી શકું તેમ છું. તેમના જવાથી મે પણ એક મહાત્મા, નિખાલસ, અને નિસ્પૃહી મિત્ર અને ગુરુ ગુમાવેલ છે, અને તેઓ હું હમેશને માટે વિલાપ કરીશ. મને આશા છે કે તેઓના મુખ્ય શિષ્ય અને વારસ તરીકે તમારા ઉપર આવી પડતી ફરજો, મનુષ્યના માટે આવેલી આશાને ફળવાની તમોને જરૂર શક્તિમાન કરશે.

૧૭ નેન્ડર્ફર સ્ટ્રાસે ડૉ. હેલ્મથ ફોન ગ્લાસેનપ
બર્લીન
તા. ૯-૧-૨૨

૨૩

મને તમારા પરમ માનનીય ગુરુ વિજયધર્મસૂરિના અવસાનના ખબર આપવા માટે હું તમારો ઘણો જ આભાર માનું છું. જો કે મેં તેઓને કદી પણ જોયા નહોતા, છતાં પણ મે એક વ્હાલા મિત્ર ખોયા હોય, એમ મને લાગે છે. તેઓના પત્રો પરોપકાર બુદ્ધિ અને સહાનુભૂતિથી ભરપુર હતા, અને તેઓથી લખાએલી દરેક લીટીથી પુરવાર કરવામાં આવતા જૈન સમાજને માટે તેઓના વિશ્વવ્યાપી પ્રેમથી હું હમેશાં ચકિત થઇ જતો. જૈનધર્મની શોધ ખોળ અને તેને યથાર્થપણે

સમન્વયવાને માટે તેમજ જિનમાં પ્રકાશિત કરાયેલ ગૌરવવાન્ સર્વેના પ્રમાણને માટે તેઓ જે દરેક મેળવવાને શક્તિશાળી થયા છે, તે આશ્ચર્યજનક છે

પૂર્વકાળના અભ્યાસમાં પૂર્વ અને પશ્ચિમનો સહકાર જોઈ શકાય સર્વના અભ્યાસ તેઓના વિચારથી વિશાળતાનો વિચાર કરવામાં આવે-લિપિ નહિ હોય ત્યાં હિંદુસ્તાનને અભ્યાસ-પ્રયોજન ભારત પશ્ચિમે ભીએ આપણા સર્વને માટે ભારી પોતું નુકસાન કર્યું હતી છે, તેનો વિચાર કરતા અને શીઘ્રપણે થાય આવે છે પરન્તુ તેઓનું સગ ભારત મહારાજ તમારા જેવા વાઢેલ વિશ પૂરી થયા છે તે વિચારથી મને શાંતિ મળે છે. મદુંય ગુરુ અને તેઓના અનુયાયીઓ જેવી વ્યક્તિઓનોજ ઉપકાર છે કે હિંદુસ્તાન ધીમે ધીમે તેના ચૈતન્યપણાને પ્રાપ્ત કરવાના રસ્તા તરફ પાછું વળતું જાય છે. અને હિંદી અને આપણી પ્રાચીન ભાવનાઓ તેમજ ભક્તિમાર્ગી સત્યનો નિશ્ચયથી આસપાસ દુનિયા સમક્ષ એક ફિર નવગાથી રીતે પ્રકાશે. જે થી તેઓને ચાહેલ છે તેના ભવિષ્યના વિશેષમાં કૃપા કરશે અને ફળ ધારણ કરશે.

કલકત્તા   પ્રો. મ. રોનાલ્ડશે

૧૧-૧૦-૨૨

૨૪

મારા માનનીય મિત્ર શાસ્ત્રવિશારદ-જૈનાચાર્ય વિજયધર્મસૂરિના અવસાનના ખબરથી મને અત્યંત ખેદ થયો હતો. મારા જૈન અભ્યાસ પરત્વે તેઓની આપણી સહાયના પુરાવા તરીકે અને તેઓનું વિદ્વત્તાભર અને નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષીઓ તરીકે હું તેઓના પત્રો સંભાળી રાખું છું. પશ્ચિમ અને હિંદુસ્તાનના જ્ઞાનની વચ્ચે સમૈક્ય સાધન તરીકે

તેઓએ જૈનધર્મના જર્મન મિત્રોને જે સેવાઓ અર્પણ કરી છે તે મોટી છે અને આભારપૂર્વક યાદગીરીમાં ધારણ કરવામાં આવશે.

હામ્બુર્ગ (જર્મની)   પ્રો. ડૉ. વાલ્ટેર શુબ્રિંગ.

૨૦-૧૧-૨૨

૨૫

મનુષ્ય જાતિના કલ્યાણ કર્તાઓમાંના એક મહારાજ શ્રીવિજયધર્મ સૂરિના અવસાનના સમાચાર જણાવતો તા. ૧૧ સપ્ટેમ્બરનો તમારો માયાળુ પત્ર હજી હમણાં જ પહોંચેલ છે. આ શોકજનક ખબર સાંભળીને મને ઘણું દુઃખ થયું છે અને જો કે તમો ખરેખર કહો છો તે પ્રમાણે, જે કામ તેઓએ તેમના જીવન દરમીયાન કર્યું છે તે હમેશને માટે રહી જશે, તો પણ આશાકરી તેઓના આધ્યાત્મિક શિક્ષણની ખામી એઓને લાગી હશે, અને એઓ તેઓની સાથે નિકટ સંબંધમાં આવેલા છે તેઓને સાચો અંતરનો દિલાસો પ્રદર્શિત કરવાની ઇચ્છા રાખું છું.

૮૪ મેઇફેર રોડ   એફ. થોમસ.

બેટરસી લંડન

૪-૧૦-૨૨

૨૬

પૂજ્ય ગુરુમહારાજ શ્રીવિજયધર્મસૂરિના અવસાનના સમાચાર આપતો તમારો તા. ૧૩ સપ્ટેમ્બરનો પત્ર મને ઘણા દુઃખ સાથે મળ્યો છે. મને તેઓને મળવાનો લાભ પ્રાપ્ત થયો નહોતો, પરન્તુ વિશ્વવ્યાપી કીર્તિવાળા એક પરિપક્વ અને જ્ઞાની વિદ્વાનની ખોટ માટે વિલાપ કરવામાં મારા સાથે આ દેશમાં ઘણા માણસો જોડાશે.

૧-૧-૨૨   ડૉ. એ ગેરીનોટ.

૨૭

તમારા તા. ૧૧ મી સપ્ટેમ્બર ના પત્રથી મહારાજ સાહેબ વિજયધર્મસૂરિના મૃત્યુના ખબર જાણતાં ખેદ થાય છે. મહેરબાન સાહેબ ... છે. તેઓ પવિત્ર જીવન ગાળતા હતા. મારી દિલાસો સહિત મહેરબાની કરીને તેઓના બીજા અનુયાયીઓને મારા દિલાસો ... પહોંચાડશો.

લંડન

તા. ૧૪-૧-૨૨

સર ... ભૂતપૂર્વ ... રાજદૂત

૨૮

મારે કહેવાની જરૂર જ નથી કે મને તે પુરુષના ... પવિત્ર પુરુષના ... ખબર થયા છે અને એટલાં બધાં વિશ પુસ્તક અને લેખો જ્યારે જાહેર પડે ત્યારે તેઓનો બોધ ... તેઓના ... છુ. તેઓના ... ઉપકારથી આનંદ છુ ... નથી, પણ તેઓ હિન્દુસ્તાનના સર્વોત્તમ વિદ્વાનમાના એક હતા કે ... વિદ્વાને ... એ ... હકીકતનો ફેલાવો કરવામાં તેઓ કરતાં વધારે કર્યું હોય, તેમ હુ માનતો નથી. અને તેઓ જ તે ... વૈજ્ઞાનિક અને વિદ્યાભ્યાસી ... ... વ્યક્તિ હતા. તેઓએ ... સમજ કર્યો હતો, અને ... તેઓ જ ... સર્વોત્તમ પ્રતો જાણતી હતી. અને મને ... છે કે ... નહિ પણ ... જૈનધર્મીઓને ... તેઓને ... તેઓ ... તેમ ... વિદ્વાનોને ... તેઓની પવિત્ર ... રહેશે. મારે ... તેઓની ... તેઓને હુ ... સર્વોત્કૃષ્ટ ... તરીકે ... ... નિરંતર ...

... ... હર્ટલ

૨૯

મારા પૂજ્ય મિત્ર શાસ્ત્રવિશારદ–જૈનાચાર્ય વિજયધર્મસૂરિનું અવસાન સાંભળીને મને દુઃખ થયું છે. તેઓશ્રીએ હમેશ પક્ષો, તેમનું વિશાળ જ્ઞાન અને નિષ્પક્ષપાતી સ્વભાવ તેમ તેમણે મને જૈન અભ્યાસનો સંબંધ કરાવનાર એક સજ્જન તરીકે જે સેવા, તેમણે ખાસ કરીને જૈન વિદ્વાનોને માટે કરી છે તે અત્યન્ત મહત્ત્વની છે. અદ્વિતીય છે અને તેની યાદ આભારપૂર્વક હમેશાં તાજી રહેશે.

હેમ્બુર્ગ — ડૉ. ડબલ્યુ. શુબ્રિંગ

૩–૧૧–૨૨

૩૦

તમારા આચાર્યનું અવસાન મને દિલગીરી ભરેલું છે અને તેથી મને અત્યંત દુઃખ થયું છે. તે પુણ્યાત્મા એક સુપ્રસિદ્ધ વિદ્વાન્ અને ખાસ કરીને સાહિત્યના અભ્યાસના મહાન્ પ્રચારક હતા. તેઓશ્રીને માનવંતા તમગાની પદવી આપીને જર્મની અને ઇટાલીની સુપ્રસિદ્ધ ઓરિયેન્ટલ સોસાયટીઓએ પશ્ચિમની દુનિયામાં કબૂલ કરેલ છે. હિન્દુસ્થાનના વિદ્વાનોની માફક યુરોપના વિદ્વાનો તેઓના અત્યંત ઋણી થયા છે તેમનું નામ અમર રહેશે. અને તેમના વારસને તેમના કરતાં વધી જવું બહુ સહેલું રહેશે નહિ

ગોડેસબેર્ગ–બોન — ડૉ. ડબલ્યુ. કીરફેલ

તા. ૨૦–૧૧–૨૨

૩૧

મારા વ્હાલા અને માનવંતા મિત્ર અને તમારા પૂજ્યગુરુના અવસાનના ખબર વાંચતાં તમારા જેટલો હું અત્યંત દુઃખી થયો હતો. આવા પૂજ્યગુરુ અને ધર્માધિકારીથી વિયુક્ત થવાના પ્રસંગના વખતમાં

પ્રણામ સહ છું

તમોને અને તમારા સૌ મિત્રોને જે આઘાત લાગ્યો હશે, તેથી હું અત્યંત દુઃખી થાઉં છું

ઇન્ડિયા ઓફીસ—લંડન,
૧—૪—૨૨

ઈ. એસ. અન્નુ ટોમસ

૩૨

તમારા પૂજ્ય ગુરુમહારાજના અવસાનના ખેદજનક ખબરના તાર મળતાંજ મેં લખેલ પત્ર તમોને જરૂર મળી ગયો હશે. તે ખબર મને આઘાત સાથે મળ્યા હતા, કારણ કે એમને મળવાનું માન તેઓએ મને પ્રાપ્ત કરાવ્યું હતું તે મિત્રતાનો પત્ર ત્યાં સુધી લાભ લેવાની મેં જાળવી રાખી હતી.

ઇન્ડિયા ઓફીસ વ્હાઇટેહૉલ,
લંડન, તા. ૨૮—૪—૨૨

ઈ. એસ. અન્નુ ટોમસ

પ્રકરણ ૧૦ મું



વિદ્વાનોએ લખેલ ૮૪ જીવન પરિચયો

૧

શ્રી વિજયધર્મસૂરિ

(લેખક—ડૉ. સ્ટેન કૉનો, [illegible]-નોર્વે)

જે સમાચાર અને હિંદુસ્તાનથી મળ્યા છે તે પ્રમાણે આ વર્ષની ૫ મી સપ્ટેમ્બરની પ્રાતઃકાળમાં તેઓએ છેલ્લો શ્વાસ નાખ્યો છે. તેમનું નામ યૂરોપીઅન વિદ્વાનોમાં સુપ્રસિદ્ધ હતું કે જેઓમાંના ઘણા તેમને પોતાના અંગતમિત્રોમાંના એક ગણતા હતા. જે જે બોધને તેમની સાથે કંઈ પણ જાતનું કામ પડતું અને તે ઉપરાન્ત જે જે જૈનીઝમ અને આધુનિક હિંદુસ્થાનના ધર્મની પ્રગતિમાં ભાગ લેતા હતા તે બધાઓ, એમના અવસાનના સમાચાર ઘણી દિલગીરી પૂર્વક સાંભળશે. તેઓ ડૉ. એફ. ડબલ્યુ. થોમસની સાથે સમ્મત થશે કે જેઓ, મિ. એ. જે. સુનાવાળાએ લખેલ મહાત્માના જીવનચરિત્રની પ્રસ્તાવનામાં આમ લખે છે—

"આ પુસ્તકમાં વર્ણન કરેલ અમત ગુણ એમના ચરિત્રનો અદ્વિતીય પ્રભાવ, એમની ગંભીર પ્રજ્ઞા, એમની મહાત્માને યોગ્ય મહેરબાની અને મૃદુતા કે જે આ મહાત્માને માટે સ્વાભાવિક છે આ ગુણોની અપેક્ષા ન રાખીએ તો પણ એમની સરળતા અને ઉદાર દૃષ્ટિ એમના સૌથી વધારે વિશિષ્ટ લક્ષણ તરીકે પસંદ કરીએ. એમનાં કામો બહુવિધ હતાં. એટલું જ નહિ પરન્તુ તેઓ પાશ્ચાત્ય વ્યક્તિઓ અને પાશ્ચાત્ય પદ્ધતિઓનું હાર્દિક સન્માન કરતા હતા. કારણ કે તેઓ ઘણી રીતે વિદ્વાનોના કામમાં મદદ કરતા હતા, અને પોતે તે વિદ્વાનોના ક્રિટીકલ સિદ્ધાન્તો સ્વીકારતા હતા. એવી રીતે તેઓ જૈન ધર્મ અને પાશ્ચાત્ય સભ્યતાની વચમાં એક સાચા દલાલ તરીકે કામ કરતા હતા. અને બીજી બાજુમાં તેમની પોતાની શોધખોળ સૌથી ઉંચી કક્ષામાં

નકમાર નીકળી હતી. એનું પ્રમાણ એ છે કે તેમને પછી ધર્મસમ્મેલનમાં મેમ્બર બનાવવામાં આવ્યા હતા, અને મહત્ત્વપૂર્ણ હિસ્સો આપવામાં આવ્યો હતો. છતાં એમ ન સમજવું જોઈએ કે તેઓ પોતાના ધર્મની બાબતે સ્થિર નહિ હતા. ઊલટું પશ્ચિમની સભ્યતાનો એમને તેઓ પોતાના ધર્મ ઉપરની શ્રદ્ધામાં વધારે મજબૂત થતા હતા.

સમસ્ત આચાર્યોમાં, જે સૌથી ખાસ પ્રસિદ્ધ થયા તેમનો ઉલ્લેખ નહિ હતો. તેઓ કાઠિયાવાડમાં આવેલ મહુવાના એક સાધારણ જૈન કુટુંબમાં ઉત્પન્ન થયા હતા અને ત્યારે એમનું નામ મૂળચંદ હતું. તેઓ ઇ. સ. ૧૮૬૮ માં જન્મ્યા હતા. એમના પિતા રામચંદ્રને ૪ છોકરા ને ૪ છોકરીઓ હતી. છોકરાઓમાં મૂળચંદ સૌથી નાના હતા અને સ્વ. એલ. પી. ટેસિટોરીના મત પ્રમાણે (વિજયધર્મસૂરિ એ જૈનાચાર્ય ઓફ ધી પ્રેઝન્ટ ડે આવૃત્તિ ૧૯૧૭) એમના બાપ આજ કરતાંયે એમની કેળવણી માટે જરા પ્રયત્ન કરતા હતા. કંઈક અભ્યાસે તેઓ 'ચિંતામણિ' નામના ... કવિએ તેના ... જરૂર કર્યા છે એ ... નામના છોકરાની સાથે, એક રખડતા છોકરા તરીકે જોવા મળતા હતા. અને જ્યારે તેમના પિતાને ખબર પડી કે તેઓ ... ત્યારથી તેમને સ્કૂલમાં મોકલવાને બદલે પોતાની દુકાનમાં રાખ્યા.

પરંતુ આ છોકરાને કામ કરવું ગમતું નહિ. ... જુગાર રમવામાં તેઓ ખૂબ હોશિયાર હતા અને ગમે તે પ્રકારે તે પોતાની ઉત્કંઠાને શાંત કરતા, કે જે ગમે તે ભોગે ઘણીવાર તેઓ ઘણા પૈસા ગુમાવતા હતા.

એક દિવસે, ઘણા પૈસા ખોયા પછી તેમને એમના પિતાનો ઘણો કોપ આવ્યો. તેમના ઠપકામાં જ ... ઈશારા થયો છે તેનું કારણ

જ હતું જો કે એમને બરાબર કેળવણી નહિ મળી હતી અને જો તેમનું મન કોઈ ગંભીર વિચાર કરતાં વધારે રમતમાં તલ્લીન હતું તો એમના હૃદયમાં આધ્યાત્મિક સત્ય માટે તીવ્ર પ્રેમ ઉત્પન્ન થયો હતો કે જે પ્રેમના કારણે હિંદુસ્તાનની સભ્યતાના જૂના વખતથી ઘણા યુવકો ઘરબાર છોડી દઈને આધ્યાત્મિક શોધમાં નીકળી ચૂક્યા છે

તેઓએ વાણી અને સંસારની અનિત્યતા સંબંધી વિચાર કરવા માંડ્યો એથી એમને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને સંસારના રાગ-દ્વેષને દૂર કરવાની પ્રેમ વધારે તીવ્ર થયો

અને છેવટે તેઓ ગુપ્ત રીતે ઘર છોડી ચાલ્યા ગયા, અને એવા ગુરુની શોધમાં કે જેઓ તેમની પ્રચ્છિન્ન શક્તિની શોધમાં, ભાવનગર ગયા. ત્યાં મુનિરાજ વૃદ્ધિચંદ્ર બિરાજતા હતા કે જેમનાં વ્યાખ્યાનોથી આમના દિલમાં બહુ મોટી અસર થઈ તેમની આગળ આગ્રહે વિનંતિ કરી કે મને દીક્ષા આપો પરંતુ એમના પિતાની અનુમતિ સિવાય એમની વિનંતિ સ્વીકારવાને તૈયાર ન થયા

રામચંદ્ર (પિતા) એ આપવા ન હતા. પરન્તુ છેવટે યુવકના આગ્રહથી તેમની વિનંતિ માન્ય કરી અને ૧૨ મી મે ૧૮૮૭ એ દીક્ષા આપવામાં આવી અને ધર્મવિજય નામ રાખ્યું

પ્રારંભમાં આ યુવક સાધુ માત્ર ગોચરી પાણી લાવવામાં સમર્થ હતા. પરન્તુ ધીમે ધીમે અભ્યાસ કરવા લાગ્યા, અને એમની કેળવણીના અભાવથી ઉત્પન્ન થએલી મુશ્કેલીઓને છતીને તેઓ સારી રીતે આગળ વધ્યા અને ધીરે ધીરે સંસ્કૃત અને પ્રાકૃત કે જે જૈન સાહિત્યની મુખ્ય ભાષાઓ છે તેમાં સારું જ્ઞાન પ્રાપ્ત કર્યું બહુ ઉત્સાહ પૂર્વક તેઓ જૈન આગમના અભ્યાસમાં ઉતર્યા અને એની સાથે વાદ-વિવાદમાં શક્તિવાન થયા અને એ સારા વ્યાખ્યાતા પણ થયા. તેઓ એમના ગુરુના

સૌથી ન્હાના શિષ્ય થયા. અને જ્યારે ગુરૂજીએ મરણ કર્યું, ત્યારે ૧૮૯૩ માં સ્થિરતા સાધુ અને ધર્મગુરૂ તરીકે દુનિયામાં પ્રવેશ કર્યો.

આ વખતથી તેઓએ એક વિચરતા અભ્યાસી તરીકે જીવન શરૂ કર્યું અને એમના વિહારમાં, જૈનસાધુઓના પુરાણા નિયમ પ્રમાણે ખાસ ચોમાસામાં સ્થિરતા કરી.

ધીરે ધીરે એમના મનમાં એક કલ્પના થઈ કે હું મારૂં જીવન જૈનધર્મના ઉદ્ધાર અને ફેલાવો માટે જ. તેમણે સ્પષ્ટતાથી જોયું કે માત્ર વ્યાખ્યાન આપતા વિચરવું એટલીજ જરૂરત નથી, પરન્તુ પુરાણા જૈન શક્તિનો અભ્યાસ કે જે લગભગ ભૂલી જવામાં આવ્યો હતો; તેમાં ધ્યાન દેવરાવવું અને બીજાઓને પણ આ કાર્યમાં સાથ લેવા તૈયાર કરવા અને તે માટે કેળવણી આપવું એ ખાસ જરૂરી છે.

આ ખાસ મનમાં રાખીને તેમણે ઈ. સ. ૧૯૦૨ માં ગુજરાતમાં આવેલા માંડલમાં યશોવિજય જૈન પાઠશાળા નામની પાઠશાળા સ્થાપન કરી. પરન્તુ વધારે સંતોષકારક પરિણામ મેળવવા માટે તેમને એમ લાગ્યું કે એક સારા કેન્દ્રસ્થાનમાં સ્થાપીને કામ કરવું વધારે સારૂં છે અને તેથી આ કામ માટે તેમણે બનારસને ખાસ પસંદ કર્યું.

એમને ખબર હતી કે આ ખાસ સાહસ કરવામાં મોટી મુશ્કેલીઓ ઉપસ્થિત થશે. બનારસ, એ બ્રાહ્મણોના (સંકુચિત વિચારના) હિંદુઓનું મુખ્ય સ્થાન હતું અને સૌથી મોટા પવિત્ર મત પ્રમાણે જૈનો ધર્મભ્રષ્ટ, અને નાસ્તિક ગણાતા. અને તેથી ધર્મવિરુદ્ધના શિષ્યોને ત્યાં નહિ જવા માટે ઘણું કહ્યું. પરન્તુ એમના મનમાં નિશ્ચય થયો હતો કે અનુક્રમ ઈ. સ. ૧૯૦૩ માં તેઓ બનારસ આવી પહોંચ્યા.

રસ્તામાં તેઓએ, ખાસ કરીને એવી જગાઓમાં કે જ્યાં શ્રીમંત ઘણા લોકો ભેગા થતા હતાં ત્યાં જાહેર વ્યાખ્યાનો આપવાં શરૂ કર્યાં

અને એમની વક્તૃત્વ કળાથી દિવસે વધતી જતી એવી સાંભળનારાઓની સંખ્યા આકર્ષિત થઈ સાંભળનારાઓને જૈનધર્મી બનાવવા માટે મહેનત ન કરી. પરન્તુ પ્રારંભમાં એવી ખાતરી આપવા માટે પ્રયત્ન કર્યો કે જૈનધર્મના સિદ્ધાન્તો હિંદુ ધર્મના સિદ્ધાન્તોની સાથે મળે છે.

એમની વક્તૃત્વ કળા અને સરળતા ફેલી ગઈ. એમની કીર્તિ આખા શહેરમાં ફેલાઈ અને મહારાજા કાશીનરેશે પણ એમને મહેલમાં બોલાવ્યા કે જ્યાં રાજા અને વિદ્વાન પંડિતોની એ સભામાં તેમણે જૈનધર્મના સિદ્ધાન્તો જાહેર કર્યા. જે દ્વેષભાવ એમના માટે વિદ્યમાન હતો, તે જલદી દૂર થયો અને તેમણે હિંદુ ધર્મના મોટા નેતાઓમાં પણ મોટું માન મેળવ્યું.

એક જૂના ખંડેરવાળી ધર્મશાળામાં ૬ મહીના પસાર કર્યા પછી પોતાની પાઠશાળાને માટે એક ભવ્ય મકાન મુસલ્માનો પાસે ખરીદ્યું કે જેને માટે મુંબઈના ગૃહસ્થોએ જોઈતા પૈસા આપ્યા. આ કૉલેજ ગમે તે ધર્મ અને ગમે તે જાતિના વિદ્વાનોને માટે ખુલ્લી હતી અને વિદ્યાર્થીઓની સંખ્યા જલદી વધતી ગઈ. બે વર્ષ પછી હેમચંદ્રાચાર્ય જૈન પુસ્તકાલય નામનું જૈન પુસ્તકાલય આ કૉલેજની સાથે જોડવામાં આવ્યું હતું કે જેની સંભાળ ધર્મવિજયના યોગ્ય શિષ્ય ઇન્દ્રવિજયજી રાખતા હતા. ઇ. સ. ૧૯૧૧ માં ધર્મવિજયજીએ, અલ્લાહાબાદમાં ભરાએલ કુંભ મેળાના પ્રસંગે થયેલા સનાતન ધર્મ મહાસભાનું આમંત્રણ સ્વીકાર્યું. આ પ્રસંગે આખા ભારતવર્ષના વિદ્વાનો ભેગા થયા હતા અને તેથી ધર્મવિજયજીને પોતાના પ્રચાર કાર્ય માટે સારી તક મળી. એમના ભાષણોની ભારી અસર થઈ અને હિંદુઓમાં જૈનધર્મ તથા જૈનતત્ત્વજ્ઞાન તરફ વધારે ઉત્સાહ જાગૃત થયો.

ચોમાસા પછી તેઓએ મગધ કે જે જૈન ધર્મનું જૂનું સ્થાન છે તે તરફ પ્રસ્થાન કર્યું અને કલકત્તા સુધી વિહાર કર્યો કે જે

ક્રમશે તેઓ નદીઆ પણ ગયા અને ત્યાંના પ્રસિદ્ધ નૈયાયિકોની સાથે ધર્મ અને તત્ત્વજ્ઞાનના વિવિધ પ્રશ્નો પર ચર્ચા કરી.

ઈ. સ. ૧૯૦૮ માં તેઓ પાછા બનારસ ગયા અને તેમની પહેલાંની મહેનત નકામી નહિ ગઈ હતી, તે તરતજ માલૂમ થયું. કારણ કે ત્યાં અત્યારે જરા પણ દ્વેષ ભાવ નહિ હતો. ઊલટું પંડિતોએ અત્યંત માનથી એમનું સ્વાગત કર્યું અને ૨૧ મી ઓગસ્ટ તેઓ યશોવિજય પાઠશાળા નામની જૈન કોલેજમાં બનારસના મહારાજાના પ્રમુખપણા નીચે મેળા થયો ને એમને શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય નું પદ આપ્યું. આ વખતે એમનું નામ વિજયધર્મ એ પ્રમાણે બદલાયું અને સૂરિ પદ મેળવ્યું.

બનારસમાં પશુઓ માટે એક હોસ્પિટલ, જેને પાંજરાપોળ આપણા પ્રદેશમાં કહે છે તે સ્થાપન કરીને ઈ. સ. ૧૯૧૧ માં પાછા ગુજરાત તરફ આવ્યા. ભાવનગરમાં તેમણે એક પુસ્તકાલય અને એક ફ્રી ડિસ્પેન્સરી સ્થાપન કરવા માટે ઉપદેશ કર્યો અને શરૂ કરાવ્યું અને ત્યાંથી પણ મહિનામાં આવેલા પાલીતાણામાં યશોવિજય જૈનગુરુકુળ નામની સંસ્થા ખોલવા માટે ઉત્તેજન કર્યો.

રાજપૂતાનામાં જે જૂનાં પુસ્તકો જૈનમંદિરો અને પુસ્તકભંડારોની ખરાબ સ્થિતિ હતી તે જોઈ તેમને બહુ દુઃખ થયું હતું. ત્યાં તેઓએ ડૉ. હર્મન યાકોબીની મુલાકાતના પ્રસંગે એક જૈન લીટરરી સોસાયટી સ્થાપીને તે પ્રકાશ ચાલુ કરી. આ સોસાયટી ૧૯૧૪ના માર્ચમાં મળી હતી. અને તે પ્રસંગે જૈન પ્રતિમાના અભ્યાસ અને પુરાણા જૈનલિપિ શિલાલેખ ઉદ્ધાર માટે શું કરવું એ ઉપર ચર્ચા કરવામાં આવી. જે પ્રસંગે જૈન ધર્મના યુરોપીઅન અભ્યાસીઓમાંનો એક યુરોપના ઘણો પ્રસિદ્ધ વિદ્વાન્ મોજુદ તેજ વખતે આ ઓફીસ થયા વતી હતી, એક વિજયધર્મસૂરિની મુનિપણાનું વર્ષ છે હિંદુસ્તાન અને યુરોપના

વિદ્વાનોનો સહકાર વધારવા માટે તેઓ હમેશાં ઉત્સાહી હતા અને આ વિષયમાં તેઓ પોતે આદર્શભૂત હતા કારણ કે જે જે વિદ્વાનો એમની આગળ મદદ માટે વિનંતિ કરતા, તેઓ તેમને મદદ આપવાને હમેશાં તૈયાર રહેતા.

પાશ્ચાત્ય ક્રીટીકલ અને ઐતિહાસિક પદ્ધતિઓ ગ્રહણ કરી, તે તેમના જૈન ધર્મના પ્રચાર કરવાના કામને ઉપયોગી થશે, એવી એમની ખાતરી હતી. એમના પોતાના ધર્મ ઉપર તેમને જે શ્રદ્ધા હતી, એમાં એક વાર પણ તેઓ ભયભીત નથી થયા, અને તેજ માટે ? ? શોધખોળથી જૈનધર્મના ઇતિહાસ અને હિંદુસ્થાનનું ધાર્મિક જીવન વધારે સારી રીતે જાણી શકાય, તે શોધખોળનું તેઓ હમેશાં અનુમોદન કરતા અને ઉત્તેજન આપતા.

એક સંગ્રાહક તરીકે પાશ્ચાત્યોના સહાયક તરીકે અને આ ખ્યાતા તરીકે જે કામ વિજયધર્મસૂરિ કરતા હતા તે ઉપરાંત જૈનધર્મના સિદ્ધાન્તો અને ઇતિહાસનું જ્ઞાન જેવી રીતે, એવાં ગ્રન્થો પણ તેઓ બહુ લાભ લેવા દેતા. એ દેખીતુ છે ઇ. સ. ૧૯૦૪ માં તેઓએ યશોવિજયજૈનગ્રન્થમાલા નામની સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથોની સીરીઝ શરૂ કરી, કે જેમાં ઘણા મહત્ત્વના ગ્રન્થો જાહેરમાં આવ્યા, અને તે દ્વારા દુનિયાને ભેટ ધરવામાં આવી છે.

તે ઉપરાંત તેમણે પોતે જૈનધર્મ સંબંધી કેટલાક ગ્રંથો અને નિબંધો લખ્યા, હેમચંદ્રાચાર્યનું યોગશાસ્ત્ર એડિટ કર્યું અને એવામાં આવેલ દેલવાડા ગામ, કે જેમાં પહેલાં ઘણા જૈનમંદિરો હતાં, અને એક નગર હતું તે સંબંધી પણ વિદ્વાનોને માટે ખરેખર યોગ્ય, એવું એક આર્કીઓલોજિકલ મોનોગ્રાફ (પ્રાચીનતત્ત્વ સંબંધી નિબંધ) લખ્યું છે.

પરન્તુ મુખ્યત્વે તેઓ તીર્થંકરોના એક સંપૂર્ણ ચારિત્ર અનુયાયી

હતા અને આજનો (જૈનધર્મ) ઉદ્ધાર કરેલ, એ એમના કાવ્યનું મુખ્ય કામ હતું ઈ. સ. ૧૯૧૧ થી હિંદી અને ગુજરાતી ભાષામાં છપાતા એક પાક્ષિકપત્ર દ્વારા, પોતાના મિત્ર કામની સહાયતાને માટે તેમજ પોતાના શિષ્યોને જૈનધર્મની વધારે શુદ્ધ અને ઓજસ્વિતા વાળ બધ જાય માટે તેમણે પ્રયત્ન શરૂ કર્યો હતો. આ પત્રમાં છપાયેલ એમના મુખ્ય લેખો ધર્મવિચારના નામના એક ગુજરાતી ગ્રંથમાં ભેગા કરવામા આવેલ છે. તે જૈનધર્મનો એક સર્વસાધારણ ઉપોદ્‌-વિવેચન કરે છે

હવે એક વાત ખાસ નોંધ લાયક છે અને તે એ કે શ્રીવિજય ધર્મસૂરિએ, હિંદુસ્તાનના એક જૂના ધર્મના પુનરુદ્ધાર માટે જે શ્રમ ક્યું છે તે કામ, આધુનિક હિંદુસ્તાનમાં તદ્દન અદ્વિતીય નથી, એટલા માટે કે આધુનિક હિંદુસ્તાનમાં જે જાગૃતિ, અને પ્રયત્નો ચાલી રહ્યા છે એને માટે વિજયધર્મસૂરિનું કામ અને શ્રમ અદ્વિતીય લાક્ષણિક છે

આપણે એમ જાણીએ છીએ કે ઓગણીસમી સદીના પહેલા દાયકાઓમાં, વિવિધ મિશનોના પ્રચાર વિચારો અને સંસ્થાઓ હિંદુસ્તાનમાં બેસી ગયા હતા. અને હિંદુસ્તાનના કેટલાક ઉત્તમ પુરુષોના મન ઉપર પશ્ચિમી અસર થઈ હતી. ધીરે ધીરે યુરોપીય જ્ઞાન અને મિશનરી આદર્શ સીધી અથવા આડકતરી રીતે સ્વીકારવામાં આવવા લાગ્યું હતું અને તેથી આજના હિંદુસ્તાનના લોક અને સરકાર અંગ્રેજોના અમલ પરિણામથી હિંદુસ્તાનના તત્ત્વજ્ઞાનમાં પશ્ચિમના યુરોપીય વિચારો પ્રવેશ કરવા લાગ્યા

બ્રહ્મસમાજમાં પાશ્ચાત્ય અને પૂર્વદેશીય સભ્યતાના સમિશ્રણનો દેખાવ માલૂમ પડે છે, અને તેમાં સંભાવના હતી કે તેમાં યુરોપીય સભ્યતાનો પ્રવેશ વધારે થાય. એનું એ પ્રમાણ છે કે—જે ઘણા કવિઓએ અને દાર્શનિકોમાં અભ્યાસ કરતાં તેઓ પોતાને અંગ્રેજ સભ્યતાના

અનુયાયી બતાવવામાં ગૌરવ સમજતા, અને એમ ચાહતા પણ કે બીજાઓ પણ એ માર્ગનું અનુસરણ કરે.

વીસમી શતાબ્દિમાં, હિંદુસ્તાનમાં યુરોપીઅન સભ્યતાની અસર થઈ છે એ માનવાનાં અનેક કારણો છે પરન્તુ હિંદુસ્તાનની સભ્યતાના આજ કાલના નેતાઓ એવી આશાએ નથી રાખતા અને એમ ચાહતા પણ નથી કે રાજનીતિના વિષયમાં કે સભ્યતાના વિષયમાં હિંદુસ્તાનમાં પ્રધાન અસર થાય. જે યુરોપીઅન પદ્ધતિઓ, દેશી પદ્ધતિઓ કરતાં વધારે સારી છે તે પદ્ધતિઓ સ્વીકારવામાં વાંધો નથી, પરન્તુ હિંદુસ્તાનના સંસ્કારો નષ્ટ થાય એવું તો ન થવું જોઈએ, એમ તેઓ માને છે. ઊલટું આ પદ્ધતિઓ માત્ર જે જે વિચારો વિગેરે પશ્ચિમી શતાબ્દિઓ સુધી પરદેશીય લોકોની સાથે વ્યવહાર રાખવા વધારવામાં આવ્યા છે એવા વિચારોથી હિંદુસ્તાનની સભ્યતાને શુદ્ધ કરવામાં વાપરવી યોગ્ય છે.

હવે યુરોપીઅન આમસ્તા સંબંધમાં આજ કાલ તો ઘણી જાગૃતિ જણાય છે. બીજા દેશોની તુલનામાં હિંદુસ્તાનના લોકોને હવે આધ્યાત્મિક અને રાજનૈતિક દૃષ્ટિએ સ્વદેશાભિમાન જાગૃત થયું છે. પુનઃ એક વાર એક દેશને સિદ્ધાન્તભૂત આજકાલ બનાવ્યો છે અને આ સર્વસાધારણ ભાવનામાં સ્વર્ગવાસી વિજયધર્મસૂરિનું અભિવાદન બરાબર સ્થાને છે. જે સ્વદેશી આદર્શ અને પ્રભો તરફ આધુનિક જાગૃતિમાં તેઓ એક અસાધારણ પુરુષ કામ કરનારા હતા, કે જેમના મનમાં હિંદુસ્તાનના પુરાણા તત્ત્વજ્ઞાનિયોએ પ્રવેશ કરેલ મૌજૂદ હતું. અહિંસા અને પરોપકાર એ એમની બીજી બાજુમાં તેઓ જે અસાધારણ ઉત્સાહ રાખતા હતા, તેમાં આશ્ચર્ય ક્રિશ્ચિયાનીટીની અસર હશે, પરન્તુ મુખ્યત્વે તેઓ એક સાચા હિંદુસ્તાની લાગે છે અને જે ઊંચી જાતના આધ્યાત્મિક ગુણોથી હિંદુસ્તાનનું નામ બધા સભ્ય દેશવાસીઓમાં પ્રિય થઈ પડ્યું છે તે ગુણોના તો તેઓ એક પ્રતિનિધિ હતા.

હિંદુસ્તાનના જૈનોએ વિજયધર્મસૂરિના અવસાનથી એક ભારે નુકસાન અનુભવ્યું છે અને તેઓના કુટુંબમાં યુરોપીયન શિષ્યો આજ બે છે પરન્તુ જે કામ તેઓએ શરૂ કર્યું છે તે કામ માટે ઉત્તમ શિષ્યોને તેઓએ તૈયાર કર્યા છે અને એવા હાથમાં તેઓએ, જે ઉત્સાહ ભર્યું છે કે તે શિષ્યો વધુ કરીને આગળ ચલાવવામાં આવશે.

(ઓરાબિઓસ્ફિરેનિયા મારી.)

૨

વિજયધર્મસૂરિ.

(ડૉ. એફ. ડબલ્યુ. થોમસ. ૪ ઈંડીઆ ઑફિસ, વાઈટ હૉલ.)

તા. ૫ સપ્ટેમ્બર ૧૯૨૨ ના દિવસે થયેલા વિજયધર્મસૂરિના અવસાનથી જૈનસંઘ તથા હિંદુસ્તાનની સમસ્ત પ્રજાને ન સુધારી શકાય એવું અસહ્ય નુકસાન થયું છે. તેઓ સંપૂર્ણતાથી એક આદર્શ તથા સાધુજીવનના પુરાણા આદર્શને પૂર્ણ કરતા હતા, અને સમ-દેશવર્તિ મહાત્માની અને ઊંડુ જ્ઞાન, એ એમના માટે બહુમૂલ્ય હતાં. એમના ગ્રન્થોથી તથા તેમના જુદાં જુદાં કામો ને દરેક દ્રષ્ટિથી તેમને એમની પોતાની સમાજમાં એક અસાધારણ પ્રતિષ્ઠા અને જનસમાજથી બાહર બહુમાન યુક્ત અનુમોદના મળી હતી. જે તેમનું આયુષ્ય હજુ પૂરું ન થયું હત, તો તેઓની અસર આથી પણ વધારે થઈ હત. જૈનધર્મ એ હિંદુસ્તાનમાં સૌથી પુરાણું દર્શન છે. અને આ દર્શન એવું છે કે જેમાં એક આદર્શ ચારિત્ર, નીતિ અને ન્યાય યુક્ત વર્તમાન ભરેલાં છે. આ જૈનધર્મ હિંદુસ્તાનના શિક્ષિત લોકોને કે જેઓ આજ ઉચિત દેશભક્તો તથા આધ્યાત્મિક પ્રાચીન ઇત્યાદિ ધર્મોથી કંટાળી ગયેલા હોય છતાં સ્વદેશી આદર્શને ચાહે છે તેઓને માટે નિર્ભીક પાઠ પૂરો પાડે છે. તે ઉપરાન્ત જૈન સાધુ અને જૈનધર્મીઓના પ્રેમયુક્ત

સત્કાર, એ પણ આજકાલની પરિસ્થિતિમાં આશ્ચર્ય છે. જૂનામાં જૂના પણ જાતનો ફેરફાર કર્યા વિના આધુનિક વિચારો કેવી રીતે મહત્ત્વ કરવા લોકોએ કે બતાવનાર નેતૃત્વ, વિજયધર્મસૂરિના વ્યક્તિત્વમાં જૈનસમાજે પ્રાપ્ત કર્યું હતું અને તેમનું આયુષ્ય લાંબુ હત તો આ વાત તેમણે સ્પષ્ટપણે બતાવી હત.

આ અસાધારણ પુરુષનું જીવન, બે શ્રેષ્ઠ ગ્રંથોમાં લખેલ વર્ણવામાં આવ્યું છે (૧–"વિજયધર્મસૂરિ એ જનાશ્ચર્ય" લેખક ધી પ્રોફેસર ડૉ. એલ. પી. ટેસીટોરી ભાવનગર ૧૯૧૭. ૨–વિજયધર્મ સૂરિ હિઝ લાઇફ એન્ડ વર્ક by એ. જે સુનાવાલા કેમ્બ્રિજ ૧૯૨૨) આ જીવન એક વિસ્તૃત નિબંધને માટે યોગ્ય છે અહિં તો માત્ર સંક્ષેપથી કંઈક લખીએ

તેઓ ૧૮૬૮ માં કાઠિયાવાડમાં આવેલા મહુવામાં જન્મ્યા હતા. તેઓ વીસા શ્રીમાળી જ્ઞાતિના રામચંદ નામના વેપારીના પુત્ર હતા. આ મૂળચંદ નામના એમને, બીજા બે ભાઈ અને ૪ બહેનોના કુટુંબમાં સૌથી નાનો હતો. એની ટેવમાંથી સંબંધી પ્રમાદ થયો હતો. અને તેની નાની ઉમરથી જુગાર રમવાની ટેવ પડી હતી. એ જુગારમાં થયેલું મોટું નુકસાન અને તેના પરિણામે પિતાએ આપેલા ઠપકાથી જુગારનો મદ ઉતરી ગયો અને એક દિવસે તેઓ પ્રતિબોધ પ્રાપ્ત કરવાને માટે ભાવનગર ગયા ત્યાં તેઓ વૃદ્ધિચંદજી નામના જૈનસાધુનું વ્યાખ્યાન સાંભળીને એમને દીક્ષા લેવાનું મન થયું હતું એમના માતાપિતાની અનુમતિ પ્રાપ્ત કરીને તેઓએ તા. ૧૨ મી મે ૧૮૮૭ ના દિવસે આ ક્રમ પૂરી કરી, આ પ્રમાણે એમને ધર્મવિજય નામ મળ્યું આ વખતે તેઓ માત્ર ૧૯ વર્ષની ઉમરના હતા. આ પછીનાં વર્ષોમાં તેઓ અભ્યાસ અને વ્યાખ્યાનમાં તલ્લીન રહ્યા, એવી રીતે કે એવી વૃદ્ધિચંદજી એમના ગુરુ પ્રસંગે (૧૮૯૩) આ યુવાન ઉત્સાહીને

એમના પ્રોફેસર (ધ્યપર) તરીકે જાહેર કર્યા. સાધુઓના એક સમુદાયના પ્રમુખ તરીકે તેઓ, વ્યાખ્યાન કરતા કરતા અને જૈનધર્મનો અભ્યાસ કરતાં કરતાં, કાઠિયાવાડ અને ગુજરાતનાં ગામડાંમાં અને નગરોમાં વિહાર કરવા લાગ્યા. એક ચોમાસુ તેમણે પોતાના શાળામાં કર્યું ત્યાં તેઓએ તેમની માતાથી, કે જેઓ ઉમરલાયક વિધવા હતાં, તેમને અને તેમના બીજા સગાંઓને જોયાં હતાં. પરંતુ સાધુ હોવાના કારણે તેઓ આ લોકોને ન ભેટી શક્યા, અને ન પ્રેમ બતાવી શક્યા. વિજયધર્મસૂરિ અનેક સંસ્થાઓના સ્થાપક થયા. જેમાં પોતાના શાળામાં આ પ્રસંગે સ્થાપન કરેલી પાઠશાળા, એ સૌથી પહેલી સંસ્થા હતી. અહિં તેમને એક એવો વિચાર સ્ફુર્યો કે એક એવી પાઠશાળા સ્થાપન કરવી કે જેમાં સંસ્કૃત પ્રાકૃત અને જૈનધર્મનો અભ્યાસ કરાવવામાં આવે.

તે પછી ૧૯૦૨ માં ગુજરાતમાં આવેલા માંડલમાં આવી સંસ્થા સંબંધી મનસ્થાગ્રહ કરવામાં આવ્યું કે જેનું નામ શ્રી વિજય પાઠશાળા રાખ્યું. પરન્તુ અભ્યાસને માટે ધર્મશિક્ષણ અર્થે બનારસથી મોટી કલ્પનાઓ હતી અર્થાત્ બનારસ કે જ્યાં હિંદુ ધર્મનું કેન્દ્રસ્થાન છે ત્યાં આ સંસ્થાને લઇ જવા માટે એમના બીજા સાધુઓની સાથે બે ચાલીને રવાના થયા. રસ્તામાં ઘણું કષ્ટો પામ્યા. એમાંનું એક એ હતું કે રસ્તામાં આવતાં આર્કેટ લોક જૈન સાધુ ઉપસ્થિત નિયમો નહિ જાણતા હતા. વિશેષમાં બનારસ કે જ્યાં જનો તરફ વધુ દ્વેષ ભાવ મોજુદ હતો અને જ્યાં ૧૯૦૨ માં તેઓ પહોંચ્યા હતા, ત્યાં બીજા ઘણા કષ્ટો સહન કરવાં પડ્યાં હતાં. પરંતુ મુનિમહારાજે બે ઉદાર ગૃહસ્થોની મદદથી એક એવું મકાન ખરીદવામાં આવ્યું હતું કે જેમાં ઉપર્યુક્ત કોલેજ રાખવામાં આવી, અને ત્યાં સારી રીતે પ્રગતિ કરી. હેમચંદ્રાચાર્ય જ્ઞાન પુસ્તકાલય નામનું એક પુસ્તકાલય પણ ત્યાં સ્થાપન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ધર્મ

વિજયજીનાં વ્યાખ્યાનો અને શાસ્ત્રદૃષ્ટિ-અવધાન કુશળતાથી ધર્માન્ધ લોકોનો દ્વેષભાવ ચાલી ગયો, અને બનારસ મહારાજાનું ધ્યાન તેમના તરફ ગયું એટલે કે તેઓ ઈ. સ. ૧૯૦૬ માં અલાહાબાદમાં એમની રહેલી એક વિદ્વાનોની ભવ્ય સભામાં ભાગ લેવાનું આમંત્રણ એમને મળ્યું. તે જ વર્ષે તેઓ મગધ (એટલે કે બિહાર) માં આવેલી જૈન તીર્થોની યાત્રા માટે રવાના થયા અને કલકત્તા સુધી ગયા, કે જ્યાંથી તેઓ પાછા ગયા અને નદિયામાં આવેલા પુરાણા વિશ્વ વિદ્યાલયનો અનુભવ લેવા ગયા. કાશીધરનું સ્થળ જોઈને પણ એમની વિચારથી અહિંસાદિગ્દર્શન નામનો એક હિંદી ગ્રંથ લખવાનું કારણ મળ્યું. બનારસમાં પાછા આવીને પોતાની પ્રવૃત્તિની સંભાળમાં લાગ્યા. ત્યાં તેમને ઈ. સ. ૧૯૦૮ માં અસાધારણ માન મળ્યું અર્થાત્ મહારાજાના પ્રમુખપણા નીચે વિદ્વાનોની એક મોટી સભામાં એમને શાસ્ત્રવિશારદ-જૈનાચાર્ય નું પદ મળ્યું. આ પ્રસંગે એમનું નામ વિજયધર્મ સૂરિ, તેની સાથે સૂરિ (અર્થાત્ મહા પુરુષ) જોડવામાં આવ્યો.

એવી એક પાંજરાપોળ (પશુશાળા) અર્થાત્ પશુઓની હૉસ્પિટલ તેમણે બનારસ ખોલવા આપ્યા (ઈ. સ. ૧૯૧૧ પહેલાં) હતી, કે જે મુસલમાનોને તેના લાંબા વખતથી હિંદુસ્તાનમાં મુસાફરી કરતા આવતા યુરોપિયન મુસાફરોને નવું વિચારવા ઉપજ થતી. વિજયધર્મસૂરિના જીવનના છેલ્લા અગીયાર વર્ષ સંબંધી અહિં માત્ર સંક્ષેપમાં કહી શકીએ.

પશ્ચિમના હિંદુસ્તાનમાં વિહાર કરતાં તેઓ યુ. પી. માં પસાર થતાં આગ્રામાં આવ્યા કે જ્યાં તેઓએ જૈન પુસ્તકાલય અને એક વ્યાખ્યાનું ચોમાસું રાજપૂતાનામાં પણ તેઓએ વિહાર કર્યો હતો, કે જ્યાં ઘણાં જૂનાં જૈન મંદિરો અને જૂના ભંડારો છે કે જેમાં પુસ્ત

ઘણી નબળી અશક્ત સ્થિતિ થઈ ગઈ હતી. ત્યાં તેમણે એક જૈન ધાર્મિક પ્રકરણ જેવી કરવાનું નક્કી કર્યું હતું. તે સભા જોધપુરમાં ૧૯૧૪માં યોજિત થઈ હતી. અને જૈન ધર્મના એક યુરોપીયન અભ્યાસી ડૉ. હર્મન યાકોબીની ઉપસ્થિતિથી શોભિત હતી. આચાર્યના છેલ્લા જીવનના દિવસો પશ્ચિમ હિન્દુસ્તાનમાં ગુજર્યા હતા, જ્યાં તેઓએ ઘણી સંસ્થાઓ સ્થાપિત કરી હતી અને જ્યાં ગુજરાત અને રાજપૂતાનાની પ્રાચીન શિલ્પકલા અને પ્રાચીન ગુજરાતી રાસાઓ વિગેરે સંબંધી શોધનામાં ઉત્સાહ જાગ્રત થયો હતો. ઈ. સ. ૧૯૨૨ ના વર્ષમાં કે જ્યારે આ પંક્તિઓના લેખકને, આચાર્યને મુંબઈમાં જોવાનું થાન બન્યું હતું ત્યારે તેઓ નિરોગ હતા. અને જ્યારે તેઓ ખાનદેશમાં આવેલ ધૂલિયા ગામમાં હતા ત્યારે પણ તેમની તબિયત નરમ હતી. છતાં તેઓ ૧૯૨૧ ના શિયાળામાં આગરા અને ગ્વાલિયર વગેરે પ્રસ્તુત વિહાર કરવા ગયા. પોતાના શિષ્યમંડળ સાથે તેઓ ઉત્તરમાં જવાના હતા. પરન્તુ ગ્વાલીયર સ્ટેટમાં આવેલ શિવપુરી ગામમાં આચાર્યની શારીરિક શક્તિ ક્ષીણ થઈ હતી. ત્રીજા દિવસની બીમારી પછી, પોતાનો અંતકાળ નજીક આવ્યો છે એમ જાણીને તેઓ એક ક્ષણ જેમ મરણ- ત્યાને યોગ્ય સમાધિમાં બેસીને ભીષ્મ ભાવ પછી સ્વર્ગવાસી થયા. શિવપુરીમાં એક સમાધિમંદિર, શ્રીવિજયધર્મસૂરિ પાઠશાળા સાથે સ્થાપિત કરવામાં આવશે.

સાહિત્ય સંબંધી તેમણે એવું કામ પણ કર્યું છે. તેમાં વર્ત-[1] માન સંબંધી વિધિ ભાષામાં લખેલાં પુસ્તકો છે. જેવાં કે—અહિંસાદિ- ગ્દર્શન જૈનતત્ત્વદિગ્દર્શન જૈનશિક્ષાદિગ્દર્શન પુરુષાર્થદિગ્- દર્શન, ઇન્દ્રિયપરાજયદિગ્દર્શન અને ધર્મદેશના ૧ ૨ તેઓને આ રીતે, એક પાક્ષિક પત્રમાં આવેલ નિબંધો સંગ્રહ છે અને સંસ્કૃત પાઠક ૧ ને ભેગામાં આવેલ દેશાય ભાષના પ્રવિદ્વદ અને

શોધખોળના સંબંધમાં લખેલો નિબંધ છે પરન્તુ સૌથી વિદ્વત્તા ભરેલું તેમનું મુખ્ય કામ હેમચન્દ્રાચાર્યના યોગશાસ્ત્રનું એડીશન છે કે જે બિબ્લીઓથીકા ઇંડિકા નામની ગ્રંથમાળામાં બહાર પડ્યુ છે વળી-વિજય જૈનગ્રંથમાળા આ નામથી સ્થાપિત કરેલ સિરિઝ કે જેમાં લગભગ ૮ ગ્રન્થો બહાર પડ્યા છે એ પણ એક વિશાળ કામ છે. આજ બરોબર એમના કામોનું ઉત્તમ સ્મારક છે અને તે આપણે વીસમી શતાબ્દિમાં, ગ્રન્થો અને ગ્રંથમાળાઓ છપાવવામાં, જે અદ્ભુત ઉત્સાહ જૈનોમાં જોઇએ છીએ, કે તેનું મૂળ કારણ બરાબર આપણે શોધી શકતા હત તો માલૂમ પડત કે આ બધું ખરેખર શ્રી વિજયધર્મસૂરિના ઉત્સાહનું પરિણામ છે એમના પ્રકાશિત પુસ્તકો અને એમનું વ્યક્તિત્વ યુરોપીઅન વિદ્વાનોને પરિચિત હતું અને તેઓ જર્મન તથા ઇટાલીઅન એશિઆટિક સોસાયટીઓના ઓનરરી મેમ્બર હતા. એમના મૃત્યુ પ્રસંગે લગભગ હિંદુસ્થાનના તમામ પેપરોમાં તેમના સંબંધી લેખો આવ્યા હતા. અને એમના મરણની ખબર તમામ સ્થળે હતાશાથી વાંચવામાં આવી હતી. એમના ભક્ત અનુયાયીઓ કે જેમાંના સૌથી મોટા ઉપાધ્યાય ઇન્દ્રવિજયજી છે તેઓ એમનું કામ અને એમની ભાવના આગળ ચલાવવા માટે યત્ન કરી રહ્યા છે

(જર્નલ ઑફ ધી રોયલ એશિઆટિક સોસાયટી ઑફ ગ્રેટબ્રીટન એન્ડ આયર્લૅંડ ઉપરથી.)

૩

જુગારના હાથરામાંથી આચાર્યના પીઠ પર

(લેખક—પ્રો. એ. ચક્રવર્તી એમ. એ. આઇ. ઇ. એસ. મદ્રાસ.)

જે ખાસ સભ્યતાના આધુનિક દિવસોમાં દરેક ચીજની કિંમત તેના નાણાં રૂપિયા પ્રમાણે કરવામાં આવે છે તેવા દિવસોમાં એક નિસ્વાર્થ રીતે કામ કરનાર મહા પુરુષ, જેમનો સિદ્ધાન્ત ' સત્ય અને કર્તવ્ય '

હતા, તેમનું જીવન અતિ સાદું ભલું જ સંતોષ થાય છે, કારણ તેમનું માહાત્મ્ય આત્મ મહાત્માઓને આધીન છે. આત્મશક્તિનો સિદ્ધાન્ત એ આત્મોન્નતિનો જ સિદ્ધાન્ત છે ત્રિવિધપરિસ્થિતિ એવી વ્યક્તિઓને માટે જીવનનો અર્થ જાણવાની ચેષ્ટા એજ છે. તેઓ ઈ. સ. ૧૮૬૮ ના વર્ષમાં કાઠિયાવાડના એક વૈશ્ય કુટુંબમાં જન્મ્યા હતા. તેમના પિતાનું નામ રામચંદ અને માતાનું નામ કમળાદેવી હતું જે નાનું બાળક, પાછળથી પ્રસિદ્ધ થયું હતું તેનું નામ મૂળચંદ રાખવામાં આવ્યું હતું. એમના બાળપણમાં અસાધારણતા નહોતી. એમનો સ્વભાવ શાંત નિષ્કુલ અને શરમાળ હતો. અનિયમિત અને ગમગીન હોવાના લીધે તેઓ તેમના માસ્તરને કંઈ પણ જ્ઞાનનો સંતોષ નહોતા આપતા. અને કોઈ વાર સંતોષ આપશે, એમ પણ કોઈને નહોતું લાગ્યું. નિયમ મૂકીને માસ્તરે તેમના તરફની બધી આશા મૂકી દીધી હતી. એમના પિતાએ એમને મદદગાર તરીકે દુકાન ઉપર બેસાડ્યા, ત્યાં પણ બેઠાં કરતાં કંઈ પણ સુધારો થયેલો ન જણાયો. તેઓ કુસંગમાં પડ્યા, એમને જુગારના ઘરમાં પૈસાની ટેવ પડી. અને તેમના પિતાની પેટીમાંથી રકમ ચોરી ઉપાડી લેતા. એક દિવસ એઓ જુગારમાં હારી ગયા. તે બનાવે માતપિતાએ પછી ઠપકો આપ્યો જે કામ, આ કુટુંબની કીર્તિને નાશનું કારણ થયું હતું તે ખરેખર એક સુખદ આશીર્વાદરૂપ નીવડ્યું. એમના માતપિતાનો પ્રેમ એમને તેઓ ખોટી નાખી શક્યા. આ નવી આદત એમને બહુ વિચારવું કારણ બની ગયો અને જીવનમાં આવ્યું સ્થાન. એ બનાવથી તેઓ વિચારશીલ થયા. પછી કંઈ પણ ચોરી કરવી છોડી. એ દુઃખ અને પિતાજીનું મોઢું કારણ છે. એ એમનો દુઃખદાયક અનુભવ હતો. એમને પોતાનાં માતપિતાનો પ્રેમ ઘણો પ્રેમભર્યો સમજાવ્યો નથી. એવા ધાર્મિક વિશુદ્ધ જીવન અતીત થયું. એ એમને પ્રકટ થયું

ને સ્વાભાવિક છે. ભાવનગરમાં રહેનાર શ્રીવિજયધર્મ જેવા વિદ્વાન અને ત્યાગી મહાપુરુષ, કે જેઓ આ યુવાને નિરતિશય પ્રેમથી સત્કારતા હતા, એમને ગુરૂ તરીકે પ્રાપ્ત કરવા એ એમનું સારૂં નસીબ હતું. એમને જૈનસાધુ તરીકે દીક્ષા આપવામાં આવી કે જે જૈનઆચાર્યથી યુરોપીયન વિદ્વાનો આકર્ષિત થતા હતા, તે આશ્ચર્યકારક જીવનની શરૂઆત છે.

દીક્ષા પ્રસંગે—૧૨ મી મે ૧૮૮૭ તારીખે એમનું નામ ધર્મવિજય રાખવામાં આવ્યું હતું. આ વિદ્વાન ગુરૂના શિષ્યપણા નીચે તેઓ જૈન આગમના એક ઉત્સાહી અભ્યાસી થયા. ઇ. સ. ૧૮૯૩ માં એમના ગુરુનો સ્વર્ગવાસ થયો. વિજયધર્મસૂરિ (ધર્મવિજયજી) એમના ઉત્તરાધિકાર થયા. એમનો એકજ સિદ્ધાન્ત હતો, અને તે સિદ્ધાન્ત સત્યની સેવા નો હતો. ખુલ્લા પગે અને ખુલ્લા માથે એમના ભિક્ષાપાત્ર સિવાય બીજી કોઈ પણ જાતની સોબત નહિ રાખતા, તેઓ એક સ્થાનેથી બીજા સ્થાને જવા લાગ્યા. તેથી શાન્તતા પૂર્વક જૈનધર્મની ઘણી સત્ય સારસ્વરૂપ ઉપયોગી–પરોપકારી કાર્યો તથા ચેતી. એમનું એક મોટું કામ બનારસમાં બ્રાહ્મણોનો દ્વેષભાવ હોવા છતાં એક જૈન પાઠશાળા સ્થાપિત કરવી, એ હતું. એમની એકનિષ્ઠ શાન્તતા ધાર્મિક વૃત્તિએ આખરે આ બ્રાહ્મણોનું ચિત્ત ચોર્યું અને તેમનો પ્રેમ પણ પ્રાપ્ત કર્યો. બનારસના મહારાજ, કે જેઓ તેમના કામમાં સારો ભાગ લેતા હતા, તેઓએ આ પાઠશાળાની બહુ પ્રશંસા કરી. બહુ વર્ષો સુધી બનારસમાં રહેલ વિદ્યાલય જૈનસંપ્રદાયનું એક મોટું કેન્દ્રસ્થાન બની રહ્યું. ઇ. સ. ૧૯૦૬ માં ધર્મવિજયજીએ અલાહાબાદમાં ભરાયેલ સનાતન ધર્મ મહાસભા માં ભાગ લીધો. એમની વક્તૃતા થયા અને વિદ્વત્તાએ તેઓએ દરભંગાના મહારાજનું ધ્યાન ખેંચ્યું કે જેઓએ એમને એમના નગરમાં પધારવાનું આમંત્રણ કર્યું. ધર્મવિજયજીએ ત્યાં જઈને બૌદ્ધધર્મ અને જૈનધર્મમાં શું અંતર છે તે સમજાવ્યું કે

જેથી સમયજ્ઞમાં પ્રખર સહેલ બનાવ્યો, જમાના અને વિચારમાં વિશ્વ-
રહને તેઓ જાણતા પાછળ આવ્યા કે જ્યાં તમામ પંડિતો અને વિદ્વાનો
વરસથી તેમનું સ્વાગત થયું. તેઓ ગાંધીજીના મિત્ર હતા, તેથી
એક સમયમાં તેમની વિદ્વત્તા અને જીવન પરોપકારનાં કાર્યો માટે
લોકોમાં જે પ્રશંસાની લાગણી હતી, તેના પરિણામે તેમને " શાસ્ત્રવિશારદ
જૈનાચાર્ય " ની પદવી મળી. જો કે વિજયધર્મસૂરિ મુનિ ચારિત્ર પાળનાર
સાધુઓમાંના એક હતા છતાં જે બાબતો સંકુચિતતા અને અપમાન
વા રહેતી છે એવી નથી બાબતોથી નિર્મળ રહિત હતા. પાશ્ચાત્ય
પદ્ધતિઓમાં તેઓ ઉત્સાહપૂર્વક ભાગ લેતા હતા. ડૉ. થોમસ અને
ડૉ. ટેસિટ જેવા ઓરિએન્ટલ વિદ્વાનો તેમની ઉદારતા, વિદ્વત્તા અને
સરળતા માટે તેમના પ્રશંસક બન્યા હતા. એવો આદર્શ જેવું છું !

સાહિત્ય, ધર્મ અને શિક્ષણના ક્ષેત્રમાં આ મહાન આચાર્યે કરેલાં વિવિધ
પ્રયોગો વર્ણવવા કરવાની જરૂરિયાત નથી. જે સંસ્થાઓ તેમણે સ્થાપિત
કરેલી, અને સંચાલિત કરેલી હતી, તે જે ઢબ તેમણે સાધારણ રીતે
લોકો અને ખાસ જૈનધર્મની ઉન્નતિને માટે કર્યું છે તે પ્રયોગના સ્થાયક
રૂપે છે. તેમનું વ્યક્તિત્વ, આપણા વિચારોને સ્વાભાવિક રીતે વાસ્ત-
વર્ષના મહાન પુરુષો વિશેષ વધુ યોગ્ય બને છે કે જ્યારે મુનિરાજે
સભ્યતાનો પ્રથમ એક સ્થાનથી બીજા સ્થાન વગર-ભ્રમણ દ્વારા પ્ર-
ચારેથી અને નાનામાં નાની મહીનાની ભૂમિકાઓ તરફ જઈ જતા અને
બાળકોને બોધ આપવા, આવા આદર્શનો પુરસ્કાર, હિંદુસ્તાનની નવી
ઉન્નતિ માટે જરૂરી છે.

([illegible])

૪

સ્વ. વિજયધર્મસૂરિ

(લેખક—શ્રી[illegible], મુનશીજી)

ધર્મપ્રેમી એમ જે જીવન ચરિત્ર લખાયું હોય તો શ્રી વિજયધર્મ સૂરિજીના હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી વિવિધ લેખકોએ ઘણા વિસ્તારથી જીવન ચરિત્રો આલેખ્યાં છે. છતાં વિજયધર્મસૂરિનું જીવન નિરખનારને તો એમ જ લાગે કે વિજયધર્મસૂરિ એટલે જૈન ધર્મના મહાન એક ઉપદેશક, સંસ્કૃત–પ્રાકૃત સાહિત્યના મહારથી અને અહિંસા ધર્મની એક જીવંત પ્રતિમા; પરંતુ તે વર્ણન વિજયધર્મસૂરિના આંતર જીવનને પુરેપુરો ન્યાય ન આપી શકે. વિજયધર્મસૂરિ એટલે તો ત્યાગ અને તપસ્વિતાની એક મનોહર મૂર્તિ. વિજયધર્મસૂરિ એટલે અનુકંપા અને સહૃદયતાનો ઉછળતો મહાસાગર, વિજયધર્મસૂરિ એટલે જૈનશાસન પ્રેમનો એક નિરંતર સળગતો રહેલો પવિત્ર હોમાગ્નિ.

મને મારી વિદ્યાર્થી વયમાં તેમનો ઘણો પરિચય થયો હતો. હું તેમને મારા ગુરુ માનતો અને કેટલાક વિવાદાસ્પદ પ્રશ્નોમાં તેમની સામે હોવા છતાં તેમના પ્રત્યેનો મારો પૂજ્યભાવ લેશમાત્ર ઓછો થયો નથી. મારા જીવનની પુરાણી સુમધુર સ્મૃતિઓમાં જ્યારે મધ્યસ્થાને ભક્તિ અને પ્રીતિના સિંહાસને શ્રી વિજયધર્મસૂરિ વિરાજી રહ્યા છે. હું જ્યારે જ્યારે મારા ગત જીવનનાં પાનાંઓ ફેરવું, ત્યારે ત્યારે તેમની પુણ્ય પ્રભાવવતી જીવન પ્રતિમા સ્તબ્ધ બની જોઈ રહેવાનો અને તેમના ચરણે માથું નમાવીને જ ત્યાંથી આગળ વધવાનો. શ્રીવિજયધર્મસૂરિ માત્ર આગમ પંડિત કે તપસ્વીજ નહોતા. તેઓ એક અજબ પ્રકારની કલ્પનામાં ભમતા હતા. શ્રીમંતોમાંથી અહંકારને કેમ ઓછો કરવો તે તેમને આવડતું હતું. અહિંસાના ક્ષેત્રે અને જગતોમાં

રચનાવાળા દેરાસર બાંધવાને તેમણે ભક્તિ અને મનુષ્ય બનાવી દીધ
છે. જૈનસમાજના ઘણા વિદ્વાનો અને અભ્યાસીઓ સીધી આવા મા-
હિતી રીતે તેમના ઉપકાર નીચે છે.

સમેતી શિક્ષણવિભાગ જૈનપાઠશાળા એ તેમના ક્ષેત્રની પ્રથમ
ઘટના છે. એ પાઠશાળાની આસપાસ શિક્ષણપરંપરિત ક્ષેત્રનો મોટો
ભાગ રચાયેલો છે એ પાઠશાળાની સ્થાપનાનો નિર્ણયો અને ત્યારનો
પ્રતિબંધ, શીક્ષણની આગવાની, શાસ્ત્રીઓનો અને આગમ ઉપરનો
પ્રતિબંધ છે. આજની સ્થાપના, એ ઘટના તેમના અને સાંપ્રદાયમાં નઈ
નાખી છે પણ એની પાછળનો એમનો આશાવાદ, એમની એકનિષ્ઠ
અને એમનો વીરોલ્લાસ એ પ્રતિભાની એક અદ્ભુત સાક્ષીરૂપ નથી
રહેવાની. જૈનસમાજમાં ભિન્ન નવી નવી પ્રવૃત્તિને પાઠશાળાનો સાથ છે
અને આ પાસે એ ભિન્ન પ્રવૃત્તિ પ્રાચીનની સંસ્થાઓ જ એ છે અને
આગળ વધે અને છે જૈનધર્મના પ્રતિભામાં તે નવું અક્ષરનું સ્થાન
નહિ પામે. શિક્ષણવિભાગ પાઠશાળા અને અન્યપ્રકાશન સંસ્થા એ
જૈનધર્મ સમાજો સુધી અજર થાય કરશે.

ગુજરાતમાં મૂળ એક સામાન્ય કેળવણી-આધારિત શાળા રચવાના
બદલે પિતાના શિષ્ય ઘણા શિષ્યોને સાથે લઈ કાશી તરફ અભ્યાસે મોકલી
નીકળવામાં તેમની ધીરતા અને સાહસિકતા દેખાઈ રહી છે. શીક્ષણના
ક્ષેત્રનો એ પ્રથમ શિક્ષણવિભાગ પાઠશાળાની પુસ્તકપ્રતિઓને આ
પ્રમાણે કરી તાજી કરી બતાવે છે. ગુજરાત બહારના અપરિચિત પ્રદેશોમાં
મોટો વર્ગ અને જ્યોતિષના તેમનો વિહાર, વિહાર દરમિયાન અન્ય-
જૂના અનેક પરિચયો, તેમના હાથમાં રહેલી સ્વાભાવિક વક્તૃત્વ તેમજ
સાધનાની અજબ શક્તિ પૂરી રહ્યા છે. પાઠશાળા સ્થાપના પછી પણ
વિવિધ વિદ્વાનોના વાતચીત રહેવામાં અને જૈન-વિદ્યાને પિતાના

ગણાતો પુરસ્કાર અપાવવામાં તેમનું આત્મતેજ—બ્રહ્મતેજ કેટલું પણ આભારી ભાગ ભજવી ગયું છે

શ્રીસૂરિજી કેવળ એક અદ્વિતીય અધ્યાપક કે ભાષણકર્તા જ નહોતા, પરંતુ વિદ્વાનો પંડિતો અને શાસ્ત્રીઓ શ્રીસૂરિજીનો પરિચય પામી સંતોષ અને પ્રોત્સાહન મેળવતા. શ્રીસૂરિજીની વાણી તથા લેખિનીમાં કેવું અદ્ભુત ચમત્કૃતિ કે જાદુઈ અસર હતી કે તેમનો ઉપદેશ સાંભળી દુર્જનો ઉદાર બનતા, હિંસકજનો હિંસાનો ત્યાગ કરતા અને નાસ્તિકના હૃદયમાં પણ શ્રદ્ધા અને આસ્તિકતાનો સુધારસ સિંચાતો. તેમણે કેટલાય વિદ્વાનોને પોતાની સહૃદયતા વડે આકર્ષ્યા. કેટલાય શ્રીમંતો અને સામાન્યજનોને અનુકંપાનું મહત્ત્વ સમજાવી દયા અને ઉદારતાના ઉજ્જવળ માર્ગે વાળ્યા. કેટલાય મૂર્ખ અને અજ્ઞાન માણસોને જ્ઞાનની ઉપયોગિતા બતાવી વિદ્યારસિક બનાવ્યા. કેટલાય યુરોપીય વિદ્વાનોની ભ્રાંતિઓ ભાંગી તેમને આર્ય સંસ્કૃતિ અને જૈન તત્ત્વોનું ભાન કરાવ્યું.

શ્રી સૂરિજી પહેલવહેલા કાશીએ ગયા ત્યારે કાશીના પંડિતો જૈનો અને ખાસ કરીને જૈનમુનિઓને આભડે જ નહીં. સ્પર્શ કરતા પણ સંકોચ પામતા અને જો થઈ જાય તો અસ્પૃશ્યતાના દોષથી છૂટવા સચૈલસ્નાન કરી આવતા. જૈનમુનિઓ કાશીના પંડિતોને મન અસ્પૃશ્ય હતા. એ અસ્પૃશ્યતા ભાંગતાં ભાંગતાં પંડિતોની અસ્પૃશ્યતા ભાંગી ગઈ અને એના એ જ પંડિતો—શાસ્ત્રીઓએ મળી શ્રીવિજયધર્મસૂરિને "શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય" નો મુકુટ પહેરાવ્યો. પદવીના શબ્દોની કિંમત તો નિર્જીવ જ ગણાય, પણ કાશીના પંડિતોના હસ્તવડે આ મહત્ત્વનો બનાવ. કાશીના સ્વર્ગસ્થ શિવકુમાર શાસ્ત્રી જેવા મેધાવી પુરુષ આ જમાનામાં બીજા નહીં હોય. તેમણે પોતે જ એક વાર કહેલું કે "અહિંસાનો ઉપદેશ જો કે પવિત્ર છે છતાં ગંગાનું પવિત્ર પાણી કૂતરાના મોંમાંથી પડવાથી જેમ અપવિત્ર બની જાય છે તેમ

મહિમાનો ઉપદેશ જૈનમુનિઓના મુખમાંથી નીકળવાને લીધે અપવિત્ર બની જાય છે." ધુરંધર અને ધર્મિષ્ઠ ગણાતા પંડિતો શ્રીકૃષ્ણ પણ એક સમે આ દશા હતી ! પણ એમાં સ્વ. જિજ્ઞાસુઓનો તે દોષ જ હતો તે તો પોતાના સામાજિક સંસ્કારોનો જ પડઘો પાડતા હતા. વસ્તુત. આખી કાશી આવાજને એ મનોભાવ હતો. આવા પ્રતિકૂળ સંયોગોમાં શ્રી વિજયધર્મસૂરિએ કાશીમાં જૈન વિદ્યાપીઠની પ્રતિ કરી અને એ જ જિજ્ઞાસુ શાસ્ત્રીઓ અને શિષ્યોની પ્રીતિ જીત લીધી. કિલ્લાના મેદાન તૂટતાં હતાં રણશૂરાઓ કિલ્લામાં પેસી જાય પણ કિલ્લાના દરવાજા તોડવામાં જે વીર સેનાપતિએ પોતાના જીવનને નીચોવી નાખ્યા હોય, તેવી જ અજોડ કૃતિનો ઉલ્લેખ કવિવરોને સોંપી શકી જાય છે. જૈન સમાજના ઐતિહાસિક આચાર્ય એવા બાળ બે જ સીતારામે ગણી શકાય છે: એક શ્રી યશોવિજયજી ઉપાધ્યાય અને બીજા શ્રી વિજયધર્મસૂરિ. એક ગુરુ તો બીજા શિ

ઉપાધ્યાયો અને આચાર્યો કાં એક પ્રમત્ત હોય છે ! પ્રતિષ્ઠિત પોતે નવું જ સાહિત્ય અને મહિમા હતા, અને તેથી જ તેમની પ્રવૃત્તિ પાઠશાળા ઉપર એક પછી એક આપત્તિ આવવા લાગ્યા. સૌથી પ્રથમ જે આઘાત પડ્યો તે ભોજન ક્લેશનું હતો. એ તો જાણે એક મોટી રમખાણ, દુર્ભિક્ષ્ય ગાત સાથે ધીમે ધીમે પ્રસાર થઈ હોય અને આખામાંથી રોજે રોજ અકસ્માત આવી પડે અને નવી એકાએક અસ્તવ્યસ્ત થઈ જાય તેમ બની ગયું. આ પાઠશાળાનો કેમ છે સ્વીકાર કરી હતો હતો તેમાં જ અંધારું એક અણધાર્યું પાસ થઈ આવ્યું. જૈન સમાજમાં ખળભળાટ મચી જ ગયો ગયા ! શ્રી વિજયધર્મસૂરિના જીવનમાં આ પ્રશ્ન નવું કસોટીની હતી. પાશાળામાં ભણાવ પણ કેમ મુનિઓ અને વિદ્યાર્થીઓ વિશ થઈ ગયા. શ્રેષ્ઠીઓ પોતે પણ વિચારતાં પ્રતિષ્ઠિત સ્થાન એક મઠ

થયા, પરંતુ બીજી જ ક્ષણે તેમના આત્મામાં અજાણ્યું નવું પૂર કોઈ એક પહાડની ઉપરથી વેગપૂર્વક પૃથ્વી ઉપર પડતા ઝરણાની માફક ધસી આવ્યું. તેઓ નાહિંમત ન થયા, આસન ન ડોલ્યું. પાઠશાળાને તેઓને એકલી નૌકાને એક કુશળ નાવિકની જેમ ત્રીસ વર્ષ સુધી બરાબર ચલાવી લીધી.

ત્યાર પછી તો એ પાઠશાળાની ઉપર આવતી આફતોના કારણે આક્રમણો આવી ગયાં. વિજયધર્મસૂરિ જેવા સમર્થ કાશીથી વિદાય થઈ ગયા અને બીજી ઘણી તકલીફો ઊભી થઈ. પરંતુ પાષાણ પ્રતિમા ઉપર કોતરેલા લેખો જેમ લાખો વર્ષ સુધી રહી જાય, તેમ શ્રીસૂરિજી ગયા. જૈન હૃદયમાં પણ એવી પાઠશાળા સદાને માટે ઘર કરી ગઈ. સ્વર્ગનો ઉંબરામાં ઊભેલી પળ પર્યંત તેઓ એ પાઠશાળાને જ નવું જીવન આપવાની યોજના વિચારી રહ્યા હતા.

જ્ઞાનમૂર્તિઓ પાઠશાળા પુસ્તક પ્રચાર, ધર્મના પ્રભાવના કે સભા સંમેલનો વિષે જ્યારે આજે ઉદાસીનતા રહે છે તેમને એ બધામાં પ્રવૃત્તિ અને આરંભ સમારંભની ગંધ સ્ફુરતી આવે છે. શ્રીવિજયધર્મસૂરિનો અંતઃકરણમાં હંમેશાં નિવૃત્તિ અને નિરુપાધિકપણામાં જ મોક્ષ માનતો. પરંતુ તેમના રોમ રોમમાં પ્રાણનો મહાવેગ એટલો અધિક ધબકતો હતો કે તે કૃત્રિમ પાળો અને બંધનોને ફરીવાર તુટ-ફુટ કરી મૂકતો. વરસાદના પાણીથી નદી જ્યારે ઉભરાઈ જાય છે ત્યારે તે કાંઠાને માનતી નથી, બંધનોને નથી ગણકારતી, પણ પોતાના વેગને અનુરૂપ માર્ગ સર્જી લે છે. ઘણા પ્રાણવાન પુરુષોનાં જીવન પણ આ પ્રકારનાં હોય છે. તેવા પુરુષો ક્યારેક ધીમા બને છે. અંતિમ સમયે તેઓ પોતે આત્મનિરીક્ષણ કરી કાચબાની જેમ પોતાની વિવિધ પ્રવૃત્તિઓને પોતાની અંદર સમાવી લેવા પ્રયત્ન કરે છે. પરંતુ એવો ઉછળતો પ્રાણપ્રવાહ તેમને પોતાના અસ્ફુટ સંગીત વડે પોતાની તરફ આકર્ષે છે અને પાછળ વાળી જાય છે.

શ્રીવિજયધર્મસૂરિના જીવનમાં પણ એવા બનાવ પ્રસંગો આવી ગયેલા. તેમને ઘણીવાર એમ બનેલું કે ખરે આ નથી ઉભવી અને આમ પ્રયાસ થાને થાય ! આવાટે અનુભવ કે ગીતાસ્ત્રી કોઈ એક અગમ્ય સુખમાં જાય આત્મસુખિયોજ તલ્લીન ના બનું ! પરંતુ શ્રી જીવનને શાસનરસી બનાવનારો પેઓ મોહનાયત કોઈ તેમના કાનમાં આ રમાવ પ્રેરણ અને તરત જ પ્રસિધ્ધ બની આતુરીની એમ વિશ્વબન્ધ બની પાછા ધર્મદ્રષ્ટિમાં મુકતા. કુટેવોની મધ્યમાં ભળેલા આતુરની એમ શ્રીસૂરિજીને પણ ઘણીવાર વિચારોએ આવી મૂકવી દીધેલા. એ સર્વે તેમના આત્માને જ સારથીએ તેમને શુદ્ધ સત્ય અને સરલ ગીત સમજાવી જુસ્સામાં મોકલેલા.

શ્રીસૂરિજી ઉપર એક આક્ષેપ કોઈ જગ્યાએ આવે છે કે તેમણે ઘણું ગરમપણું સ્થાપ્યું, એટલે તેઓ નભાવી ન શક્યા. આ સ્થળે હું એ આક્ષેપનો ઉત્તર આપવા નથી માગતો. આ એટલું તો તેઓ સમગ્ર જીવનનું પાલન જીવનપર્યંત કર્યું તેમને કોઈ એક ખરું કે આ સકળ સંતોષ ન આપી શક્યું.

બીજી પણ ઘણી એવી વાતો છે કે જે માત્ર તેમના વિસ્તૃત જીવનચરિત્રમાં જ આવી શકશે, પણ પ્રસ્તાવનામાં આવી એ શક્ય છે કે હું તેમના જીવનની નાની ઘટનાઓને ન્યાય આપનાર નથી થયો. હું તેમના આંતર જીવન ઉપર મુગ્ધ બન્યો હતો અને હું એમ તો તેમના નાના બાહ્ય જીવન કરતાં ઘણાં ઉંચે-ઘણા પર તેઓ છે. બધાના આ વાત મનનાં અને ઝીલવા આપેલ આવી, એ કેવળ હું પણ એને તેમની સાથે વર્ષોના વર્ષો સુધી જે પરિચય થયો હતો, માત્ર જીવનજ્યોતમાં વિચાર કરતાં, કોઈ એક સમય સ્થળે આત્માના એ ઉત્તમ અભિલાષ જાગતા હતા, તે બધાનું સ્મરણ કરતાં અને જરૂર એમ તો લાગે છે જ કે શ્રી વિજયધર્મસૂરિ કોઈ એક

મહાન જ્ઞાનધારી બનીને જ આ સંસાર ઉપર અવતર્યા હતા. તેમણે નાની વયથી ત્યાં સુધી એ જ્ઞાનધારીનાં ક્ષેત્રો ખેડ્યા, તેમ કરતાં તેમણે પોતાના વિચારો અને માન્યતાઓને પણ મક્કમ રીતે મૂકી અને એ રીતે યથોચિત લોકમાન્ય સાધી ગયા.

શ્રી વિજયધર્મસૂરિમાં કેટલીક ખાસ ખૂબીઓ અને વિશેષતાઓ હતી, તે ભાગ્યે જ કોઈમાં જણાતી હશે. તેઓ વાત્સલ્યમાં અને ધ્રુવ નિશ્ચયમાં પહાડની જેમ અડગ-અટલ હતા તેની સાથે તેમનામાં એક બાળકના જેવી મધુરતા તેમજ વિનોદશીલતા પણ હતી. કોઈ એક સાંજે સૂરિજી જ્યારે, ઉપદેશના પાટીયાને એક બાજુ પાસે રાખી ચોવિહાર કરવા બેઠા હોય ત્યારે તેઓ બાળકો-વિદ્યાર્થીઓ સાથે વિનોદ કરતા. ગરીબાવસ્થાના પ્રાચ્ય જીવનની જે વાતો પોતાની સરળ-સ્વચ્છ વાણીમાં કહેતા, તે સાંભળીને વિદ્યાર્થીઓ હસી હસીને થાકી જતાં. સૂરિજીની એક આંખમાં યોગીની કઠોરતા અને બીજી આંખમાં માતાનો નિર્મળ પ્રેમ વહેતો. તેમના પગની સામેની કોઈ લોટની રમકડાં નિશાળીઓ મૂકી જતો અને આગળ પાછળની એમની ચોપડી કે ચોપડીનું પાનું લઈ વાંચવા બેસી જતો. તે બીજી વાર એજ સૂરિજીના પગની સામેની વિદ્યાર્થીનીમાં આનંદ વિનોદ અને સ્વાધ્યાયની એક મોટી જેવા મસ્તી જાગતી. તેમના ઉપદેશમાં અને કર્મમાં પણ હસતાં પ્રીતિ રહેતી.

શ્રીવિજયધર્મસૂરિના આંતર જીવનનો પૂરેપૂરો ખ્યાલ આપવો એ પ્રાય: અશક્ય છે. પચ્ચીસવાર પચાસ તેમનું આંતર જીવન સમજ્યા-માં ઊતરાયા છે. હવે તેમની જીવન લીલા પૂરી થાય છે અને હવે જ બોલો એ પવિત્ર અને ઉદાર આત્માના અણમૂલા ઉજળા બોધ થાકી.

પીળા વસ્ત્રમાં પરિવેષ્ટિત થયેલા, ભરેલાં આત્મતેજવાળા, કોઈ એક મહાજનની જેમ મહા પ્રતિમો-નિશ્ચય પણે સાથે જતા એ સૂરિજીને લોકોએ તો હવે કોઈ એક આગવી જ્યોતિ એક સૌથી બીજે સ્થળે

જતી હોય એમ લાગ્યા વિના ન રહે અને ખરેખર તેમના હસ્તમાં જ્ઞાન સાધન સેવાની પગલ ચોંટીને ચોવીસ કલાક પડ્યા જ રહેતી હતી. તેમના એકેક ઉપર ને કે વિનોદ અને સજ્જની સુસ્વાદનું જ્ઞાન ટપકતું હતું. ખરાં તેમના અવતારપણમાં તો માત્ર અગ્નિ જ વર્ષે હતો. તેમની આત્મશાંતિ અને બુદ્ધિશાળી નિર્મળ પ્રકૃતિ હતી. તે તેની પાછળ જાય ઉપયોગમાં આવતા અને વિના વર્ષ હતા. આ તેમનામાં જ શું નથી! આ જૈનશાસનની અને આ જૈનસાહિત્યની શી દશા થશે! એજ વિચાર અને એજ ચિંતા રાત્રિ-દિવસ તેમના અંતરને તપાવ્યા કરતી. એ ચિંતા અને વિચાર સિવાય બીજા એ તેમને મન કશું નહિ પણ શરૂ હતું. એ ચિંતામાં મરણને પણ તેઓ એક પ્રાણની જેમ સમજતા. આ ગુરુવર્ય શ્રીવિજયધર્મસૂરિ જેવા એકનિષ્ઠ તપસ્વી અને સાચી પ્રગતિવાળા મુનિ જનસમાજને મળવા દુર્લભ છે. તેમના પવિત્ર અને સમ્યગ્દૃષ્ટિ આત્માને શાશ્વત શાંતિ હો!

સમાલોચક. પુ. ૨૮ અંક ૨ માંથી

૫

સ્વ. આચાર્યશ્રી વિજયધર્મસૂરિ
એક ગૌરવ જૈનગુરુ.

(લેખક—શ્રીયુત છ. ઝે. નરીમાન, મુંબાઇ)

ગુજરાતનું સૌથી મોટું ધાર્મિક નર (વ્યક્તિ) અને વિદ્વાનમાન્ય તે પ્રસિદ્ધ જૈનસાધુ, કે જેઓ પાશ્ચાત્ય દેશોમાં પ્રસિદ્ધ છે એ એમના પ્રધાન, તે મંગળવારે સવારે સાડા છ વાગે, ગ્વાલીયર પાસે આવેલ શિવપુરી (અથવા સીપરી) માં સ્વર્ગવાસી થયા છે. આચાર્ય વિજયધર્મસૂરિ કેટલાક મહીનાઓથી બીમાર હતા, અને એમનો દેહ મરણાન્ત થશે એમ સંભવિત હતું.

એમનું સાંસારિક નામ મૂળચંદ હતું. તેઓ ઈ. સ. ૧૮૬૮ માં

લુધીયાણામાં આવેલ દલુવાના એક નામ વૈશ્ય કુટુંબમાં ઉત્પન્ન થયા હતા અને વીશાશ્રીમાળી એમની જ્ઞાતિ હતી. એમના પિતા શામચંદ અને માતા કમલાદેવી હતા. " બાળકો એ પુરુષનો પિતા છે " અર્થાત્ નાનપણમાં ભવિષ્યના લક્ષણો જણાઇ આવે છે આ કહેવત અહિં સાચી નથી નીવડી ? બુદ્ધિશાળી પુરુષ તરીકે તેઓ આગળ જવા નીકળ્યા, એની નિશાનીઓ નાનપણમાં જોતી દેખાતી. શાળામાં તેઓ અનિશ્ચિત ઉદાસીન અને અનેકાગ્રચિત્ત હતા. મૂલચંદ એમના માસ્તરને નિરાશ બનાવતા હતા. આખરે એમના પિતાએ એમની દુકાનમાં બેસાડવા માટે શાળામાંથી ઉઠાડી મૂક્યા. આ વખતે તેઓ દસ વરસના હતા. આટલા નાના એવા સમયમાં હિંદુસ્તાનમાં જીવનની અવા-નવરી શું થાય છે તે તેઓની ઉપરો એક સ્પષ્ટ ખુલાસો પુરો થયો.

એક દિવસે એક અશુભ પ્રસંગથી કે જે ભવિષ્યમાં શુભ નીવડ્યો મૂલચંદને દુકાનમાં બહુ નુકશાન થયું. તેમના માતા-પિતાએ તેમને ઠપકાપૂર્વક ઠપકો આપ્યો. કુમળા મનમાં બહુ દુઃખ ઉત્પન્ન થયું એમનું મન, એક અલૌકિક ચીજ તરફ ખેંચાયું. કારણ કે હિંદુઓમાં એવું છે કે જે માણસ જીવનમાં નિરાશ બને છે અને જ્યાં વધુ શોક સહન કરે છે એમને માટે સાધુ થવાનો રસ્તો હમેશાં ખુલ્લો રહે છે આમ અંતમાં સાધુ બનીને તે આત્મમાર્ગી થયા, અને પૂજ્યશ્રી [illegible] મહારાજને દીક્ષા માટે વિનંતિ કરી. તેઓએ એમને પોતાના માબાપની અનુમતિ લઇ આવવા કહ્યું. શામચંદ અને કમલાદેવીએ પહેલા ના પાડી. પરન્તુ આખરે મૂલચંદની અત્યન્ત હઠથી અનુમતિ આપી. એમ મૂલચંદ ૧૯ વરસની ઉંમરમાં સંસારનું સુખ-દુઃખ છોડી દઈને વિધિપૂર્વક સાધુ બની ગયા.

સંસારમાંથી મુક્તિના માર્ગે

જે છોકરો સાંસારિક સ્થિતિમાં અશક્ત જેવો દેખાતો હતો તે હવે તેજસ્વી દેખાવા લાગ્યો. જેમ માછલી પાણીમાં, તેમ તેઓ અભ્યાસમાં

પૂરી થયા. થોડા વખતમાં એમણે નૈતિકપ્રભુસહિત, સમસ્ત જૈન સિદ્ધ વિધાન અને સારસ્વત ચંદ્રિકા નામનું પ્રસિદ્ધ સંસ્કૃત-વ્યાકરણ પણ ભણ્યા; પાછળથી આગમો પણ તેમણે અભ્યાસ કર્યો, અને તેમાં એટલા આગળ વધ્યા કે જેથી એમના સહાધ્યાયીઓ આશ્ચર્યચકિત થઈ ગયા. થોડા વખત પછી તેઓએ વ્યાખ્યાતા થવું અને જે સિદ્ધો, જૈનસાધુઓને માટે સ્વભાવ અને સ્વરૂપ છે એવા એક વિહાર માટે ઉપડ્યા. અર્થાત્ ખુલ્લા પગે, ખુલ્લા માથે, દરેક સંસારી પરિગ્રહ રહિત, ગામડાઓમાં રહેતા લોકોની વસ્તીઓમાં મુકામ કરતા, પ્રાર્થના કર્યા વગર ભિક્ષા સ્વીકારતા, ખાસ એમના અને એમના શિષ્યોને માટે નહિ બનેલા ભોજનનો સ્વીકાર કરતા, હમેશાં સાદાં કપડાં પહેરતા અને અન્ન અને આહાર વિનાના પણ કષ્ટ સહન કરતા વિહાર કરતો, એ જૈનસાધુઓની રીત છે

વિ. સં. ૧૯   માં ધર્મવિજય કે જે નામથી તેઓ હવે ઓળખાતા હતા, પોતાના જન્મસ્થાન મહુવામાં આવ્યા. એમના પિતા સ્વર્ગવાસી થયા હતા. એમના માતુશ્રી સુખ અને દુઃખની ઉભયાવસ્થામાં જીવી પોતાના એમના પુત્ર દુનિયામાં પ્રસિદ્ધ થયા હતા; પરન્તુ તેઓ, તેમનો સ્પર્શ પણ નહિ કરી શક્યા, કારણ કે સ્ત્રીનો સ્પર્શ અને તે એમના અને પ્રતિષ્ઠિત સ્થળની બાબતમાં જૈનસાધુઓને માટે નિષિદ્ધ છે. આશ્ચર્યજનક છે તેમનું કથન સંપૂર્ણ સુખાકારી અને ઊંડા અભ્યાસમાં સુધારવા આવ્યું હતું. દક્ષિણ દેશને પ્રસિદ્ધ કરી હતી, ભારત ગુજરાતમાં આજેય કેમ એવું ચાલ હતી, અને આખા હિંદુસ્તાનમાં આજેય કેમ એવું ચાલે છે કે જ્યાં આ મોટા જૈનગુરુનું નામ પડે ત્યાં માનપૂર્વક એમને નિરંતર પ્રેમપૂર્વક યાદ કર્યા વિના નહિ આવતું હતું. બનારસમાં તેમણે સ્થાપન કરેલી યશોવિજય પાઠશાળા હતી, કે જ્યાં તેઓએ સતત પૂરી અન્ય ઓછી પાસેથી આગમોનું પઠન પાઠન પુનઃ શરૂ કરવામાં આવ્યું હતું. તેમણે

સ્થાપન કરેલી યશોવિજય ગ્રંથમાળામાં ઘણા મૂલ્યવાળા ગ્રંથો પ્રકટ કરવામાં આવ્યા છે કે જે પહેલાં ભંડારોમાં રહેલા ઘણા જૂના કાગળો અને તાડપત્રોમાં લખાએલા મોજૂદ હતા. જૂના વિચારના સાધુઓ, આવા જૂના ગ્રંથો હિંદુઓને પણ નહિ બતાવતા કે નહિ આપતા હતા, તે પછી યુરોપીયનોને માટે શું કહેવું ?

યાત્રાઓ

સન્ ૧૯૦૧ મા સરિજી પગે ચાલી અમદાવાદ ગયા. જ્યાં તેમણે ગાયકવાડના મહારાજાના દિલ ઉપર સારી અસર કરી. પછીથી તેઓ એ ભૂમિનાં સ્થાનો જોવા માટે ગયા, જ્યાં તીર્થંકરોની ચારિત્રસિદ્ધિ પવિત્ર બનાવી છે જેવા કે પાવાપુરી, રાજગૃહિ, સમ્મેતશિખર વિગેરે તેઓ પચ વર્ષની ઉમરમા, જે અપેક્ષાએ નાની ગણાય, તે ઉમરમા સ્વર્ગવાસી થયા છે છતાં સરિજીનું નામ યુરોપ કે અમેરિકાના જૈન કે બૌદ્ધ સાહિત્યના અભ્યાસીઓ એકપણ જ નહિ પરંતુ સર્વજનમા હંમેશ કસ્તાર લેમે કૃત જ્ઞતાપૂર્વક સ્મરણ કરે છે પટલી દેશના ડૉ. ટેસીટોરી, કે જેઓ એક સારા વિદ્વાન હતા અને પુરાણી હિંદી ભાષાના અભ્યાસ કરતા કરતા મૃત્યુ પામ્યા હતા, તેઓ તેમને એમ માનતા હતા કે-વિજયધર્મસૂરિ એ તેમના ગુરૂ હતા અને ધાર્મિકસાહિત્ય તથા રાજપૂતાનાના ઐતિહાસિક અભ્યાસમા વિજયધર્મસૂરિની સહાયતા લેતા હતા.

એક યુરોપીયન હિસ્સો.

ડૉ. ટેસીટોરી લખે છે કે —

" હું એમને વિદ્વાન તરીકે ઓળખી શકો, હું તેમને એક વક્તા તરીકે ઓળખી શકો હું એમને એક સાધુ તરીકે ઓળખી શકો. અને જો કે તેઓ સાધુ હોવાના કારણે સાંસારિક બાબતો નથી રાખતા

હતાં એમ કહી શકાય, કે હું એમને એક મિત્ર તરીકે પણ ઓળખ- તો હું. ઉપાશ્રયોના એ ખૂણાઓમાં એમની પાસે બેસીને મેં ઘણીવાર આપ અથવા વ્યાખ્યાનના વિષયની ચર્ચાઓ, કે જેમાં હું ભાગ્યે જ ભાગ લેતો, તેનું સ્પષ્ટીકરણ અને ભાષ્ય સાંભળ્યાં હતાં. ધર્મશાસ્ત્રોની ગૂઢી જગાઓમાં મેં ઘણીવાર એમનાં વ્યાખ્યાનો સાંભળ્યાં, કે જેઓ તેઓ હિંદી અથવા ગુજરાતીમાં એક સ્વતંત્ર ઢબેથી, અને બોલ- વસેલા જનસમુદાયની ખાતર આપતા હતા. અને ઘણીવાર એમની સાથે જવા સાથ અને ભ્રમણ કરતા હતા, મને વખતોવખત એવી વાર મંદિરોમાં તેઓ મને વારંવાર દેરાસરની મૂર્તિઓ પાસે લઈ જતા હતા. અને એમની સાથે હું મૂર્તિઓની ગાદી ઉપર કોતરેલા શિલાલેખ એમની મદદ લઈને વાંચતો હતો. એમના ઉપકારશીલ અને સ્નેહાળ સ્વભાવ સંબંધી એટલું જ કહું બસ થશે કે કેટલીક બાબત પહેલાં કોઈ પણ યુરોપીયનને લાભ કરવાનો પ્રસંગ નહિ મળ્યો હોય, એમ મને લાગે છે. સિવાય જ્યાં મેં જોયું કે કેવી રીતે તેઓ એમના પરધર ઉપાશ્રય ક્રિયાકાંડનો બોધ કરતા હતા. ઉદેપુરમાં મેં જોયું કે તેઓ કેવી રીતે બે નવા સાધુઓને દીક્ષા આપતા હતા. રાધનપુરની ધર્મશાળામાં, કે જ્યાં શહેરીના મુખ્યોમાંના [illegible] પ્રમુખથી અધિકાર ભિન્નભિન્ન રીતે ભરેલો હતો, ત્યાં મેં એમને એમના સાધુઓની સાથે પ્રતિક્રમણ કરતા જોયા. આરાસુરના પ્રખ્યાત જૈન મંદિરોમાં હું એમની સાથે વિહારમાં એમની પાસે (એમના શિષ્યોના ટોળાની રચના આવ્યો હતો. પ્રતિમાઓ તળાવ સામે એમના સન્માનમાં ઠેકઠેકાણે નાચતી તેઓની વગાડતા, અને ભાવના તથા સૌભાગ્યવતીના પુષ્પોથી લોકો એમને વધાવતા હતા, તે વખતે પણ મેં તેમની સાથે પ્રવેશ કર્યો હતો અને એમની સાથે તળાજાની ટેકરી ઉપર રહેલાં મંદિરોની મેં યાત્રા કરી, અને બૌદ્ધોની ગુફાઓ પણ જોઈ કે જે ટેકરીની બાજુમાં આવેલ છે. ”

પાશ્ચાત્યદેશોમાં એમના મિત્રો

ડૉ. થામસ, ડૉ. ચાર્પેન્ટીઅર, ડૉ. જાલ ડૉ. ગેરીનો, ડૉ. હર્ટલ અને ડૉ. સિલ્વન લેવી, કે જેઓ બધા યુરોપીયન નામની વિદ્યાના જુદા જુદાં પ્રમાણિત પ્રતિનિધિઓ છે અને જેઓ બધા એમની (વિજયધર્મસૂરિની) સાથે સીધો સંબંધ રાખતા હતા, તેઓ બધા આચાર્ય મહારાજની ઉદારતા, વિદ્વત્તા અને પ્રમાણિકતાને માટે ઘણી પ્રશંસા કરતા હતા.

એવા ઘણા લોકો હશે કે જેઓ પ્રાય કરતાં વધારે પ્રામાણિક રીતે, આગમો, સંસ્કૃત અને પાલી સાહિત્ય, અને જુની ગુજરાતી સાહિત્ય, (કે જેની શોધખોળ એમની પ્રેરણાથી આજકાલ ડૉ. હર્ટલ કરી રહ્યા છે) વગેરે વિદ્યાઓના ઉદ્ધારક તરીકે આ મોટા જૈનગુરુની વિદ્વત્તાની યોગ્ય પ્રશંસા કરી શકે અને દૃષ્ટિ પ્રમાણે તેઓ એક પૂર્ણયોગ મહાત્માના આદર્શ હતા, કે જે આદર્શ કેવળ ખાસ સમ્પ્રદાયને માટે નહિ પરન્તુ સમસ્ત જનતાને માટે પૂજનીય હતો. જૈનસિદ્ધાન્તમાં મક્કમ રહીને પણ વિજયધર્મસૂરિ સામ્પ્રદાયિક મત બાંધવા માટે આતુર નહિ રહેતા હતા.

એવા માણસ કે જેને દુનિયાના જુદા જુદા ધર્મોના નેતાઓને ઓળખવાનો પ્રસંગ મળ્યો હોય, અને જે ખાસ કરી મહાન્ બૌદ્ધ તથા જૈનોના ઓર્થોડોક્સ લોકોના સ્વભાવને જાણતો હોય એવા માણસના મનમાં આ મ્હોટા અને ઉદાર જૈનધર્મના દેદીપ્યમાન અને જીવનચરિત્રથી આ ધર્મને માટે પૂજ્યભાવ ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે કે જે જૈનધર્મના સ્વાધ્યાયી રમણોમાં તલ્લીન રહેતો પુરુષ મહાત્મા બન્યો હતો.

આચાર્યમહારાજની મહાનુભાવતા અને વિદ્વત્તાના વારસદારો

આ પ્રસિદ્ધ આચાર્યે એમના મરણ પછી, અભિમાનથી જૈનોનો

એક જ્યોત સમુજ્જ્વલ મૂક્યો છે જે હમણાં ગુજરાતી લોકો એમની અમૃત વાણી પીતા હતા, તેમના પ્રશંસકો, તથા જેઓ પાશ્ચાત્ય અભ્યાસીઓ, કે જેઓ એમની સૂચનાથી પોતાની શક્તિનો ભાગ ધર્મગ્રંથોમાં ખરચતા હતા, તેમણે પુણ્ય પ્રાપ્ત કર્યું તેમજ સર્વે સાધારણના ઉપકારને માટે પ્રયત્નો કર્યા હતા તથા પ્રકાશ દીક્ષિત શિષ્યો—જેવા કે ઇન્દ્રવિજયજી અને વિદ્યાવિજયજી છે—કે જેઓ, દુનિયામાં સૌથી ભવ્યતમ અહિંસા અને દયાનો ધર્મ છે તેનો સંદેશ, વિજયધર્મસૂરિના વારસદાર તરીકે ફેલાવશે.

" જોહન્સ હેર્ટલ સાથી.

૬

વર્તમાન ભારતના એક મહર્ષિ

વિજયધર્મસૂરિ

(લેખક ડૉ. અ. ગુએરીનો, પેરીસ)

શ્રીવિજયધર્મસૂરિજી વર્તમાન ભારતના મહર્ષિઓમાંના એક હતા અને જૈન-ધર્મ પોતાના આધુનિક પુનરુત્થાન માટે એમનો આભારી છે.

જૈનધર્મ કે જેના અનુયાયીઓ આજકાલ લગભગ ૨ લાખ જેટલા છે તે ધર્મનો અભ્યાસ અને એનો ખ્યાલ થોડાં વર્ષ પહેલાં પરિચિત હતો પરન્તુ વિજયધર્મસૂરિજીએ પોતાની બુદ્ધિમત્તા, કાર્યદક્ષતા અને આત્મત્યાગ ઉત્સાહથી તેને નવું મહત્ત્વનું જોર આપ્યું હતું. પ્રસ્તીત સાહિત્યમાં જેઓ સતતથી સમ્બન્ધ ધરાવે છે તેમાં અને જે તેવા બીજા હજારો સાધુ-સંતોના જીવનને મદદ. વિજયધર્મસૂરિનું જીવન પણ હતું બાલ્યાવસ્થામાં તોફાનમાં જુગારમાં અને અજ્ઞાન હેઠે જીવન ગાળતું પોતાના કુટુમ્બના પૈસાનો અપવ્યય કરે, જુગારમાં હારી જવું નિયમ થયું અને છેવટે ચાલ્યો આવ્યો, અન્તિમ સમય

અને ઐહિક-વૈભવ અને માન-મોટપ કે જેના માટે અનંત ભવ અને નિરંતર અશાંતિ સહન કરવી પડે છે તેની પ્રાપ્તિમાં નથી, પરંતુ આત્મોન્નતિ કરવામાં, આત્મશુદ્ધિમાં અને સંસાર-દુઃખમાંથી આત્માને મુક્ત કરવાના પ્રયત્નમાં જ રહેલ છે એમ સમજીને વૈરાગ્ય પામ્યા અને સંસારનો ત્યાગ કર્યો.

તેઓએ શ્રીવૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. બહુ ટૂંક સમયમાં તેઓ આગેવાન જૈન સાધુઓમાં એક ગણાવા લાગ્યા. તેઓ પોતાની નૈતિક ઉચ્ચતા, જૈનધર્મમાં નવી પ્રેરણા અને તેની સાર્થકતા મેળવવાના અખંડિત ઉત્સાહમાં અજોડ હતા. તેઓ પોતાના આ કાર્યમાં એટલા બધા સફળપ્રયત્ન બન્યા કે જેથી તેઓ બનારસમાં એક પ્રકારનું ઉચ્ચ કોટિનું જ્ઞાન-વિદ્યાલય સ્થાપન કરીને ત્યાં જૈનધર્મમાં ઘણા નવા અને ઉત્સાહી નવયુવકોને ઉત્પન્ન કરી શક્યા.

કેવળ એટલું જ નહિ પરન્તુ એ વિદ્વાન મુનિરાજને કાશીનરેશ, જેઓ હિન્દુધર્મના એક ઉત્સાહી સંરક્ષક હતા, તેમના તરફથી પણ સન્માન અને સહાનુભૂતિ મેળવ્યા હતા, અને છેવટે એક અખિલભારતીય સભામાં, કે જેમાં પાશ્ચાત્ય દેશમાંના જૈન-સાહિત્યના ઊંડા જાણકાર ડૉ. યાકોબી[1] પણ હતા—તેમાં પ્રવીણ સર્વે પંડિતોએ મળીને એકમત અવાજે એમને "શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય" ની પદવી આપી હતી કે જે સુશ્રમહારાજના આશ્રયદાયક કાર્યો માટે એક અદ્વિતીય પ્રમાણપત્ર તરીકે ગણી શકાય.

પાંડિત્યની ઉચ્ચતા અને ચારિત્રની પવિત્રતાના પરિણામે તેઓનો ઉપદેશ અસરકારક અને વાસ્તવિક હતો કે જે હિન્દી અને સંસ્કૃત ભાષામાં તેઓએ લખેલ નિબંધોમાં વધુ સ્પષ્ટ જોઈ શકાય છે. તેઓના ગ્રંથ

---

૧ ડૉ. યાકોબી અહિં નહિ પરન્તુ જોધપુરમાં ભરાયેલ જૈન સાહિત્ય સમ્મેલન પ્રસંગે હતા. સંપાદક

જેના પરિણામે ઘણાં પ્રાચ્ય-મંદિરો વિગેરે ધાર્મિક સંસ્થાઓ તથા અનુકંપા પ્રમુખ પરોપકારિક સંસ્થાઓ સ્થાપવામાં આવી હતી. અને માત્ર ભારતવર્ષમાંજ નહિ પરન્તુ બહારના દેશોમાં પણ વર્તમાન ભારતના મહાન્ પુરુષ તરીકે તેમની ખ્યાતિ થઈ હતી. પૌર્વાત્ય સભ્યતાના મહાન્ અભ્યાસી જેવા કે ડૉ. હર્ટલ, ડૉ. જેકોબી, ડૉ. બેલોની ફીલીપો, અને બીજા અનેક યુરોપના ડૉ. ટેસીટોરીએ એમના જીવન સંબંધી લેખો અને ચરિત્રો વિગેરે લખ્યાં છે અને પોતાના આખા ભારતમાં ભ્રમણ કરવા પહેલાં ડૉ. ટેસીટોરીએ તો એ મહાન્ ગુરુમહારાજને માટે તો સારી પ્રશંસાના પણ શબ્દો ઉચ્ચાર્યા હતા, અને એમના એક વિદ્વાન મિત્રને પ્રાપ્ત કરવા માટે પોતાની જાતને બહુ ધન્ય માનતા હતા.

ધર્મવિજયજી મહારાજે જૈન આગમો અને બીજા જૈન-સાહિત્ય પ્રકાશન માટે નવું પ્રેરણા કરી હતી અને યશોવિજયજી જૈન ગ્રન્થ-માળા દ્વારા એનો લાભ એશિયાની સાથે સંસ્કૃત અને પ્રાકૃતમાં લખાયેલ ભારતીય દાર્શનિક અને ધાર્મિક સાહિત્યમાં મોટો ફાળો આપ્યો હતો.

ધર્મવિજય મહારાજની એક વિશેષતા હતી કે તેઓ અધ્યયન-પદ્ધતિ અને શોધ (રીસર્ચ) સંશોધન ક્ષેત્રે આધુનિક અથવા પશ્ચિમાત્ય ઉપાયોને નાખી દઈએ તે પ્રત્યે નવુંજ આદર બતાવતા હતા અને કેવળજ નહિ પરન્તુ આખા પ્રદેશના અભ્યાસ માટે ઉત્તેજન અને મદદ કરતા હતા.

ભિન્ન ભિન્ન તત્ત્વજ્ઞાન, દર્શન, ખગોળશાસ્ત્ર, વિગેરે અનેક વિષયોમાં અને જૈન-સભ્યતાના ઐતિહાસિક પ્રશ્નોને હલ કરવામાં તેઓ હમેશાં પાશ્ચાત્ય વિદ્વાનોની સાથે સંબંધ રાખતા હતા, અને શોધખોળની સંસ્થાઓ, મંડળો અને વિદ્વાન વ્યક્તિઓને વિશેષ અભ્યાસ માટે આવશ્યક

સાધનો અપૂર્વ ઉદારતાપૂર્વક પુરાં પાડતા હતા. તેઓની ભાવના બીજાઓ નવા યુગને અનુકૂળ હતી, કે જે હિન્દુસ્તાનના બીજા ધર્મો તરફ તેઓએ બતાવેલી સહિષ્ણુતામાં દેખાઈ આવતી હતી. તેઓ હંમેશાં બીજા ધર્મોમાં આવેલી વાતો ઉપરથી ટીકા અને તે સબંધી ખંડનથી અળગા રહેતા હતા. કારણ કે તેઓ સારી રીતે જાણતા હતા કે તે ધર્મોમાં પણ પોતાના ધર્મને મળતી, ઘણી વાતો આવતી હતી અને તે ઉપર તેઓ વધારે જોર આપતા હતા.

પાશ્ચાત્ય-દેશોની સાધારણ જનતા કે જે વધારે ઊંડો અભ્યાસ કર્યા સિવાય હિન્દુસ્તાનના આધ્યાત્મિક પુરાતત્ત્વમાં રસ લેવા ચાહે છે અને જે આધુનિક જમાનાના સ્કોલરોની વચમાં પણ મોટા આદર્શ માટે અનુમોદન આપવા તૈયાર છે તેને હિન્દુસ્તાનના ઉચ્ચ મોટા મહાત્માની સાથે વધારે ગાઢ પરિચય કરવાનો પ્રસંગ " વિજયધર્મસૂરિનું ચરિત્ર અને કાર્યો " નામના એક પુસ્તકરૂપે ઉપસ્થિત થયો છે તે એક આશીર્વાદ છે તે ગ્રન્થ એક ભારતીય ગૃહસ્થ કે જેમનું નામ— એ. જે સુનાવાળા છે તેમણે એક શિષ્ય તરીકેની શુદ્ધ ભક્તિથી લખેલ છે (Vijaya Dharma Sori His Life aod Work By A J Sonawala. Cambridgo 1922)

આ પુસ્તકનું દરેક પૃષ્ઠ ગુરુભક્ત જ પ્રત્યેની સાચી પૂજ્ય ભાવનાથી ભરેલ છે. એ ગ્રન્થ એક ધારાવાહી અને સુંદર અંગ્રેજી ભાષામાં લખાયેલ છે આખુંય પુસ્તક વાંચતા રસ પડે છે અને આધ્યાત્મિક તત્ત્વો ભાવ છે કારણ કે તે ગ્રન્થ એક યુગને જાગતા ઉભરથી અને એ મહાન્ ગુરુના ઉત્કૃષ્ટ ચારિત્ર અને કાર્યો ઉપરથી આદર ભક્તિપૂર્વક લખાયેલ છે હું આશા રાખું છું કે ઉક્ત ગ્રન્થ ઘણા વાચકોના હાથમાં આવે.

(મરાઠી ભાષાના " [illegible] નામના પત્રમાંથી)

જૈનાચાર્ય વિજયધર્મસૂરિ

(લે. હરિસત્ય ભટ્ટાચાર્ય એમ. એ. બી. એલ.)

(૧)

मृत्योर्बिभेषि किं मूढ ! भीतं मुञ्चति नो यम ।
अजातं नैव गृह्णाति कुरु यत्नमजन्मनि ॥

આ ઉપર્યુક્ત વિષય સબંધી ઈ. સ. ૧૮૮૦ ની સાલના એક દિવસે મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી ભાવનગરમાં આવેલા વ્યાખ્યાનમાં એકઠી ભાવભર વ્યાખ્યાન કરતા હતા. અજ્ઞાત પરલોકના પ્રશ્ન સબંધી તત્ત્વજ્ઞાનીઓ હમેશથી ચર્ચા કરી આવ્યા છે.

“ Sure thou shalt die, ” હે મહારાજ સાહેબ ! તારે પણ એક દિવસ મરવાનું છે. આ શબ્દોએ અત્યારસુધીમાં અસંખ્ય નરોને નાશ કરી નાખ્યા છે. પરંતુ એ નિશ્ચિત છે. આ સિદ્ધાંતને નાસ્તિક પણ કબૂલ કરે છે. આ સુખ અને આશાઓથી ભરેલી ક્ષણભંગુર સચેતન જીંદગીનો અકસ્માત્ અંત આવવાનો. ઇત્યાદિ વિચારો ઘણા વ્યાખ્યાનને આવશ્યકસ્થ બોધ એકદમ ચિત્તથી સાંભળતા. કેમ તેમા આશ્ચર્ય શું ! કારણ કે આ વિષય એટલો જ મહત્ત્વનો અને રસયુક્ત છે. એના ઉપર કોઈની દૃષ્ટિ નહોતી પડી. તેવો એક ભાગ્યશીલ વર્ગનો છોકરો વૃદ્ધિચંદ્ર મહારાજના એક શબ્દો આતુરતા પૂર્વક સાંભળતો હતો. આ છોકરો તરત મુગ્ધ બની બેઠો હતો અને આત્મા તથા શાંતિના શોધનું ધ્યાન કરતો હતો. આ દુઃખમય જન્મ, મરણ રૂપી સંસાર સાગરથી મનુષ્ય કેવી રીતે તરી શકે અને ખરી શાંતિ પ્રાપ્ત ત્યાગથી જ થાય છે વિગેરે બહુ ઊંડો તે મનન કરતો હતો.

આ મોરારજીનું નામ મૂળચંદ હતું. તે કાઠિયાવાડમાં આવેલા મહુવા નગરમાં ઈસ્વીસન ૧૮૧૮ માં જન્મ્યો હતો. તેના માતા પિતા તેના પ્રત્યે પ્રેમાળુ હતા. તેને નિશાળે મોકલવામાં આવ્યો, પરંતુ તે અભ્યાસમાં સફળતા મેળવી શક્યો નહિ. માટે તેમના પિતાએ પોતાની દુકાનમાં તેને બેસાડ્યો. પરંતુ દૈવવશાત્ તે એક મોટો જુગારી બન્યો. તેના પિતાને મદદ કરવાને બદલે તેઓએ મુશ્કેલીથી ભેગા કરેલા પૈસા તેણે ઉડાવવા માંડ્યા. દરેક જાતનો ઉપદેશ, શિક્ષા અને પ્રાર્થનાઓ પણ નકામી જ ગઈ. મૂળચંદ પોતાની જુગારની પ્રવૃત્તિમાં જ મસ્ત રહ્યો. આખરે એક દિવસે તે એક મોટી રકમ હારી બેઠો કે જેના બદલમાં તેના માતાએ તેને કઠોર શિક્ષા કરી. ત્યારે આખર તેના મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો અને આખી દુનિયા અને સમસ્ત લૌકિક બાબ મિલકતની નિરર્થકતાનું ભાન થયું. હવે તેને ગૃહસ્થ જીવનની સાધારણ પ્રવૃત્તિ મનોહર ન લાગી. તે મોરારને એ એવી વસ્તુઓ જ જોવા લાગી કે જેને તેની કલ્પના મનમાં હોવા છતાં સાફ રીતે ગ્રહણ કરી ન શક્યો. જે વસ્તુને માટે તેનો આત્મા તરસ્યો હતો તે વસ્તુ તરફ જ જવાય. સાચા ગુરુની શોધમાં તે નીકળ્યો.

તે ઘરમાંથી નીકળ્યો અને ભાવનગર આવ્યો અને ત્યાં કે સાચું સુખ અને શાંતિ તેને જોઈતું હતું તે જ સુખ શાંતિ માત્ર સંસારથી વિરક્તિ લેવામાંજ છે આ પ્રમાણેનું વ્યાખ્યાન સાંભળ્યું. વ્યાખ્યાનની પૂર્ણાહુતિ થયા બાદ તેણે ગંભીરચંદ મહારાજની પાસે જઈને પોતાના દીક્ષા લેવા સંબંધી ઈચ્છા પ્રગટ કરી. ગુરુશ્રીએ માતાપિતાની અનુમતિ વિના આ વિનંતિ પૂરી કરવા માટે મના કરી. તે માટે તે મહુવે પાછો જઈને માતા પિતાની પાસે તેઓની અનુમતિ માટે પ્રાર્થના કરી. તેઓએ ના પાડી અને પોતાની નામરજી અને વિરોધ બતાવ્યો. છતા નિરંતર આગ્રહથી તેણે તેઓના વાંધાને સમજાવી દૂર કરીને અનુમતિ મેળવી.

ભાવનગર ખાતે જ્યારે તેઓ ૧૨ મી મે ૧૮૮૭ ને દિવસે ધર્મવિજય ના નામથી મુનિ તરીકે દીક્ષા ગ્રહણ કરી

નવીન મુનિરાજની બુદ્ધિ બહુ જ તીક્ષ્ણ હતી. તેમના શ્રી ગુરુરાજની મહેરબાની અને યોગ્ય દેખરેખ નીચે અને તેમની શુશ્રૂષાથી નવીન મુનિશ્રી આશ્ચર્યકારક રીતે આગળ વધ્યા. તેમણે પ્રતિક્રમણ અને સારસ્વત-ચંદ્રિકાનો અભ્યાસ પૂરો કર્યો અને પછી વધારે સંસ્કૃત અને પ્રાકૃત-સાહિત્યનું અધ્યયન શરૂ કર્યું. અભ્યાસ કરવાની આતુરતા અતિ પણ ઉત્તેજિત થયેલી. જ્યારે ઇસ્વીસન ૧૮૯૩ ની સાલમાં વૃદ્ધિચંદ્રજી મહારાજ સ્વર્ગવાસી થયા ત્યારે તેમના ચેલા એક અસરકારક ઉપદેશક બની ચૂક્યા હતા. ગુરુજીએ પોતાના અવસાન પહેલાં તેમને 'પંન્યાસ' પદ આપવાની સૂચના કરી હતી કે જેથી તેઓ એમના સમસ્ત શિષ્ય વર્ગમાં સૌથી મોટા થયા અને વૃદ્ધિચંદ્રજીના અવસાન બાદ તેમના પટધર થયા

(૨)

દીક્ષા પછી ચાર વર્ષ બાદ જાણે પોતાનાં કમજોર નાજુક માતુશ્રીની, પોતાના અવસાન પહેલાં પોતાના છોકરાનાં દર્શન કરવા માટેની નિરંતર પ્રાર્થનાના જવાબમાં આવી આવ્યા હોય, તેમ પોતાના ગામમાં પાછા પધાર્યા. તેઓશ્રીના પિતાશ્રી પહેલાંથી દેવલોક પામ્યા હતા.

આ ચાર વર્ષોમાં ધર્મવિજયજી મહારાજ જૈનધર્મનો ઉપદેશ દેતા, લોકોમાં ધર્મ જાગૃત કરતા, વ્હેમો અને અંધશ્રદ્ધાને દૂર કરતા અને જે પ્રતિ વર્ષ વધતી જતી જાય થતી હતી, તે દરેકની ચોક્કસ પરિપાલન, ગુજરાત અને કાઠીઆવાડનાં શહેરો અને ગામડામાં વિહાર તેઓ કરતા હતા. ફક્ત ચાતુર્માસમાં સાધુ નિયમ પ્રમાણે એક જ સ્થાને સ્થિરતા કરતા. આ ચાતુર્માસોમાંના એકમાં ૧૮૯૦ માં તેઓ ઉપર્યુક્ત કથન પ્રમાણે

તેઓશ્રી પોતાના જ ગામમાં પધાર્યા હતા. ત્યાં તેઓશ્રીએ એક પુસ્તક ઘર સ્થાપન કર્યું.

પ્રાચીન જૈન સભ્યતા પુનઃ જાગૃત કરવી અને તેના અભ્યાસમાં રસ ઉત્પન્ન કરવો, તે તેમના હૃદયની સૌથી તીવ્ર અભિલાષા હતી. તે ધારણા ઉપરાંત પણ વધારે આ કાર્યમાં સફળ થયા, પરંતુ જે પરિણામ તેઓ એક એવી સંસ્થા ખોલવા માગતા હતા કે જેમાં જૈનધર્મના ગ્રંથોને ઉંચો રાખનારા વિદ્યાર્થિઓ તૈયાર થાય, આ પ્રયાસથી તેઓએ ગુજરાતમાં આવેલા માંડલ ગામમાં (૧૯૦૨ માં) એક પાઠશાળા સ્થાપિત કરી તેનું નામ શ્રી યશોવિજયજૈનપાઠશાળા રાખ્યુ પરંતુ ઉપરના મુનિરાજ શ્રી ધર્મવિજયનો પ્રયાસ સફળ કરવા માટે આ નાનુંશું ગામ યોગ્ય ન હતુ માટે તેઓએ આ સંસ્થાને માંડલથી હિંદુ ધર્મના કેન્દ્ર સ્થાનભૂત-કાશીમાં લઇ જવાનો નિશ્ચય કર્યો.

આ દૂર અને જોખમભરેલી મુસાફરી શહેર તરફ ઉઘાડા માથે અને ઉઘાડા પગે ચાલતા અને મધુકરી ભિક્ષા માગતા વિહાર કરવો, તે તેઓશ્રીના અનુયાયીઓના કથન પ્રમાણે અશક્ય હતુ મુનિશ્રી ધર્મવિજયજી પોતાના વિચારોમાં મક્કમપણે રહ્યા અને એક દિવસે ૭ મુનિઓએ અને ૧૨-૧૪ ગૃહસ્થ શિષ્યોને લઇને તેઓએ બનારસ તરફ પ્રયાણ કર્યું. અર્ધ-નગ્ન ક્ષુધિત દસ વિસ્મીત મહીના બાર ઉઘાડતા અને તે બાર-બીજ વાંસ વગાને ચાલતા આપણા પૈર્યવાન મુસાફર રાજગઢ, ઉજ્જૈન, મક્ષીજી શીપરી, ઝાંસી, કાનપુર અને આગ્રા વગે. દરેક સ્થાને તેઓશ્રી વ્યાખ્યાનો અને મધુપદેશ આપતા હતા અને દરેક સ્થાને તેમના જ્ઞાનથી લોકોને આશ્ચર્યાન્વિત કરતા હતા. આખરે ૧૯૦૩ માં તેઓશ્રી બનારસમાં પધાર્યા.

ત્યાં તેઓશ્રીની સામે મજબૂત વિરોધ ઉભો થયો. અત્યંત મુશ્કેલીથી તેઓ એક ધર્મશાળા પ્રાપ્ત કરી શક્યા. અને ત્યાંજ તેમણે

પોતાની પાઠશાળા સ્થાપવી શરૂ કરી. એટલું જ નહિ પરંતુ જૈન ધર્મ સંબંધી લોકોમાં જે ખોટી માન્યતાઓ અને વહેમો પેસી ગયા હતા, તે દૂર કરવા માટે તેઓશ્રી અનેક સ્થળે વધારે ભીડવાળા મહોલ્લાઓમાં ખુલ્લા આકાશ નીચે સભાઓ ભરવા મંડ્યા. આખરે લોકોની શંકાઓ અને ભ્રમણ વૈમનસ્યને મટાડીને તેઓ અનેકના અશિક્ષિત લોકોના નહિ, પણ ધુરંધર વિદ્વાનોના પણ પ્રેમ, પ્રશંસા અને સહકાર મેળવી શક્યા.

નવ મહીના પસાર થયા. મુનિશ્રીની અને સાથે સાથે તેમની પાઠશાળાની કીર્તિ પણ ઝડપથી ફેલાવા માંડી. જ્યારે આગળ વધતી પાઠશાળાને માટે થોડા વખતમાં એક મોટું ભવ્ય મકાન ખરીદવામાં આવ્યું. એ વર્ષે ત્યાં મુનિશ્રી ધર્મવિજયજીએ હેમચંદ્રાચાર્યના નામની લાયબ્રેરીની પણ સ્થાપના કરી.

ક્રમશઃ મુનિશ્રી ધર્મવિજયજી મહારાજની વિદ્વત્તા અને વક્તૃત્વશક્તિની કીર્તિ હિન્દુ ધર્મના કટ્ટર અનુયાયી અને ઉત્સાહી સંરક્ષક કાશી નરેશના કાનમાં પડી. અને તેઓશ્રીએ જૈન મુનિવર્યોને પોતાના મહેલમાં પધારવાને આમંત્રણ આપ્યું. ત્યાં વિદ્વાન પંડિતોની સભામાં મુનિશ્રી ધર્મવિજયજી મહારાજે જૈનધર્મની ખાસ નિમ્ન લિખિત વિશેષતાઓ સંબંધી વ્યાખ્યાન કર્યું. જેમાં

पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् ।
अहिंसासत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ॥

આ સિદ્ધાંતો જૈનધર્મના નહિ પણ સમસ્ત ધર્મોના મૂળ પાયારૂપ છે તે તેઓશ્રીએ બતાવ્યું. ધર્મમૂર્તિ મહારાજના વખાણમાં આ વાત સિદ્ધ થતી આજ તે દિવસથી તેઓ જૈન પાઠશાળાના સંરક્ષક—પેટ્રન થયા.

૧૯૦૬ ની સાલમાં ધર્મવિજયજી મહારાજને અલ્હાબાદમાં ભરાતી સનાતન ધર્મ મહાસભા માટે આમંત્રણ મળ્યું. ત્યાં તેઓશ્રીએ જૈન ધર્મ સંબંધી ભાષણ કર્યું અને બતાવ્યું કે જૈનધર્મ તે એક નાસ્તિક દર્શન નથી. તેઓશ્રીના અતિ સુંદર વ્યાખ્યાનથી દરભંગા

નરેશ કે જેઓ કાશી નરેશની જેમ હિન્દુ કટ્ટર રાજા હતા તેમનું ધ્યાન ખેંચાયું આ મહારાજાએ તેઓશ્રીને પોતાના મહેલમાં પધારવાનું આમંત્રણ કર્યું અને ત્યાં જૈનધર્મ અને બૌદ્ધધર્મની વિશેષતા વિષે એક લાંબી ચર્ચા થઈ

હવે ધર્મવિજયજી મહારાજને મગધ કે જે મહાવીર સ્વામીની જન્મભૂમિ અને જીવન-ભૂમિ હતી, ત્યાં વિહાર કરવાની ઇચ્છા થવા માંડી આ દેશમાં પણ અનેક દિગમ્બર જૈનો પણ વાસ કરતા હતા કે જેઓને ધર્મ-પ્રભાવનાથી જગાડવાની જરૂરત હતી. માટે ૧૯ ૬ ના ચોમાસા બાદ તેઓ કાશી છોડી ને આરા અને પટના થઈને પાવાપુરી, કુંડનપુર, રાજગૃહી ગુણાયા આખરે સમેતશીખરજી કે જ્યાં તીર્થ કરોનું નિર્વાણ કલ્યાણક છે ઇત્યાદિ સ્થાનો જોવા ગયા.

મગધથી મુનિરાજ બંગાળ તરફ આગળ વધ્યા કે જ્યાં અહિંસાનો સિદ્ધાંત નહિ જેવો અમલ કરવામાં આવે છે કલકત્તામાં બંગાળી લોકોને વ્યાખ્યાન આપતાં તેઓએ જણાવ્યું કે-શું નવો અહિંસા પાળવી એ હિંદુઓની પણ ફરજ છે. કલકત્તામાં એમના બનારસવાળા વિદ્યાર્થીઓમાંના પાંચને સાધુ તરીકે દીક્ષા પણ આપી બનારસ પાછા જતી વખતે તેઓશ્રીએ નદીયા તરફ વિહાર શરૂ કર્યો કે જ્યાં નૈયાયિક પંડિતોનું કેન્દ્રસ્થાન છે બનારસ પાછા આવીને તેઓએ એમની પાઠશાળાનો પ્રબંધ સુધાર્યો અને એક પશુશાળા સ્થાપી ૧૯ ૮ માં કાશીનરેશના સભાપતિત્વ નીચે સમસ્ત ભારતમાંથી આવેલા પંડિતોએ પાઠશાળામાં એકત્રિત થઈને ગુરુજીને એક સન્માન પત્ર સમર્પિત કર્યું કે જેમાં તેઓશ્રીને શાસ્ત્રવિશારદ જૈનાચાર્યની પદવી આપવામાં આવી હતી.

(૩)

૧૯૨૧ ની સાલની અંતમાં જૈનાચાર્યશ્રીએ ફરીથી તૈયાર થઈને

અહીંથી પ્રયાણ કર્યું અહિંસાનો ઉપદેશ આપતાં તેઓ અયોધ્યા, ફૈઝાબાદ, લખનૌ, કાનપુર, કનોજ ફરૂખાબાદ, કાયમગંજ અને ફીરોઝાબાદ આદિ વિહાર કરી સને ૧૯૧૨ ના ચોમાસા પહેલાં તેઓશ્રી આગ્રામાં પહોંચ્યા. ત્યાં ચોમાસું કર્યું ત્યાં એક જૈનલાયબ્રેરી અને ધી ડીસ્પેન્સરી ખોલાવી. એક પાઠશાળાની યોજના પણ ત્યાં થઇ કે જે તેમના પ્રયત્નથી કાશીથી આવેલા પાલીતાણા નગરમાં ખોલવામાં આવ્યું.

મથુરા, વૃન્દાવન, ભરતપુર, જયપુર અને અજમેર આદિ વિહાર કરતા તેઓ ૧૯૧૩ માં જોધપુર-મારવાડમાં પહોંચ્યા. ચોમાસું ત્યાં જ કર્યું. આ વખતે પ્રાચીન જૈન સાહિત્યના સંરક્ષણ અને ફેલાવા સંબંધે વિચારો. એક જૈનસંસ્થા જેવી સંસ્થાની સ્થાપના થઇ જૈનસંસ્થા સ્થાન માટે જોધપુર નગર પસંદ કરવામાં આવ્યું. ત્યાં પહેલું જૈન સાહિત્ય-સંમેલન ૧૯૧૪ ની સાલમાં ભરાયું. પ્રોફેસર હર્મન યાકોબી કે જેઓ આ વખતે હિન્દુસ્તાનમાં હતા, અને જેઓ જૈનાચાર્ય શ્રીવિજય ધર્મસૂરીશ્વરજીને પત્રવ્યવહારથી જાણતા હતા, તેઓશ્રીએ પણ આ પરિષદમાં ભાગ લીધો. સ્વ. કાશી વાળા મહામહોપાધ્યાય સતીશચંદ્ર વિદ્યાભૂષણ સભાપતિ હતા. પ્રોફેસર યાકોબીએ કહ્યું કે "સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજીના માટે કે જેમની સાથે મને ઘણા વખતથી પત્રવ્યવહારથી સંબંધ છે જે ઉપકારની આગળ હું ઘણા વખતથી ઋણને ભાગી છું તે હું અહીં મળ્યા છું. તેમની અનિત્ય મહેરબાનીએ, ખાસ ઉપર જ નહીં પરંતુ જૈનધર્મના બીજા અભ્યાસીઓ ઉપર પણ જે ઉપકાર કર્યો છે તે માટે જાહેર આભાર માનવાથી મને અત્યંત સંતોષ થાય છે. જૈનશાસ્ત્ર સંબંધીના મને જે ગુપ્ત પ્રશ્નો તેમની આગળ મૂકવામાં આવ્યા, તે બધા પ્રશ્નોનું સમાધાન કરવા તેઓ હમેશાં આતુર હતા. અને ખાસ અહિં આવ્યા પછી મે પણ વિશેષ મળવાથી તેમની સલાહ લીધી

છે. ધર્મ-જૈન સંબંધીની કેટલીક મુશ્કેલીઓ કે જેમાંથી હું ઘણા વખ-તથી નિરાશ બન્યો હતો, તે તેઓશ્રીએ મને સ્પષ્ટ સમજાવી દીધી. જૈનધર્મના ગ્રંથોમાં આવેલાં તીર્થંકરોની મૂર્તિની પૂજા સંબંધીના મહત્ત્વના ઉલ્લેખો તેમણે મને બતાવ્યા. ઇત્યાદિ અનેક રીતે તેઓશ્રીએ મને અનેક રીતે સહાયતા કરી છે. આથી તેઓએ પાશ્ચાત્ય વિદ્વાનોમાં જૈન-ધર્મ વિષે સાચી માન્યતાઓ ઉત્પન્ન કરવા માટે ઘણો ફાળો આપ્યો. તેઓશ્રીની મહેરબાનીભર્યા આમને જણાવે પછી ખરી નવો રસ ઉભો થયો છે કે જેથી જૈનધર્મનું એડીટ કરવાનું મન થયું છે."

ત્યાર પછી આચાર્યશ્રીએ મેસોપોટેમીયા, કે જે જૈનોનું એક પવિત્ર સ્થાન છે તે તરફ વિહાર કર્યો. વિક્રમ સંવત ૧૯૬૪નું ચોમાસું કર્યું. પછી તેઓ બંગાળમાં ઉપદેશ આપતા અને પાઠશાળા વિગેરે સ્થાપના કરી સંસ્થાઓ ખોલતા તેઓશ્રી વિહાર કરી ગયા. મેવાડમાં પણ વિહાર કર્યો બાદ તેઓ ૧૯૭૦માં જ શ્રી કેસરિયાજી બાદ ગુજરાતમાં પધાર્યા. શિવપુરીમાં મરણીનો ઉપદેશ દેતા તેઓશ્રી પોતાનો પવિત્ર સંદેશ ફેલાવતા ગામે ગામ વિચર્યા.

જૈન-ગુજરાત સંબંધી જે માન્યતાઓ આજકાલ પ્રચલિત છે તે ચોક્કસ કરીને આ મહાન ગુરુના અનંત પ્રયત્નનું ફળ છે. લગભગ પ્રત્યેક એન્ટીક્વેરીઅનને—પછી તે હિંદુસ્તાની હોય કે વિલાયતના હોય—પુસ્તક અને હસ્ત લિખિત પ્રતો અથવા પોતાની આજ્ઞા અને સલાહ દ્વારા મદદ કરતા હતા. જૈનોલોજીને આગળ વધારવાનું કોઈ પણ એવું સાધન નહોતું કે જે તેમની દૃષ્ટિબહાર ન હોય. તેઓશ્રીનું મોટું કામ યશોવિજયજી જૈનગ્રંથમાળા છે. તે લગભગ ૭૦ સંસ્કૃત અને પ્રાકૃતમાં લખેલાં પ્રાચીન ગ્રંથોનો સંગ્રહ છે કે જે બનારસમાં ૧૯૦૪ પછીથી જાહેર કરવામાં આવ્યા હતા. તેઓશ્રી ફક્ત સાધારણ લેખક નહોતા. તેઓએ હેમચંદ્રાચાર્યના યોગશાસ્ત્રનું એડીશન

થયું હતું કે જે બીબ્લીઓગ્રાફીમાં ઇંડિકા ના નામથી મહત્ત્વપૂર્ણ જાહેર થયું છે પ્રોફેસર બેન્ડોલની ટીક્સીપીએ તેની વિશદ સમાલોચના લખી હતી. પરંતુ વિજયધર્મસૂરીશ્વરજીએ જર્નલ ઓફ ધી એશીયાટિક સોસાયટી ઓફ બેંગાલ (૧૯૧૧)માં એક પ્રતિ સમાલોચનામાં પોતાની માન્યતાઓનો બચાવ કરી લીધો, જેનાથી તેઓ પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સમસ્ત વિદ્વાનોની આગળ ગહન વિદ્વાન અને સમ્માનપાત્ર જાહેર થયા છે.

પૂજ્ય આચાર્ય મહારાજના સ્વતંત્ર ગ્રંથોમાંના કેટલાક આ છે: અહિંસાદિગ્દર્શન કે જેમાં અહિંસાના સિદ્ધાંત સંબંધી વિવેચન કર્યું છે, જૈનતત્ત્વદિગ્દર્શન—કે જેમાં જૈનદર્શનના સિદ્ધાંતનું પ્રતિપાદન કરેલું છે, જૈનશિક્ષાદિગ્દર્શન, પુરુષાર્થદિગ્દર્શન, ઇન્દ્રિયપરાજય દિગ્દર્શન, બ્રહ્મચર્યદિગ્દર્શન અને આત્મોન્નતિદિગ્દર્શન. ૧૯૧૧ ની સાલમાં તેઓશ્રીએ પાક્ષિક–જૈનપત્ર સ્થાપિત કર્યું કે જેનું નામ જૈનશાસન રાખવામાં આવ્યું હતું અને જે હિન્દી અને ગુજરાતીમાં જાહેર થતું હતું. આ સમયમાં તેઓ ધર્મદેશના નામવાળા એક નિત પીની ગ્રંથ પ્રકટ કરતા હતા. તે ઉપરાંત હિન્દી ગુજરાતી અને અંગ્રેજીમાં લખેલું "ધર્માભ્યુદય" નામનું એક માસિકપત્ર શરૂ થયું હતું તે આગ્રાથી નીકળતું હતું.

તેઓશ્રી પ્રતિભાશાળી અને પુરાતત્ત્વના એક અભ્યાસી હતા. શિલાલેખો, પુરાતત્ત્વો વગેરેની સામગ્રી તેઓ ભેગી કરતા હતા. દેવકુલપાટક નામની એક ચોપડી તેઓએ લખેલી છે કે જેમાં મેવાડમાં આવેલ દેલવાડા ગામના જૈન મંદિરોના ૨૬ શિલાલેખો પ્રકાશિત કરવામાં આવેલ છે. ઐતિહાસિક રાસ-સંગ્રહ નામનો ઐતિહાસિક ગ્રંથોનો એક સંગ્રહ પણ તેઓશ્રીએ કરેલ છે. જે એક જૈન વિદ્વાન

અને એક મહાન જૈનસાધુ તરીકે આપણે તેઓશ્રીને ઓળખીએ તો તેમના સંબંધમાં કહેવાનું ઘણું બાકી જ રહે છે. તેઓશ્રી તે કરતાં પણ વિશેષ હતા. મોહિત એ. વે. સુનાવાલા, એમના 'વિજયધર્મસૂરિ' નામના ગ્રંથમાં (અંગ્રેજીમાં પ્રગટ થયેલું) આ મહાત્માના વ્યક્તિત્વ સંબંધી નિમ્ન લિખિત શબ્દોથી વર્ણન કરે છે: " જે મનુષ્યો તેઓશ્રીને ધન્યવાદ આપે છે તેઓને પૂછે છે અને મને છે તો તેમના મહાન્ અપૂર્વ અને આકર્ષક પ્રભાવ વ્યક્તિત્વ અજબ પ્રભાવ છે. તેઓ બહુ વિદ્વાન, ઉચ્ચ કોટીના લેખક હતા. તેઓશ્રી સાધારણ જન-સમૂહના સુખદુઃખને સમજતા અને તેઓના હિતેચ્છુ પણ હતા. તેઓ પોતાના સાધુ-નિયમોને કડક રીતે પાળતા હોવા છતાં પણ પોતાના ધર્મના રહસ્યને પણ ઉદાર રીતે સમજતા સમજાવતા હતા. તેઓ સ્વ. અને દીર્ઘદૃષ્ટિવાળા એક મહર્ષિ હતા. તેઓ એક સાથે ધનવાન, કાર્યકુશળ અને ઉત્સાહી હતા. તેમનો સ્વભાવ સત્યાભિમાની હોવા છતાં નમ્ર અને વિનયી હતો. તેઓશ્રીના આત્મ-દમન ગંભીરતા અને એવી આત્મશક્તિ હતી કે જે ગમે તેવી ભીડ ગમે તેવા રાજકીય આપદ અને સત્તા, અને ગમે તેવી ઈર્ષ્યા, દ્વેષ અથવા વૈમનસ્યની આગ શમાવવા વિજયી થતા હતી. તેમનામાં ચારિત્રની એવી શક્તિ હતી કે જેનો પ્રકાશ, ગમે તેવા સામાજિક ઝઘડા ઈર્ષ્યા દ્વેષો અને વૈમનસ્ય રૂપી અંધકારમાં શમાવવા કાયમ રહેતો હતો.

એ ઉમદા વ્યક્તિગત ગુણોને છોડીને તેઓશ્રીએ સાહિત્યની અને સભ્યતાની જે સેવા બજાવી છે તે ઉપર ધ્યાન કરીએ તો માલૂમ પડે કે આ વિષયમાં પણ આચાર્ય વિજયધર્મસૂરિ મહારાજને એક મહાન્ કહેવા જોઈએ. તેમની વિદ્વત્તા અને સભ્યતા ઉચ્ચ કોટિની હતી. તેઓશ્રીએ લખેલા અને પ્રગટ કરેલા ગ્રંથોની મોટી સંખ્યા તેની સાક્ષીભૂત છે. સાહિત્ય-ક્ષેત્રમાં તેઓશ્રીએ જે મોટી સેવા કરી હતી અને

તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં તેઓએ જે કિંમતી કામ કર્યું હતું તેના ભાગમાં પ્રશસ્ત ભારતમાંના પંડિતો એ મોટી સંખ્યાએ એમ સંમતિથી તેઓશ્રીને "શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય" આ પદવી આપી છે. વિલાયતના ઓરિએન્ટાલીસ્ટો, કે જેઓ વિશેષ પ્રમાણ રીતે જૈનધર્મના સંબંધમાં જાણેલો છે તેઓ તથા તેઓશ્રીથી બહુજ સારી રીતે પરિચિત છે. પરંતુ હિન્દુસ્તાનના વિદ્વાનોએ જાણતી નથી. માટે તેઓ બીજા દેશની ખબર પડી છે તે એક બહુજ વિચિત્ર વાત છે કે આ મોટા મહર્ષિએ સાહિત્યના ક્ષેત્રમાં કરેલી સેવા એટલે દૂર સુધી અને એટલે સંપૂર્ણ રીતે વિલાયતના ઓરિએન્ટાલીસ્ટો તથા બીજા સંસ્કૃત અને પ્રાકૃતના વિદ્વાનોમાં પરિચિત અને પ્રસિદ્ધ થઈ છે તેમ પરિચિત અને પ્રસિદ્ધ તેઓ તેમની માતૃભૂમિ હિન્દુસ્તાનમાં નથી થયા. તે ખરેખર બહુજ દિલગીરીની વાત છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ આચાર્ય મહારાજના જીવન અને કામકાજના લેખોમાં રસ લીધો કે જેથી તેમાંના કેટલાક—દાખલા તરીકે, જર્મનીવાળા પ્રોફેસર જે. હેર્ટલ, ફ્રાન્સવાળા પ્રોફેસર એ. ગેરીનો, ઇટાલીવાળા પ્રોફેસર એફ. બેલોની ફીલીપી અને પ્રોફેસર એલ. પી. ટેસીટો-રીએ એમના જીવન ચરિત્ર લખ્યાં છે એ જાણીને ભારતની પ્રજાને પણ આશ્ચર્ય થતું હશે.

ઈ. સ. ૧૯૨૧ ના અંતમાં પૂ. આચાર્ય મહારાજની તબીયત વધુ નરમ થઈ ગઈ અને ૧૯૨૨ ની સાલમાં તેઓ સ્વર્ગવાસી થયા.

આ મોટા મહર્ષિ અને વિદ્વાનના જીવનચરિત્રનું આ ટુંક વિષે અત્યંત યોગ્ય રીતે વર્ણન કરવું અશક્ય છે. માટે વાચક! તેઓશ્રીના જીવન અને પ્રમાણભૂત સંબંધીના વધારે વિસ્તૃત સમાચાર માટે, જેનાં નામ મેં ઉપર લીધાં છે તેનો અભ્યાસ કરે તેમ ચાહું છું.

મેટન ગીન્દુ એપ્રિલ ૧૯૨૩ પછી.

૮

જૈનશાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી

(લેખક [illegible] ઘડીઆળી, મુંબઈ)

ગઈ તા. ૫ મી સપ્ટેમ્બરના મંગળવારના દિવસે ગ્વાલિયરના શિવપુરી ગામમાં જૈન કોમના મહાન્ આચાર્ય શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિ મહારાજ ૬ કલાકે અનેક શિષ્યો અને વ્યાખ્યાનશ્રોતાઓની હાજરીમાં આ દુનિયા છોડી ગયા હતા. જેથી જૈન કોમમાં મોટો શોક ફેલાયો છે. તેઓ ઘણાં વર્ષોથી માંદા રહેતા હતા અને અનેક ઉપાયો કરવા છતાં તેમનું આયુષ્ય લંબાવી શકાયું ન હતું.

આચાર્ય શ્રી વિજયધર્મસૂરિ જન્મથી વેપારી વીસા શ્રીમાળી જૈન હતા. તેમના પિતાશ્રીનું નામ રામચંદભાઈ અને માતુશ્રીનું નામ કમલાબાઈ હતું. તેમનું પોતાનું જન્મનામ મૂળચંદ હતું અને તેમની જન્મભૂમિ મહુવા હતી. તેમનો જન્મ સંવત ૧૯૨૪ માં થયો હતો.

બાલ્યાવસ્થામાં મૂળચંદ બહુજ તોફાની અને વિદ્યા તરફ કે ભણવા તરફ બહુ થોડી લાગણી ધરાવનાર છોકરો હતો અને તેમના માતપિતાએ પણ ધાર્યું ન હતું કે તે ભવિષ્યમાં એક મોટો ધર્મગુરુ થશે. નિશાળમાં એ મૂળચંદ ફક્ત હાજરી આપતો અને શિક્ષકોને તેના તરફથી કોઈ પણ વખત સંતોષ ન હતો. આથી તેના પિતાએ ૧૪ વર્ષની ઉંમરેજ તેને નિશાળમાંથી ઉઠાડી મૂક્યો અને પોતાની સાથે ફેરવવા માંડ્યો. પણ તોફાની છોકરાએ દરકાર ન કરતાં ખરાબ સોબતો કરી અને તે જુગાર રમવા લાગ્યો.

એક વખતે મૂળચંદને જુગારમાં મોટી ખોટ આવી અને તેના માતપિતાને તે વિષે ખબર પડતાં તેઓએ તેને બહુ ઠપકો આપ્યો. આ ઠપકાની તેના પર મોટી અસર થઈ અને દુનિયા પરથી તેનો પ્રેમ ઉઠી જતાં તેને વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થયો. તે ભાવનગરમાં ગયો અને ત્યાં

નિરાજના મહાન વિદ્વાન્ જૈન મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની સેવા કરી, સાધુદીક્ષા આપવા વિનંતિ કરી. મહારાજશ્રીએ તેના માતપિતાની પરવાનગી વગર તેમ કરવા ના પાડી અને જ્યારે મૂળચંદે પોતે માતપિતાને બહુ વિનવ્યા બાદ માતપિતાએ સાધુદીક્ષા લેવા પરવાનગી આપી ત્યારેજ માત્ર ૧૯ વર્ષની વયે મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે તેને સાધુદીક્ષા આપી. આ બનાવ સંવત ૧૯૪૩ માં બન્યો.

આ વખતથી મૂળચંદનું નામ બદલાયું અને તે મુનિરાજશ્રી ધર્મવિજયજી બન્યા. આજ સુધી તેમની વિદ્વત્તા નહિ જેવી હતી, પણ આ દીક્ષાપરિવર્તનથી તેમને જ્ઞાન મેળવવા ઘણી ઉત્કંઠા થઈ અને તેમણે રાતદિવસ અભ્યાસ વધારવા માંડ્યો. તેઓએ સંસ્કૃત વ્યાકરણ ભણીલીધું અને પ્રાકૃતનું જ્ઞાન દિનપર દિન વધારવા માંડ્યું અને તેથી તેમની સાથેના બીજા સાધુઓ પણ ચકિત થયા. આ વખતથીજ તેમને એવા વિચારો આવ્યા કે જ્યારે મનુષ્યોની સભામાં ઉપદેશ આપું "ગામેગામ પાઠશાળાઓ સ્થાપું "અનેકને સાચે માર્ગે દોરું" અને એ વિચારો ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા ગયા.

ગુરુમહારાજ શ્રીવૃદ્ધિચંદ્રજી મહારાજ સંવત ૧૯૪૯ના વૈશાખ સુદિ ૭ને દિવસે સ્વર્ગધામ પામતાં, મુનિરાજશ્રી ધર્મવિજયજીને બહુ દુઃખ થયું પણ તે દુઃખ ભુલવા માટે તેઓએ જનસમૂહ પર ઉપકાર કરી જીવન ગાળવા વિચાર કર્યો. તેઓ ભાવનગર થી લીંબડી ગયા અને ત્યાં સંવત ૧૯૪૯માં ચાતુર્માસ કર્યું એજ વખતે તેમની વ્યાખ્યાનશૈલી પ્રભાવશાળી જણાવા લાગી. અને તેમના વ્યાખ્યાનમાં જૈનો ઉપરાંત અન્યદર્શની—હિંદુ મુસલમાન વિગેરે પણ આવવા લાગ્યા. એ બાદ તેઓએ વિરમગામ કપડવંજ સાદડી પાટડી, મહેસાણા, ગોઘા, મહુવા, વિરમગામ અને માંડળમાં ચાતુર્માસ કર્યાં અને દરેક ઠેકાણે ઘણા જૈનેતરોને બોધવાનું કામ તેઓએ શરુ કર્યું તેમને એજ વિચાર હંમેશ આવતો કે "લોક કેવી રીતે અજ્ઞાન તજી જ્ઞાની થાય!

ગુજરાતને પોતાના ઉપદેશનો લાભ આપી ધર્મવિજયજી મહારાજ સંતોષ પામ્યા નહિ. તેમને લાગ્યું કે બંગાળા, બિહાર, મેવાડ, મારવાડ વિગેરે દેશોમાં ધર્મોપદેશની મોટી જરૂર છે અને એ દેશોમાં જવાની મોટી અગત્ય છે. જૈન સાધુઓને જ્યાં જ્યાં જવું પડે છે ત્યાં ત્યાં, તેમને પગે ચાલીને વિહાર માટે ભીક્ષાવૃત્તિથી, જે કોઈ આપે તે ખાઈને, તડકા અને ટાઢમાં કોઈ પણ જાતની ગાડી વગર જવું પડે છે અને રસ્તામાં જો કોઈ પુણ્યશાળી જીવો અને સાધુઓ પર પ્રીતિ રાખનાર મનુષ્યો મળતા નથી તો તેમની સ્થિતિ બહુ ત્રાસદાયક થઈ પડે છે.

પણ એ મુશ્કેલીઓ છતાં તેમણે બનારસ જવાનું બીડું ઝડપ્યું અને કેટલાક સાધુઓ સાથે અનેક દુઃખ વેઠતા સંવત ૧૯૫૯નાં અક્ષય તૃતીયા—વૈશાખ સુદિ ૩—ને દિવસે તેઓએ બનારસ કાશીમાં પ્રવેશ કર્યો. ત્યાં જૈન સાધુઓ માટે નહોતું કોઈ ઉતરવાનું સ્થાન કે રહેવાની જગ્યા. ત્યાં તેને કોઈ ઓળખતું પણ નહતું. પણ મહારાજશ્રીએ અનેક રીતે મહેનત કરી ત્યાં એક નાની પાઠશાળા— "શ્રીયશોવિજય જૈન બનારસ પાઠશાળા," અને "શ્રીહેમચન્દ્રાચાર્ય જૈન પુસ્તકાલય," સ્થાપ્યાં. અને તે વખતના કાશી નરેશને પણ જૈન ધર્મનો ઉપદેશ આપી તેમની પ્રીતિ સંપાદન કરી. એ બાદ તેઓશ્રી બંગાળ અને બિહારના અનેક ગામોમાં ફર્યા અને અનેક જ્ઞાન ખાતા સ્થાપી, સંવત ૧૯૬૪માં પાછા બનારસ પધાર્યા અને ત્યાંની પાઠશાળાનો ઉદ્ધાર કર્યો. આ વખતથી એ પાઠશાળા તરફ અન્ય દર્શની વિદ્વાનોનું ધ્યાન સારી રીતે ખેંચાયું અને તેઓને એક સભામાં શ્રી કાશી નરેશના પ્રમુખપણા નીચે સંવત ૧૯૬૪ના શ્રાવણ વદિ ૧૪ ને દિવસે તેમને "જૈનાચાર્ય શાસ્ત્રવિશારદ"નું પદ અર્પણ કર્યું.

ત્યાર પછીથી તેમની વિહારની અને જ્ઞાન ખાતાઓ સ્થાપવાની

અનેક પુસ્તકો છપાવવાની, ગ્રંથમાળાઓ શરૂ કરવાની સક્રિય પ્રવૃ-
ત્તિ કરવાની અને અનેક પાશ્ચાત્ય તેમજ પૂર્વના વિદ્વાનોને જૈનધર્મ
વડે એમની તવારીખ લખી શકાય કે એ જ હેતુ પુસ્તક પણ
મળે કે તેઓએ સૂરિ પદ મેળવ્યા બાદ શાસ્ત્રોદ્ધારનાં અનેક કાર્યો કર્યાં
હતાં. હસ્તલિખિત પ્રાચીન પુસ્તકોના સંગ્રહો મેળવી તેમાંથી અનેક
પુસ્તકો શ્રી યશોવિજયજી ગ્રંથમાળા મારફતે પ્રગટ કર્યાં હતાં અને તેમની
વિદ્વત્તા ખૂબ જાહેર થતાં અનેક યુરોપિયનો તેમના દ્વારા એ માર્ગે તેમની
સલાહ લેવા આવવા લાગ્યા હતા. તેમણે ઉઘાડે પગે ચાલીને છેક
બંગાળ, પાવાપુરી રાજગૃહિ, સમેતશિખર વિગેરેની મુલાકાત લીધી
હતી, અને કેટલાક રાજા મહારાજાઓને પણ ઉપદેશ આપેલો હતો.
તેમના જીવનના છેલ્લા દિવસોમાં તેઓ શિવપુરી પધાર્યા હતા.
ત્યાં ગત ભાદરવા સુદિ ૧૪ ને દિવસે એટલે લગભગ ૫૪ વર્ષની વયે
તેઓએ પોતાના શરીરનો ત્યાગ કર્યો હતો.

સ્વર્ગસ્થ આચાર્ય શ્રી પ્રત્યે પાશ્ચાત્ય ધર્માભ્યાસીઓ જેવા કે
પ્રોફેસર હરમન યાકોબી, થોમસન, હર્ટલ, ગેરિનોટ, ક્રાઉઝ, ટેસીટોરી
વિગેરે અનેક વિદ્વાનો એક યા બીજી રીતે સંબંધમાં આવ્યા હતા. કેટલાકો
તો તેમની સાથે ચાલુ પત્ર વ્યવહાર રાખતા, કેટલાક તેમની પાસે ખાસ
શીખવા અને પુસ્તકો મેળવવા આવતા અને તેમના વાર્તાલાપથી અતિ
ખુશ થતા. જૈનધર્મ વિષે જે અનેક ભ્રાન્તિઓ ખોટી રીતે ચાલતી હતી,
તે વિષે ખરી બીના આપી સત્ય સમજાવતા. તેમની પાસે એ યુરોપીઅન
વિદ્વાનો ઉપાશ્રયના અંધારામાં પણ રાત દિવસ બેસતા અને ધર્મલાભ
લેતા. તેમની સાથે ગુફામાં જઈ જૈન મૂર્તિઓનાં દર્શન કરી, તે ઉપ-
રના લેખો શોધવામાં સામેલ થતા. તેમના હિન્દી ભાષણ ગુજરાતી
ભાષાંતરોમાં ઉતારી આપતા. તેમની સાથે ધર્મ ચર્ચાઓ કરીને વિચાર કરતા.
તેમની પાસે રહીને જૈન શાસ્ત્રોના આધાર વિચાર તપાસી, તેનું અવ-
લોકન કરતા.

હવે આ જ્ઞાન આપનાર વિરલો ચાલી ગયો છે અને તેમના મરણ સમયે તેમની મુલાકાત લેનાર જે એકલો યુરોપીઅન વિદ્વાન હતો તે પ્રોફેસર સિલ્વન લેવી હતો, જે ખાસ શિવપુરી જઈને તેમના જીવનની છેલ્લી ઘડીઓ દરમિયાન મળ્યો હતો. તેમનું જૈન આગમોનું સંસ્કૃતનું પાલીનું માગધીનું અને પ્રાકૃત ગુજરાતીનું જ્ઞાન અદ્ભુત હતું અને પ્રોફેસર હરટેલે એ જ્ઞાનનું જે પાન કર્યું હતું તેના પરિણામે તે પ્રોફેસર કેટલાક જુના ગુજરાતી પુસ્તકો બહાર પાડનાર છે. તેમની વિદ્વત્તા ભરેલી તેમના જીવન ઉપરથી ઘણા યુરોપીઅન વિદ્વાનોએ, ઈંગ્લીશ ફ્રેંચ, જર્મન અને ઈટાલીઅન ભાષામાં લખ્યા છે. તેઓ બેંગાલની એશીઆટીક સોસાયટીના એસોસીએટ મેમ્બર અને જર્મન તથા ઈટાલીની ઓરીએન્ટલ સોસાયટીના ઓનરરી મેમ્બર હતા. તેઓ અનેક ભાષાના પારંગત, અનેક ગ્રંથોના કર્તા અને જ્ઞાન ભંડારોના સ્થાપક અને જૈનતત્વ જ્ઞાનનો જગતમાં પ્રચાર કરવા માટે પરિશ્રમ ભગીરથ પ્રયત્ન કરનાર જૈન સુધારક સાધુ હતા. જૈન તત્વ જ્ઞાન પરનો તેમનો પ્રેમ અપૂર્વ હતો અને છેલ્લી ઘડી સુધી "વીર! વીર! બોલતાં જ કાળ ધર્મ પામ્યા હતા. તેઓએ અનેક વિદ્વાનોની ખાત્રી કરી આપી હતી કે જૈનધર્મ એ એક સ્વતંત્ર અને પ્રાચીન ધર્મ છે અને તેનાં તત્વો બહુ જ ઊંચા ખાસ રચવા આવે છે.

મહૂમના અનુયાયીઓ આબદ્ધ સાધનાસ્પદોની સંખ્યા હજારોની છે અને તેઓનું યાદગાર સ્મારક કરવા જુદા જુદા પ્રયત્નો થઈ રહ્યા છે. તેમના મુખ્ય શિષ્યોમાં ઉપાધ્યાયજી ઈન્દ્રવિજયજી પ્રવર્તક શ્રી મંગળ-વિજયજી મુનિરાજશ્રી વિદ્યાવિજયજી વગેરે વિદ્વાનો છે જેઓ પોતાના ગુરુની નામના વધુ ઉજ્જવળ કરશે એમ દરેક જણ આશા રાખે છે.

૧૫ મી આકટોબર ૧૯૨૨. ગુજરાતી ઉપરથી ભાષાંતર.

૯

મહાત્મા વિજયધર્મસૂરિજી

(લેખક—ચાકરચંદ ચાંપાચંદ વડીઆળી, મુંબાઈ)

આચાર્યશ્રી વિજયધર્મસૂરિનો જન્મ કાઠિયાવાડમાં આવેલા મહુવા ગામમાં ... કુળમાં સં. ૧૯૨૪ માં થયો હતો. તેઓ જાતે વીશા શ્રીમાળી વણિક હતા અને તેમનું અસલ નામ મૂળચંદ હતું.

સૌ બાળકોનો સામાન્ય ખાવું–પીવું ને રમતગમતમાં વ્યતીત થાય છે. પરંતુ મૂળચંદની ખેલ–કૂદ અને રમતમાં કંઈક વિશેષતા હતી અને તે વિશેષતા એ કે ૧૮ વર્ષની ઉમ્મર સુધી પિતાએ શાળામાં બેસાડી ભણાવવાની અનેક કોશીશ કરવા છતાં મૂળચંદે અભ્યાસ ન કર્યું તે ન જ કર્યું. તેમજ વેપાર ધંધામાં પણ ચિત્ત ચોંટ્યું નહીં. અને જુગારનો રંગ લાગ્યો.

વૈરાગ્ય એ મહાત્માઓનો–સાધુઓનો મુખ્ય હેતુ છે. પણ વૈરાગ્યના પ્રકાર છે. એકને થાય છે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય તો બીજાને થાય છે દુઃખગર્ભિત વૈરાગ્ય. મૂળચંદના મહાત્માપણામાં જે વૈરાગ્ય હતો તે દુઃખગર્ભિત વૈરાગ્ય હતો. જુગારમાં ખૂબ હારી ગયા. પિતા અને વડીલ ભાઈ તરફથી તિરસ્કાર થયો. આ બધું થતાં સંસારનો સ્વાર્થ સમજાયો. એટલે જ એઓ પાર કરનાર મહાત્માની શોધ કરવા લાગ્યા. ભાવનગરમાં એક મહાન યોગીશ્વર મહાત્મા શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે પહોંચ્યા અને ઓગણીસ વર્ષની ઉમરે સં. ૧૯૪૩ના જેઠ વદી પાંચમ દિવસે ભાવનગરમાં જ દીક્ષા ગ્રહણ કરી. હવે મૂળચંદ મટી તેઓ મુનિ ધર્મવિજય બન્યા.

આત્માઓમાં આત્મહિતનું [illegible] પાલન કરવામાં આવ્યું છે [illegible]

ઉક્તિથી—ગુરુસેવાથી પાષાણ પારસ બને છે લોઢું કંચન બને છે ” આ ઉક્તિની સત્યતાનું એ એમને જ્વલંત ઉદાહરણ જેવું હોય તો તે મુનિ શ્રી ધર્મવિજયજી છે. તેઓ દુનિયાના અદ્વિતીય વિદ્વાન મનાયા એક પ્રસિદ્ધ આચાર્ય બન્યા એ માત્ર ગુરુભક્તિથી. તેમની બાલ્યાવસ્થાના અત્યંત પરિમિત સાધનોની અજ્ઞાનાવસ્થામાં શેઠ કુંવરજી આણંદજી મર્હુમ મહાત્માજીના સમાગમની નોંધ લખતાં પોતાના ‘જૈનધર્મ પ્રકાશ’ ના આશ્વિન માસના અંકમાં લખે છે

“ એક દિવસ તેમના વૈરાગ્યાદિ ગુણથી પ્રસન્ન થઈને ગુરુ મહારાજે આશિષ આપી હતી કે ‘તું મોટો અભ્યાસ કર, તું જૈનધર્મનો મોટો નેતા થઈશ.’ આ આશિષ અક્ષરશઃ ફળી છે ”

વળી શ્રી કૃપાનુજ ના ૧૦ ૩ ના એક વખતના મુનિ ધર્મવિજયજી પોતાની વિદ્વત્તાથી દુનિયાને મુગ્ધ કરી સમ્રાટ મહારાજાઓને પ્રતિબોધી ... જેવા ક્ષેત્રમાં દુનિયાના મહાન વિદ્વાનોદ્વારા નામદાર મહી નરેશના હાથે ‘શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય’ નું મહાન પદ મેળવવા ભાગ્યશાળી થઈ શક્યા.

મનુષ્ય માત્રનું કર્તવ્ય દેશદેશાન્તરોમાં વિચરી જનતાને ઉપદેશ આપવા અને સાહિત્ય સેવા કરવી એ બે સિવાય બીજું કાંઈ નથી અને હોય પણ ન શકે. આચાર્ય વિજયધર્મસૂરિએ પોતાના આ બે કર્તવ્યોને સંપૂર્ણ રીતે અદા કર્યાં છે. એ તેમના જીવનનું અવલોકન કરનાર કોઈ પણ સહજ જોઈ શકશે. સં. ૧૯૪૪ ની સાલથી તેમણે સાધુના પ્રથમ કર્તવ્યનું પાલન કરવું આરંભ્યું હતું. સાધુના ધર્મ પ્રમાણે હમેશાં પગે ચાલીને જ મુસાફરી કરવાની હોવા છતાં અને ભિક્ષા માટે ચોક્કસ નિયમો પાળવાના હોવા છતાં તે મહાન કષ્ટોની સામે થઈને પણ તેમણે ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ, મેવાડ, માળવા, ઉત્તરહિંદુસ્તાન, મગધ, બંગાળ અને દક્ષિણ ખાનદેશ વિગેરે લગભગ તમામ દેશોમાં મુસાફરી કરી ગુજરા છે. તેમનો વિહાર તપાસતાં એમ કહેવું અનુચિત નહીં જ હોય કે

ગુફાઓમાં અનેક આચાર્યો અને સાધુઓ રહેતા હતા. આગળ જૈન આચાર્ય કે સાધુ હશે જેઓએ સાધુના પ્રથમ કર્તવ્ય—દેશાંતરમાં ભ્રમણ કરવાના કર્તવ્યમાં આગળ જિનધર્મપ્રતિષ્ઠાની ભાવનાથી કરી હશે. તેમણે દેશાંતરમાં ભ્રમણ માત્ર નથી કર્યું પરંતુ તે તે દેશોની પ્રજાઓ ઉપર મહાન ઉપકારો પણ કર્યા છે. ભગવાન અને ગણધર વિગેરે ઉત્તમ મનુષ્યોને પરોપકાર દેશની સુખાકારી બનાવવા. ત્યારે અને તેની આસપાસના પ્રાંતમાં અત્યંત પ્રેમે લોકોની જે સેવાઓ કરી, તે દૂર કરાવી પ્રેમનો પાઠ શીખવ્યો ત્યાં અજ્ઞાનાંધકાર ફેલાયેલો હતો, ત્યાં તેમણે તેમણે પાઠશાળાઓ સ્થાપી ચલાવી ત્યાં દુષ્કાળો પર કરી રહ્યા હતા ત્યાં તે દુષ્કાળોને દૂર કરાવ્યા. ત્યાં દુષ્ટ વ્યક્તિઓ ખાતર જ ગણી રક્ત વહેતા હતા, ત્યાં આશ્રમો અને દવાખાનાઓ ચલાવી તેમને મનુષ્ય બનાવવા પ્રયત્ન કર્યો. મતલબ કે જ્યાં જ્યાં જે જે આવશ્યકતાઓ જણાઈ ત્યાં ત્યાં તેની પૂર્તિ કરવા તરફ તેમણે ધ્યાન આપ્યું અને તે તે ભૂમિ ઉપકારમય બનાવી.

આ ઉપરાંત પોતાની ગુફાઓમાં પ્રાચીન શિલ્પકલાનું પણ કામ કરતા કરતા અને શિષ્યો પાસે કરાવતા. જેનું પણ સાક્ષ્ય મળે છે તે કામ એટલું સુંદર છે. ત્યાં જૈન પ્રાચીન ખંડેરો વિગેરે છે કે જેમ, કે પ્રાચીન ખંડેર છે કે જેમ, તેની તપાસ કરાવતા, અને જે કંઈ [illegible] કરતાં જણાય તે સમારકામ કરી લેતા. તેમની આ શિલ્પપ્રેમવૃત્તિનું જ એ પરિણામ છે કે ઘણુંખરું આચાર્યોના સમયમાં આજે ગણતર પામેલી જ હજાર શિલાલેખો ઉપરાંત હજાર હસ્તલિખિત પ્રાચીન પુસ્તકો, હજારો જૂની પ્રશસ્તિઓ અને એવી બીજી પ્રતિમાલેખ વગેરેની વારસો રહી ગયો છે. તેમણે એવા એવા શિલાલેખો [illegible] પથ્થરો પરના શિલાલેખોના વિભાગો પછી [illegible] ઐતિહાસિક વિવેચન સાથે ખાતર પાડવાનું કર્યું હતું. જેમાંનો એક ભાગ [illegible] પણ [illegible] થઈ ગયો છે.*

---

* આનો એક ભાગ ખાતર પછી છપાયો છે. — સંપાદક

સાહિત્ય સેવા

જૈનોમાં સાહિત્ય પ્રચારનું સૌથી ઉચ્ચમાં ઉંચુ માન જો કોઈને ઘટતું હોય તો તે વિજયધર્મસૂરિજીને ઘટે છે. આચાર્યશ્રીએ કાશીમાં સૌથી પહેલાં ૧૫-૧૭ વર્ષ પર યશોવિજય પાઠશાળાની સાથે યશોવિજય ગ્રંથમાળા શરૂ કરી, જેમાં અત્યાર સુધીમાં લગભગ એક સો જેટલા ગ્રંથો પ્રકાશિત થઈ ચુક્યા છે.

આચાર્યશ્રીએ ગ્રંથ પ્રકાશન કાર્યમાં બીજાઓની માફક સંકુચિત આશય નહોતો રાખ્યો. તેઓ તે ગ્રંથોનો લાભ જૈન વિદ્વાનો જ નહિ પરંતુ જૈનેતર વિદ્વાનો પણ લે, એને માટે પૂરે ભાવે વિદ્વાનોને તે ગ્રંથો ભેટમાં આપતા અને મોકલાવતા. ઈંગ્લાંડ, જર્મની, ઇટલી અને રશિયા, ફ્રાન્સ અને એવા બીજા દેશોમાં જૈન સાહિત્યના અનેક અભ્યાસીઓ બહાર પડ્યા છે એના કારણમાં આચાર્યશ્રીની આ ઉદારતા મુખ્ય છે.

આચાર્યશ્રીએ જેમ પ્રાચીન ગ્રંથો બહાર પાડવાનું કામ આરંભ્યું હતું તેમ ગુજરાતી, હિંદી અને સંસ્કૃત ભાષામાં સ્વતંત્ર ગ્રંથો લખી તેની હજારો નકલો છપાવવાની તેનો પ્રચાર કરવાનું કામ પણ તેમણે [illegible] આરંભ્યું હતું જેને લીધે તેઓ અત્યાર સુધીમાં લગભગ નાના મોટા ૧૫-૧૬ ગ્રંથો લખી શક્યા હતા. જેમાંના ઘણા ખરા પ્રકાશિત થયા છે અને બીજા અપ્રસિદ્ધ છે. આચાર્યશ્રીની લેખનશૈલી, ભાષાનું માધુર્ય, દલીલોની સચોટતા અને તે ગ્રંથોની ઉપયોગીતા એટલી બધી છે કે જેને લીધે તેમના એક એક ગ્રંથની બબ્બે ત્રણ ત્રણ આવૃત્તિઓ નીકળી ચુકી છે. તેમની વિદ્યા અને સાહિત્ય સેવાની પ્રસિદ્ધિનું જ એ પરિણામ છે કે સૂરિજીને કલકત્તા એશીઆટીક સોસાયટી ઓફ બેંગાલના ઓનરરી મેમ્બર, તેમ ઇટાલીની એશીઆટીક સોસાયટીએ અને જર્મન ઓરિએન્ટલ સોસાયટીએ પોત

પોતાની કોમળબુદ્ધિઓના ઓનરરી મેમ્બર બનાવ્યા હતા. સૂરિજીએ બના-વેલા અને સંશોધિત કરેલા પ્રસિદ્ધ ગ્રંથો આ છે: "ધર્મદેશના" "જૈનતત્ત્વ દિગ્દર્શન" "જૈન શિક્ષા દિગ્દર્શન" "પુરુષાર્થ દિગ્દર્શન" "અહિંસાદિગ્દર્શન" "શ્રાદ્ધધર્મ" "ઇન્દ્રિય પરાજય દિગ્દર્શન" "આત્મોન્નતિ દિગ્દર્શન" "ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ ૧ ૨ ૩" "જૈન તત્ત્વજ્ઞાનમ્" "દેવદ્રવ્ય સંબંધી મારા વિચારો" "ઐતિહાસિક તીર્થમાળા સંગ્રહ" "પ્રમાણ પરિભાષા" વગેરે. આ સિવાય સંસ્કૃત ભાષાઓમાં બનાવેલા બીજા કેટલાક ગ્રંથો અપ્રસિદ્ધ પણ છે.

પાશ્ચાત્ય દેશોમાં પ્રસિદ્ધિ

આચાર્ય વિજયધર્મસૂરિજીએ પોતાની વિદ્વત્તાથી આ દેશના વિદ્વાનોમાંજ ખ્યાતિ નથી મેળવી, પરંતુ ઇંગ્લેંડ, જર્મની, ઈટલી, ફ્રાન્સ, અમેરીકા અને આવા બીજા દેશોના વિદ્વાનોમાં અદ્વિતીય ખ્યાતિ મેળવી હતી. અને પ્રાચીન વિદ્વાન્ ડૉક્ટર એલ. પી. ટેસીટોરી અને સુપ્રસિદ્ધ ફ્રેન્ચ વિદ્વાન સીલ્વન લેવીના કથન પ્રમાણે કહીએ તો આચાર્ય વિજય-ધર્મસૂરિજીને આ દેશના વિદ્વાનો જેટલા ઓળખી શક્યા છે તેના કરતાં પાશ્ચાત્ય વિદ્વાનો વધારે ઓળખી શક્યા છે. અને તેનું જ એ પરિણામ છે કે પાશ્ચાત્ય વિદ્વાનોમાંના એક બે નહીં, પરંતુ સંખ્યાબંધ વિદ્વાનો, આચાર્ય વિજયધર્મસૂરિજીને તેમના અભ્યાસમાં કરેલી સહાયતા બદલ આભારપૂર્વક ઓળખાવ્યા માને છે. કેટલાએક વિદ્વાનોએ તો પોતપોતાની ભાષામાં આચાર્યશ્રીના જીવનચરિત્રો લખીને પણ પ્રકટ કર્યાં છે. જેમ ડૉક્ટર બેલોની ફીલીપીએ પ્રાચીન ભાષામાં અને ડૉ. ગેરીનોએ ફ્રેંચ ભાષામાં લખ્યાં છે.

[illegible] પ્રો. [illegible]

વાળાએ અંગ્રેજીમાં લખેલું એક મોટું જીવનચરિત્ર કેમ્બ્રિજ યુનીવર્સીટી પ્રેસ તરફથી છપાઈને બહાર પડ્યું છે

આ ઉપરાંત ડૉક્ટર એલ. પી. ટેસીટોરીએ અંગ્રેજીમાં લખેલું જીવનચરિત્ર તો પ્રસિદ્ધ જ છે તે સિવાય જર્મન વિદ્વાન ડૉ. ક્રાઉઝ, આવતા વર્ષમાં લીપઝીકમાં ભરાનારી પરદેશ વિદ્વાનોની કોંગ્રેસમાં "વિજયધર્મસૂરિ અને તેમના ગ્રંથો" એ વિષય ઉપર ખાસ એક નિબંધ વાંચનાર છે

તેઓ જ્યાં જ્યાં વિચરતા, ત્યાં ત્યાં જ્ઞાનપ્રચારનાં સાધનોનો ખાસ ઉપદેશ આપતા. કાશીની ઉપર્યુક્ત પાઠશાળા ઉપરાંત પાલીતાણાનું યશોવિજય ગુરુકુળ, મુંબઈનું વીરતત્ત્વ પ્રકાશક મંડળ, મહુવાનું યશોવૃદ્ધિ બાલાશ્રમ, શીવપુરીની જૈન બોર્ડિંગ, એ આદર્શભૂત સંસ્થાઓ તેમનાજ ઉપદેશનું પરિણામ છે. આવી રીતે મારવાડ મેવાડ વીગેરેમાં નાની નાની અનેક પાઠશાળાઓ સ્થાપન કરાવી એ તે જુદી.

વળી જ્ઞાનપ્રચારને માટે જેમ તેમણે પાઠશાળાઓ, બાલાશ્રમો અને બોર્ડિંગો સ્થાપન કરાવ્યાં છે તેવીજ રીતે ઠેકાણે ઠેકાણે લાયબ્રેરીઓ પણ સ્થાપન કરાવી છે. તેમની જ્ઞાનાભિરુચિતા અને ઉદારતાનું એ ખાસ ઉદાહરણ છે કે પોતાનાં ખાનગી પુસ્તકોનો એક વિશાળ ભંડાર, જેમાં હજારો હસ્તલિખિત પુસ્તકો અને હજારો છાપેલ તમામ જાતનાં પુસ્તકોનો સમાવેશ થઈ જાય છે તે જગતના લાભને માટે પબ્લીક લાયબ્રેરી તરીકે ખુલ્લો મુકવાની વ્યવસ્થા કરી ગયા છે

દેશ કાળ સમજવાની શક્તિ.

ભગવાનનું મહાન સૂત્ર "દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવને ઓળખો" એ બતાવે છે કે ધર્મનાં વ્યાખ્યાનો આપો, અનેક ગ્રંથો લખો, આગમોના

પારણામાં કહેવાયો, પરંતુ દેહમાં એ ગભરાટની શક્તિ નથી, તો તે દાન અને વ્યાખ્યાન ધૂળ ઉપર લીંપણ બરાબર છે. મહાત્મા વિજયધર્મસૂરિ એ પોતાનો પ્રકાશ જગત ઉપર નાખ્યો, તેમણે વિદ્વાનોને આકર્ષી નાખ્યા, અને તેઓ જૈન ગુરુ જેવાં જગત તેમને પોતાના ગુરુ માનવા એ એમના સમય એ જમાનાના ગુણનેજ આભારી છે. આજનાકાળની મ-નાની એક વિરલ સંસ્થા એક જૈન ગૃહસ્થ આચાર્ય મહારાજશ્રીને ઉપકાર માનતાં ત્યાં એમ બોલ્યા કે— અમારા ગુરુ ત્યાં તરફથી સ-ભાએ તેમને આવકાર્યા અને પોતાના કરીને કહ્યું, " અમારા ગુરુ નથી પરંતુ આપણા ગુરુ છો." તેમના આ ગુણનુંજ એ પરિણામ હતું કે જે વખતે જૈનસાધુઓ ઉપાશ્રયના ખૂણામાં પાટ ઉપર બેસીનેજ વ્યાખ્યાન વાંચવામાં પોતાનું મહત્વ અને ગૌરવ સમજી રહ્યા હતા, એટલુંજ નહિ પરંતુ જાહેર વ્યાખ્યાન આપવામાં મહાન પાપ અને ધર્મનો નાશ સમ-જતા હતા, તે વખતે આ બહાદુર નરે બહાર પડી જાહેર વ્યાખ્યાનો આપવાની પહેલ કરી અને પોતાના ઉપર થતા આક્રમણ આક્ષેપો સહન કર્યાં. આજે તેજ પાપ સમજનારા અને ધર્મનો નાશ સમજનારા સાધુઓ આગ્રહથી આદિ સ્થળ જાહેર વ્યાખ્યાનો આપી રહ્યા છે. તેમની એ ઉદાર વૃત્તિએ—તેમની સમયસૂચકતાએ ગોરાઓએજ તેમને નથી આવકાર્યા, યુરોપી સ્તા સિદ્ધાંતની ઉપર આસ્થાને અભિલાષ કરવા તેમણે વધારે પ્રેરણા કરી. અને તેથીજ તેઓ સમાજની કે સાધુઓની વગર પણ દરકાર કર્યા સિવાય જગદ્‌ગુરુ હીરવિજયસૂરિ અને મહાન આચાર્ય હેમચંદ્રાચાર્યની માફક રાજદરબારમાં અહિંસાની ભાવના જાગૃત કરવાનો પણ પ્રયત્ન કરવા લાગ્યા. તેઓ જ્યાં જ્યાં જતા પ્રાયઃ ત્યાં ત્યાંના રાજાને, એજન્ટો-રેસીડેન્ટોને કે રાજ્યાધિકારીઓને અવશ્ય મળતા અને તેમને ધર્મોપદેશ આપતા.

આ ઉપરાંત ગવર્નરો, તેમના એજન્ટોને, કમીશ્નરોને પણ આચાર્ય-શ્રીના ઉપદેશનો લાભ મળ્યો હતો.

તેઓશ્રી આમ છતાં કોઈક રાજદરબારોમાં જતા આવતા હતા અને તેમને ઉપદેશ આપતા હતા કેમકે તેમનું માનવું હતું કે "એક લાખ મનુષ્યોને ઉપદેશ આપવામાં સમાયેલો છે તે એક રાજા અથવા રાજ્યાધિકારીને આપવામાં સમાયેલો છે" અને એવા લાભની ખાતર પોતાને ગમે ત્યાં પણ જવું પડે તો તેમાં ધર્મની કે પોતાની માનહાનિ નહીં પરંતુ ગૌરવજ રહેલું સમજતા અને એ માર્ગે એમણે અનેક રાજાઓમાંની છત્રછાયા મેળવી છે ને તેથીજ અનેક રાજા કે અમલદારોના પાસે આવેલો કોઈપણ ધર્મ કે સમાજનો મનુષ્ય સંતુષ્ટ થયા વિના ગયો નથી. તેમની ઉપદેશ પદ્ધતિ પણ સમયસૂચકતાથી પરિપૂર્ણ રહેતી. સ્વધર્મની દૃઢતા સાથે પરધર્મ સહિષ્ણુતા પણ તેમનામાં ભારે હતી. તેમનો ખાસ સિદ્ધાંત હતો કે 'અધર્મનું ખંડન કરવા કરતા સદ્ધર્મનું પ્રતિપાદન કરવું એજ વધારે શ્રેષ્ઠ છે અસત્યનો તિરસ્કાર કરવા કરતા સત્યનું સ્વાગત—સત્યનો સત્કાર વધારે શ્રેષ્ઠ છે દુર્જનને નિંદવા કરતા સજ્જનનું સ્વરૂપ પ્રકાશવું એ ઉત્તમ છે' તેમનો ઉપદેશ આ સિદ્ધાંતોને આધારે અપાતો. અને તેથી ગમે તેવો વિરોધી પણ સંતોષ પામીને જતો. એક બીજાનું ખંડન કરવામાં આનંદ માનનારાઓએ વિજયધર્મસૂરિના આ સિદ્ધાંત ઉપર ધ્યાન આપવું જોઈએ. હા, કોઈ વિના કારણે તેમના ધર્મ કે સિદ્ધાંતો ઉપર આક્ષેપો કરતું તો તેનો યુક્તિપૂર્વક જવાબ આપવામાં તેઓ કદી પાછા ન હઠતા

આચાર્યશ્રીના જીવનના તમામ પ્રસંગો જોતા તેમનું મનોબળ તેમની નીડરતા તેમનો શાસનપ્રેમ અને તેમની કાર્યદક્ષતા—એ બધું જોતા એમ કહેવું વધારે પડતું નથી કે મહાત્મા વિજયધર્મસૂરિ, એક સામાન્ય આચાર્ય કે સામાન્ય વ્યક્તિ નહીં, પરંતુ આ વીસમી સદીમાં જૈનસમાજમાં નવયુગનો પ્રવર્તાવનાર એક મહાન પ્રવર્તક નર હતા. જેણે જૈન આચાર્યોને

[illegible]

આ મનુષ્યને અને જનસમાજને પોતાના ઉત્તમ [illegible] અને એ શીખવ્યા, જેણે જનસમાજ [illegible] જેણે આ અને યુરોપના દેશોને [illegible] કરી નાખ્યું અને જેણે [illegible] એ ચોક્કસ [illegible] નહીં પરંતુ સાચો અને પવિત્ર સનાતન ધર્મ છે એવી આ [illegible]

[illegible]

[illegible]

પ્રકરણ ૧૧ મું



પાશ્ચાત્ય પત્રોની નોંધ.

૧

અલ્લેહેરાન્ડી વેઝરેલિઝિઓની-સ્થાન રોમ

(ઇટલી ભાષામાંથી)

નવીન ભારતના સૌથી મ્હોટા પુરૂષોમાંના એક સ્વર્ગવાસી થયા છે ધર્મથી ભરેલું અને આરામ રહિત જીવન પૂરૂં કરીને આ પૂજ્ય જૈનાચાર્ય એવી શાશ્વત શાંતિમાં દાખલ થયા છે કે જે શાંતિને ઉત્તમ યોગીઓ પ્રાપ્ત કરે છે એમ ધર્મશીલો કહે છે તેઓ પોતાની પાછળ એવી સ્મરણીય નિશાનીઓ મૂકી ગયા છે કે જે નિશાનીઓ ક્યારે પણ નષ્ટ થાય તેમ નથી તે નિશાનીઓ આ છે (૧) જેઓને તેઓ વધારે ચાહતા હતા, એવા શિષ્યોમાં ઘણી સુંદર ભાવનાઓ. (૨) જૈનધર્મ સંબંધી લખેલા વિવિધ પ્રકારના ગ્રંથો અને (૩) જનસમાજમાં એમના વ્યક્તિત્વની ઘણી પ્રભાવશાળી અસર કે જે જનસમાજમાં તેમના અવસાનથી ભારે ખોટ પડેલી માનવામાં આવે છે શ્રીઇન્દ્રવિજય ઉપાધ્યાય, કે જેઓ એમના મુખ્ય શિષ્ય અને પટ્ટધર છે તેમણે મને નિમ્નલિખિત શબ્દોથી આ દુઃખદાયક સમાચાર મોકલ્યા હતા.

૫ મી સપ્ટેમ્બર મંગળવારે સ્વારે સાડાછ વાગે મારા પૂજનીય ગુરૂમહારાજ શ્રીવિજયધર્મસૂરિ સંપૂર્ણ શાંતિપૂર્વક આ અસાર સંસારથી નીકળી ગયા છે પુસ્તકનો વિચાર કરતાં સ્પષ્ટ જણાય છે કે મૃત્યુ એ આશ્ચર્યજનક વસ્તુ નથી કારણકે તે એક સ્વાભાવિક વસ્તુ છે જ્યારે જીવન એ વિકૃતિ છે અને તેટલા માટે આપણે પણ એક વખત તે માર્ગે અવશ્ય જવાનું છે જો કે એમનું પૌદ્ગલિક શરીર અદૃશ્ય થયું છે છતાં આપણને એ વિશ્વાસ છે કે તેઓ તેમની કીર્તિ અને તેમણે

કરેલાં મહર્ષિએ વિદ્યમાન જ છે એટલું જ નહિ પરન્તુ હમેશા વિદ્યમાન રહેશે, અને આપણાં સેવાનાં મર્મોમાં પ્રોત્સાહન આપતા રહેશે. એ કહે વાની જરૂર છે કે સ્વર્ગસ્થના જીવનમાં તેમણે જે સેવાઓ કરી છે તે ઘણી મોટી છે અને અમે સેવા તેનો બદલો વાળ પણ કરવાને સમર્થ નથી. આ તેઓની યાદગીરીથી મને વધારે કામ કરવામાં ઉત્સાહ આવશે.

મને પણ એમજ લાગે છે કે સ્વર્ગસ્થને માન આપવાનું સાર્થક ત્યારે થાય કે જે કે તેમણે જે કાર્યો પ્રારંભ્યાં હતાં તે કામ ઉત્સાહથી આગળ વધારતા. વિજયધર્મસૂરિ ખરેખર એક ધર્મગુરુ હતા, પરન્તુ તે પ્રખ્યાત અને અનુભવી પૈગમ્બર હતા. એમણે પોતાની આખી જિંદગી ઉત્સાહપૂર્વક જૈનધર્મના પ્રચારને માટે સમર્પણ કરી હતી. તેનાજ પરિણામે જે દેશોમાં જૈનધર્મનો પ્રચાર નહિ હતો, ત્યાં પણ જૈનધર્મનો પ્રચાર થયો હતો. આ પ્રચાર કામ તેઓ એક અસાધારણ પ્રસન્નતા અને નિષ્પક્ષપાતતા પૂર્વક કરતા હતા. તેઓ ક્યારે પણ બીજાના ધર્મનું ખંડન નહિ કરતા હતા પરન્તુ હમેશા માણસને સમજાવવા મહેનત કરતા હતા કે જૈનધર્મ અને બીજા ધર્મોમાં જે ભિન્નતા છે તે ખરી ભિન્નતા નથી પરન્તુ ગૌણ અને નામભિન્નતા માત્ર છે. તેઓ હમેશા માણસનું લક્ષ જૈનધર્મની મુખ્ય નીતિ તરફ ખેંચતા હતા, એને બતાવતા હતા કે એ નીતિ બધા ધર્મોમાં રહેલી છે. આ એમની ઉદારતાનું બીજું પરિણામ એ પણ હતું કે તેઓ પાશ્ચાત્ય પદ્ધતિ તરફ ઘૃણાની દૃષ્ટિથી જોતા નહોતા પરન્તુ ખાસ પ્રેમપૂર્વક હિન્દુસ્તાનની સભ્યતાના પાશ્ચાત્ય વિદ્વાનોને અનુમોદન આપતા એટલું જ નહિ પરન્તુ જૈનોના મૂળગ્રંથોને એડિટ કરવા માટે છપાવવા માટે-અભ્યાસ કરવા માટે પ્રેરણા પણ કરતા હતા. પાશ્ચાત્યવિદ્વાનોની અસાધા

તેઓ એવાં અગત્ય સાધનો મૂકતા હતા કે જે સાધનો પૂરા પાડવામાં બીજા કેટલાક એનો ઘણો સંકોચ ધરાવતા હતા. આ ઉપરાન્ત તેમણે એક ગ્રન્થમાળા પણ સ્થાપિત કરી હતી કે જેમાં છપાયેલા ગ્રન્થો અત્યન્ત ઉદારતાપૂર્વક વિદ્વાનો, વિદ્વાન સંસ્થાઓ અને પુસ્તકાલયો ઉપર મોકલાવતા હતા. આ ગ્રન્થમાળાનું નામ યશોવિજય જૈન ગ્રન્થમાળા છે કે જેમાં તત્ત્વજ્ઞાન, કાવ્ય, કથા, વ્યાકરણ ઇત્યાદિ વિષયોના ગ્રન્થો જાહેર કરવામાં આવ્યા છે. આ બધું સમ્પાદનનું કામ અત્યન્ત બારીકાઈથી કરવામાં આવ્યું છે અને એ એટલું મહત્ત્વનું છે કે યુરોપના અને અમેરિકાનિવાસી જેવા ખાસ વિદ્વાનોએ તે સંબંધી ઉત્તમ-પ્રસિદ્ધ પત્રિકામાં ખાસ નિબંધો લખ્યા છે.

અને વળી વિજયધર્મસૂરિજી એક મહા વિદ્વાન્ અને તત્ત્વવેત્તા હતા. સંસ્કૃત અને હિંદી ગુજરાતીમાં જે ગ્રન્થો જુદા જુદા વિષયો સંબંધી અને જુદી જુદી શૈલીમાં તેમણે લખ્યા છે તે મોટી સંખ્યામાં છે. એમાંના કેટલાકમાં તત્ત્વજ્ઞાનનું વર્ણન છે. કેટલાકમાં સૂત્રોનો અર્થ છે. કેટલાકમાં પોતાના વિચારો જાહેર કર્યા છે અને કેટલાકમાં જનસમાજ શું છે તે સંબંધી વ્યાખ્યા સ્પષ્ટ કરી છે. આ ગ્રન્થોમાંના મુખ્ય મુખ્ય ધ્યાન ખેંચનાર આ છે: અહિંસાદિગ્દર્શન, બ્રહ્મચર્યદિગ્દર્શન, ઇન્દ્રિયપરાજયદિગ્દર્શન, જૈનશિક્ષાદિગ્દર્શન અને જૈનતત્ત્વદિગ્દર્શન કે જેમાં તેઓએ બહુ સ્પષ્ટ અને રસપૂર્વક આખા જૈન સિદ્ધાન્તનો સારાંશ બતાવ્યો છે. તેઓએ પણ હેમચન્દ્રાચાર્યે રચેલ યોગશાસ્ત્રનું ન્યાયન કર્યું છે કે જે વિનિયોગનો પ્રથમ પ્રકાશમાં નહિ રહ્યાં આવ્યું છે. વિદ્વાન્ તરીકે આચાર્યશ્રીએ કરેલા કામ ઉપરાન્ત તેમણે તેમના ધર્મના પ્રચારને માટે આચાર્યકાર્ય કામ પણ કર્યું છે. પોતાના વખત પ્રમાણે કામ કરતા તેઓ જરા પણ આરામ વિના તેઓ ગામેગામ

વિચરતા હતા ઉપદેશ આપતા, શાસ્ત્રાર્થ કરતા, શિક્ષા અને ધાર્મિક પ્રચારની સંસ્થાઓ ખોલતા, પરોપકારી સંસ્થાઓ સ્થાપિત કરતા, સાહિત્ય વિશેનું સંપાદન કરતા, અને એક યોગ્ય શિષ્યવર્ગને એવા માટે તેમને એમનું કામ યોગ્ય રીતે પૂરું કરવા માટે તૈયાર કરતા હતા.

વિજયધર્મસૂરિના અવસાનથી જૈનસમાજને એક મોટી ખોટ પડી છે કે જેના સૌથી ઉત્તમ પ્રકૃતિના પ્રતિનિધિ તેઓ એક હતા. એટલું જ નહિ પરન્તુ આ અવસાનથી ભારતીય સભ્યતાના તે સમસ્ત અભ્યાસીઓને પણ ઘણું દુઃખ થાય છે કે જેઓ હમેશાં તેમની પાસેથી મદદ અને ઉત્સાહ મેળવતા હતા, અને એમને આ આધુનિકયુગની પ્રકૃતિમાં એમનું પવિત્ર વ્યક્તિત્વ હમેશાં પૂજનીય રહ્યું હતું અને એને માટે એમનો સંદેશ આશાસ્પદ બનાવ્યો હતો.

લેખક—એ. ગુરની

૨

...પરન્તુ જૈનધર્મ આ શતાબ્દિની શરૂઆત સુધી ઉપેક્ષિત હતો. ત્યાર પછી મહાવીર અને બુદ્ધની પાછે ચૂકવા લાગ્યા એવા વિજયધર્મ સૂરિ નામના એક સુધારક દ્વારા જૈનધર્મમાં જાગૃતિ આવી.

ધી નીઅર ઇસ્ટ—
નામનું અંગ્રેજી પેપર.

૩

ખાસ કરીને આ છેલ્લા વર્ષોમાં હિન્દુસ્તાનમાં એક વાસ્તવિક જાગૃતિ અભ્યાસ, નીતિ, અને ધર્મના ક્ષેત્રમાં થઇ રહી છે કે જેના કારણમાં ખાસ કરીને વિજયધર્મસૂરિની અસર અને પ્રેરણા એ બે છે.

" ધી ગ્લાસગો હેરલ્ડ "
નામનું અંગ્રેજી પેપર

૪

તા. ૫ મી સપ્ટેમ્બર ૧૯૨૨ ના દિવસે ગ્વાલીઅર સ્ટેટમાં આવેલ શિવપુરી ગામમાં જૈનધર્મના એક પૂજનીય નેતા સ્વર્ગવાસી થયા છે એમનું જીવનચરિત્ર હિંદુસ્તાનના જૂના સંસ્કારો અને નવીનયુગના કેટલાક સંસ્કારોના મિશ્રણરૂપી એક આદર્શરૂપ છે ઇ. સ. ૧૮૬૮ માં કાઠિયાવાડ-માં આવેલા મહુવા ગામમાં જન્મ્યા, એવા મૂલચંદ નામના યુવક, પહેલાં પોતાનાં માબાપને પોતાના રખડી વર્તન અને જુગારના વ્યસનથી નિરાશ કરતા હતા. પછી ૧૯ વર્ષની ઉમરમાં ઇ. સ. ૧૮૮૭ મા એમને અકસ્માત્ વૈરાગ્ય થયો, અને 'ધર્મવિજય' એ સાધુનામથી તેમણે દીક્ષા લીધી ત્યારપછી વિચરતા એવા યોગીનું જીવન બનાવ્યું પોતાના શિષ્યોની સાથે ગામેગામ વિચરતા જિજ્ઞાસુઓનાં ટોળાંને ઉપદેશ સંભળાવે એવા સાધુ થયા ખાસ કરીને ધર્મવિજય પોતાનાં વ્યાખ્યાનો જૈનો અર્થાત્ વ્યાપારી કોમની આગળ કરતા હતા, કે જેઓ ધર્મના પ્રચારને માટે હમેશા ખર્ચ કરવાને તૈયાર રહેતા. તેઓની વચમા ધર્મવિજયજીનો ઉપદેશ સફળ થયો જે ઐતિહાસિક હિંદુઓનું કેન્દ્રસ્થાન છે એવા બનારસમા, એમની ભણતા તેમજ અભ્યાસવા ખાસ આગ્રહોનો સત્કાર કર-ભાવ બતાવીને તેઓએ ઇ. સ. ૧૯૦૩ મા યશોવિજય જૈનપાઠશાળા નામની એક પ્રસિદ્ધ હેમચંદ્રાચાર્ય પુસ્તકાલય નામની એક લાયબ્રેરી અને એક પ્રકાશાલય સ્થાપિત કરી. આગ્રામાં ત્યાંના એક પૈસાદાર વ્યાપારીએ આપેલા દ્રવ્યથી તેઓએ એક પુસ્તકાલય અને ફ્રી દવાખાનું બેસાડ્યું કાઠિયાવાડમાં આવેલા પાલીતાણામાં તેઓએ યશોવિજય જૈનગુરુકુળ નામની એક કેળવણીની સંસ્થા સ્થાપન કરી. આખરે જૈનધર્મનો ફેલાવો અને અભ્યાસ કરવાના માટે તેઓએ મુંબઈમાં વીરતત્ત્વપ્રકાશકમંડળ નામની એક સંસ્થા ખોલી. ધર્મવિજય એમના ધર્મના એક પ્રભાવશાળી ઉપદેશક હતા, એટલું નહિ પરન્તુ તેઓ ઊંચી

પ્રતિના એક વિદ્વાન પણ હતા કે જેઓએ સાહિત્યની સેવામાં હેમચંદ્ર સાથે ગણાવેલા યોગશાસ્ત્રના સંપાદનદ્વારા (કે જે ૧૯૦૭ ઇ સ. માં બિબ્લોથિકા ઇન્ડીકામાં પ્રગટ થયું હતું) અને ખાસ કરીને સંસ્કૃત તથા પ્રાકૃતમાં લખેલ જૈનધર્મના ગ્રંથોદ્વારા, કે જે યશોવિજય જૈનગ્રંથમાળાના નામથી પ્રસિદ્ધ છે ઉત્તમ કામ કર્યું છે.

પોતાની ઉદારતા અને સરળ પ્રકૃતિદ્વારા તેમજ પોતાની સરળતા અને ઉત્સાહદ્વારા, ધર્મવિજયજીએ સર્વ સાધારણનો પ્રેમ અને માન પ્રાપ્ત કર્યાં હતા. પાશ્ચાત્ય વિદ્વાનોની સાથે પ્રેમપૂર્વક તેઓ હમેશા સંબંધ રાખતા હતા, કે જેથી તેઓ બધા એમના અવસાનથી અત્યન્ત દિલગીર છે.

૧૯૨૨ (બુલેટિન ધી બ્રિટિશ રેકરૂમ ઓરિયં નામના એક ફ્રેંચ માસિકમાંથી)

૫

આ સાલના સપ્ટેમ્બર મહિનામાં ગ્વાલીયર સ્ટેટમાં આવેલા શિવપુરી ગામમાં, જેઓએ જૈન સાહિત્યની શોધખોળ તથા જૈનધર્મના પ્રસાર માટે ઉત્તમ કામ કર્યું છે એવા જૈનમુનિ વિજયધર્મસૂરિ સ્વર્ગવાસી થયા છે. કાઠિયાવાડમાં આવેલા મહુવા ગામમાં ઈ. સ. ૧૮ ૬ માં એક ગરીબ વૈશ્ય કુટુંબમાં જન્મેલા યુવાન પુરુષને જલદી વૈરાગ્ય થયો હતો. તા. ૧૨ મી મે ૧૮૮૭ તેઓએ જૈનમુનિ ની દીક્ષા લીધી હતી આ પ્રસંગે એમને ધર્મવિજય (ધર્મનો જય) આ નામ મળ્યું હતું. એમની ઉત્તમ બુદ્ધિથી એઓ જૈનોના ન્હાના પરન્તુ ઉત્સાહી મંડળમાં, કે જેના અનુયાયીઓ હિન્દુસ્થાનના વિવિધ ભાગોમાં આવેલા મ્હોટા વ્યાપારીઓ છે એક મ્હોટા નેતા અને પ્રભાવશાળી થયા. પુસ્તકોના શોધક તરીકે, સ્વતંત્ર ગ્રંથો અને ટિપ્પણીના લેખક તરીકે તથા રાજ્યો

અને પુસ્તકાલયોના સ્થાપક તરીકે એમનું નામ ગુજરાતના દેશમાં પ્રસિદ્ધ થયું છે. યુરોપની કેટલીક વિદ્વાનોની મંડળીઓમાં પણ એમને ખાસ માન મળ્યું છે. પાશ્ચાત્ય વિદ્વાનો ઉપર પુસ્તકો અને પ્રતો મોકલીને એમણે જૈન અભ્યાસની ઉન્નતિ માટે ઘણો પ્રયાસ કર્યો છે. તેઓએ શરૂ કરેલ સંસ્થા સંબંધી કામો, એમના મુખ્ય શિષ્ય અને પટ્ટધર ઇંદ્રવિજય એમની ભાવના પ્રમાણે આગળ ચલાવે છે.

નોબેર ઓઇસ્જિન્ટ
એ નામના જર્મન માસિકમાંથી.
જાન્યુઆરી ૧૯૨૩
પે. ફેસ્તુમ ફેન ગ્રાસ ન. ૫

૬

સત અને વિદ્વાન્

એક મહાન્ જૈન નેતાનું અવસાન.

જેમનામાં, જૈનસમાજે એક ભાગ્યશાળી વ્યક્તિ અને હિંદુસ્તાને સર્વોત્કૃષ્ટ ગુણવાન્ પુરુષોમાંનો એક પુરુષ ગુમાવેલ છે તેવા શ્રીવિજયધર્મસૂરિનું પચાવન વર્ષે અવસાન થયાની ખબર એક તાર જાહેર કરે છે. તેઓ જૈનધર્મના અને ખાસ કરીને હિંદુસ્તાનમાં આવું ધર્મોમાં સર્વથી પ્રાચીન ધર્મના એક આગળ પડતા પ્રચારક હતા.

તેઓના જીવનના તપોનિષ્ઠ પવિત્રપણાથી અને તેઓની આકૃતિની કાંતિ અને સુજનતાથી શ્રીવિજયધર્મસૂરિએ તેમના સમાજમાં પ્રબલ અસર પાડી હતી. તેમજ કેળવણી ખાતાઓ સ્થાપવામાં અને ગ્રંથો, ચરિત્રો અને વર્તમાનપત્રોને બહાર પાડવામાં તેઓએ જે શ્રમ સાધ્યું હતું તે વડે તેઓને હિંદુસ્તાન તેમજ બહાર બન્નેમાં વધારે નામના ખ્યાતિ પ્રાપ્ત કરાવી હતી. સમ્યાનય યુરોપીયન વિદ્વાનોની સાથે તેઓને

વારંવાર પત્રવહેવાર રહેતો. અને તેઓની પ્રતિભામાં ખ્યાતીની અને જરમનીની ઓરીએંટલ સોસાયટીઓના માનવંતા સભાસદપણાનો સમાવેશ થતો હતો. તેઓની સાથે મારા પરિચયથી જણાયેલા ઘણાખરા એક વિદ્વાન ડૉ. ટેસીટોરીએ " સાધુ જમાનાનો અનુભવ " એ ઉપનામથી તે મતનું ઉત્તમ સ્થાન એમાં નવું જણાવ બન્યું હતું અને જૈનસાહિત્ય સભા (જૈન શ્વેતાંબર સોસાયટી) મારફત મી. એ. જે. સુનાવાલાથી એક ઉત્તમ ચરિત્ર કેમ્બ્રિજ નગર છપાવવામાં આવ્યું છે (કેમ્બ્રિજ ૧૯૨૨) એમ જણાવ્યા સત અને વિદ્વાનનું ઉત્તમ તો વધારે પુરાણ નોંધની જરૂર પડાવે છે

—હરમન યાકોબી

૭

ગ્વાલિયર સ્ટેટ—ઇંડિયાના શિવપુરીમાં વિદ્વાન અને જૈનધર્મની શોધ ખોળના મદદગાર તરીકે વિખ્યાતતથા પણ પશ્ચિમ ખ્યાતિ પામેલા સુપ્રસિદ્ધ વિજયધર્મસૂરિ, કે જેઓ જર્મન ઓરિએંટલ સોસાયટીના ઓનરરી મેમ્બર હતા, અને જેમની ઉમર ૫૪ વર્ષની હતી તે સ્વર્ગવાસી થયા છે

તા. ૩ સપ્ટેમ્બર ૧૯૨૨

જર્મનીનું સુપ્રસિદ્ધ પત્ર—
લિટરરીશ સ—સેન્ટ્રાલબ્લાટ

પ્રકરણ ૧૨ મું



આસ્તીય પત્રોની નોંધો

२

जैनाचार्यजीकी विद्वत्ताके विषयमें कुछ लिखना व्यर्थ है। बड़े बड़े विद्वानोंने आपकी प्रशंसा की है। जैन इतिहास और जैनधर्मके लिए आपने जो कुछ किया है, वह चिरस्मरणीय रहेगा। जैनधर्मके सम्बन्धमें भारतीय तथा पाश्चात्य विद्वानोंने आपकी विद्वत्तासे सदैव लाभ उठाया। आपने कितने ही स्थानोंमें पाठशालाओं और विद्या पीठोंकी स्थापना की। काशीकी 'यशोविजय पाठशाला' और बम्बईका 'वीरतत्त्व प्र मण्डल' आपके विद्याप्रेमके स्मारक हैं। आपने अपने एक शिष्यके द्वारा जैन शासनदीपक कोश (जैन न्यायसंग्रहमण्डल) की भी स्थापना कराई। आपकी जसी अगाध विद्वत्ता थी वैसा ही सरल जीवन था। प्रसिद्ध विद्वान् टेसीटोरीने आपके विषयमें यह लिखा है—आचार्यका हृदय विश्वप्रेमसे भरा हुआ था। संसारके प्रत्येक जीवके प्रति उनकी सहानुभूति थी। आप एक सुयोग्य विद्वान् तो थे ही, साथ ही एक आदर्श साधु और सुवक्ता भी थे। इसमें संदेह नहीं कि—धर्माचार्योंमें आपके समान प्रतिभावान् और देश–सेवक साधु कम हुए हैं।

'सरस्वती' आक्टोबर १९२२ का अंक।

૨

આચાર્યશ્રીનાં ઉજળાં તમામ અંગો જોતાં તેમનું મનોબળ, તેમની ધીરતા, તેમનો શાસનપ્રેમ અને તેમની કાર્યદક્ષતા—એ બધું જોતાં એમ કહેવું અમારે યોગ્ય નથી કે—મહાત્મા વિજયધર્મસૂરિ, એક સામાન્ય આચાર્ય કે સામાન્ય વ્યક્તિ નહિં પરન્તુ આ વીસમી સદીમાં જૈનસમાજમાં નવયુગનો પ્રવર્તાવનાર એક મહાન્ પ્રવર્તક નર હતા. જેણે જૈન આચાર્યોને, જૈન સાધુઓને અને જૈનસમાજને પોતાના જીવન ઉપરથી અનેક પાઠો શીખવ્યા, જેણે જૈનશાસન દીપાવ્યું જેણે જૈન અને હિંદુઓના વૈમનસ્યને જડમૂળથી તોડી દૂર કરી નાખ્યું અને જેણે જૈનધર્મ અને બૌદ્ધ ધર્મની શાખા નહિં પરન્તુ પ્રાચીન અને પવિત્ર સ્વતંત્ર ધર્મ છે એવી છાપ વિદ્વાનોના હૃદયપટો પર મુદ્રાંકિત કરી, એ મહાન્ નરને વીસમી સદીનો નવયુગ પ્રવર્તક કહેવામાં કંઈ અત્યુક્તિ નથી.

ગુજરાત મિત્ર અક્ટો. ૧૯૨૨ના અંકમાંથી.

૩

आपकी विद्वत्ताकी प्रसिद्धि यूरोपमें भी थी। कई अंग्रेज, युरोपीयन विद्वानोंने आपसे जैनधर्मकी शिक्षा ली थी। जैनसाहित्यके प्रचारके बड़े ही प्रेमी थे।

जैनमित्र आश्विन वदि ८–२४४८

*

आप इस जमानेके दूसरे उन रत्नोंमेंसे थे जिनका परिचय इस देशको विलायतके जौहरियों द्वारा हुआ। आपकी विद्वत्ता, साहित्य-सेवा, और प्राचीन ग्रन्थोंकी खोजके लिये जैनपण्डितोंने ही नहीं बल्कि अन्यमतोंके विद्वानोंने आपको 'शास्त्रविशारद' और 'जैनाचार्य' की उपाधिसे भूषित किया था। और यूरोपकी ऐसी दो संस्थाओंने आपको ऑनररी मेम्बर बनाया था, जिनमें भारतवर्षके आप दूसरे मेम्बर थे। और आपके बाद अभी तीसरा मेम्बर बनानेका मान किसी दूसरे हिंदुस्तानीको नहीं दिया गया है। यूरपके पचासों Oriental Scholars ने आपका लोहा माना है। अभी एक महीना भी नहीं हुआ जब फ्रांसके प्रोफेसर Sylvin Levi एक पंडेकी हैसीयतसे आपके दर्शन करने शिवपुरी पधारे थे। आप साधुत्व और प्रेमके अवतार थे। और जो मनुष्य आपके सामने आया उस पर आपका प्रभाव बिना पड़े नहीं रहा। आपके उठ जानेसे भारतका एक विद्वान ही नहीं चला गया, बल्कि यूरोपके धुरंधर विद्वानोंमेंसे एक की कमी हो गई।

'जयाजीप्रताप' ७ सप्टेम्बर १९२२

५

आचार्यजी केवल साधुही नहीं वरन् संस्कृत प्राकृत और मागधीके बडे पंडित भी थे। पश्चिमीय जगत् पर और हिन्दुओंके मनों पर जैनधर्मका सिक्का जमानेका सारा श्रेय आचार्यजीको ही है। जेकोबी, हर्टेल, ल्यूमन और टेसीटोरी जैसे कई पश्चिमीय पंडित आपको अत्यन्त पूज्य मानते थे। और प्रो० सील्वन लेवीने तो अभी मृत्युके एक सप्ताह पूर्वही आपके दर्शन किये थे। आपकी स्थापित की हुई कई संस्थाएं हैं। पर उनमें काशीकी यशोविजय पाठशाला, बम्बईका वीरतत्त्व प्रकाशक मंडल, भावनगरकी यशोविजय ग्रन्थमाला, पालीताणेका यशोविजय गुरुकुल और महुवाका यशोवृद्धि बालाश्रम मुख्य हैं। वक्ता, लेखक और इतिहास संशोधककी दृष्टिसे आप बहुत ऊंची श्रेणिके पुरुषरत्न थे। आपके अगाध पांडित्यहीके कारण बंगालकी एशियाटीक सुसाईटीने एसोसीएट मेम्बर, तथा जर्मनी एवं इटालीकी ओरीयेन्टल और एशियाटिक सुसाईटीने आपको अपना ऑनररी मेम्बर बनाया था। आपने प्रायः सारे भारतवर्षकी पैदल यात्रा की थी। आपके धार्मिक और इतिहास संबंधी ग्रन्थोंसे आपकी महती विद्याशीलताका अनुमान किया जा सकता है। इसमें संदेह नहीं कि आप एक उच्च कोटीके विद्वान् थे। और आपके इस असमय वियोगसे पूर्व और पश्चिमको एक सूत्रसे बांधनेवाला भारतीय विद्वान् संसारसे उठ गया है, तथा उस हानिकी पूर्ति होना कठिन है।

ता. ११-९-२२

भा रा भालेराव.
' आज ' बनारस

૬

આચાર્યશ્રીએ જૈનશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરેલો. ટેસીટોરી, સિલ્વન લેવી, [illegible] વિદ્વાનોએ તેમની વિદ્વત્તા અને શોધખોળની ખૂબ પ્રશંસા કરી છે. સંસ્કૃત, પાલી, માગધી પ્રભૃતિ ભાષાઓ પર એમણે સારો કાબૂ મેળવેલો.

૫ મી સપ્ટેમ્બર આમ જોવી જન્મની તારીખ છે એ જ તારીખે નીડર પત્રકાર શ્રીમોતીલાલ ઘોષ કૈલાસવાસી થયા. આચાર્યશ્રીએ પણ તેજ દિવસે [illegible] પાસે ૫૫ મે વર્ષે પોતાનો નશ્વર દેહ તજી અનન્ત અને અક્ષયધામના માર્ગ સ્વીકાર્યો. એવા દેવી ગુરુના આત્માને [illegible] શાંતિ હોજ

વસુ ગુજરાત ૬ ૧ અંક ૧

૭

पत्र छपते छपते यह शोक समाचार मिला है कि हमारी मूर्तिपूजक जैनसम्प्रदायके विद्वान् धर्मविजयजीका आयुष्य शिवपुरी राज्य ग्वालियरमें पूर्ण हो गया। आप अपनी समाजमें एक प्रखर विद्वान् और शक्तिशाली थे। आपने बम्बईसे आगरे इस वर्ष चौमासा करनेके लिए विहार किया था। लेकिन रास्तेमें आपको रोगने घेर लिया और शिवपुरी आप आते आपके तमाम शरीर पर सूजन आ गई थी, सो आप आगरे न आ सके। आप एक विद्वान् थे। आपके उपदेशसे गत वर्ष बम्बईमें कई लाखों रुपयोंका चंदा धर्मप्रचारक लिए उपदेशक तैयार करनेको हुआ था।

भाद्रपद शु ९, १९७९ जैनपथ प्रदर्शक—आगरा

૮

શાસ્ત્રવિશારદ–જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજીના સ્વર્ગવાસના સમાચાર મુંબઈમાં તેમજ દેશના અન્ય ભાગમાં ફેલાતાં પશ્ચિમ ભાગમાં જેવો આઘાત દેશને લાગ્યો છે અને મુંબઈ જેવા મોટા શહેરોમાંજ નહિ પણ નાના ગામોમાં પણ ગમગીની, પાખીઓ વિગેરે નોંધ રહી હતી. મુંબઈથી ધી જૈન એસોસીએશન ઓફ ઇંડિયા, ગીરગામ ભાયખાલા જૈનશ્વેતાંબરી ઓફીસો અનેરી બજાર, મોતીના કાંટે મંગળ બારશિયા જામનગર, પાલનપુર, વિગેરે અનેક સ્થળના ગામો બંધ રહ્યા હતા. અને જ્યાં જ્યાં સાધુ મુનિરાજો બીરાજે છે ત્યાં ત્યાં દેવવંદની ક્રિયા કરવામાં આવી હતી. અમને એ મરહૂમ આચાર્ય સાથે ખાસ ગાઢ પરિચય ન હતો, પણ જે કેટલાક સમાગમમાં અમે વીર વિદ્વાન સાથે આવ્યા હતા, તે ઉપરથી અમે જોયું તો એઓ સમ હતા કે તેઓ અસાધારણ વિદ્વાન અને જૈન ધર્મ માટે અસાધારણ ભક્તિ ધરાવનાર પ્રીતમ હતા અને વિદ્વાનોની સોબતમાં તેઓ પોતાનો વખત ગાળવા ઘર પણ તત્પર હતા. તેમણે અનેક યુરોપીયન વિદ્વાનોને જૈનધર્મ માટે જે માહિતી આપી હતી, તેવી માહિતી કોઈ જ આપણામાંથી આપી હશે. અને તેમના જેટલો વિહાર તથા ઉત્તે જન અન્ય સાધુઓમાં ભાગ્યેજ કોઈએ કર્યો હશે. તેમણે ઘણાં ભાષણો આપ્યા હતા, અને યુરોપની અનેક જૈન તેમજ ઓરીએન્ટલ સોસાયટીઓ અને યુનિવર્સિટીના પ્રોફેસર સોસાયટીઓમાં ઓનરરી સભાસદ પણ બન્યા હતા. તેમના સ્વર્ગવાસથી જૈનોમાં એક મોટું સ્થાન સૂનું છે અને ભક્તોની અને આગમના સંબંધમાં જે જે પ્રયાસ તેઓ સાહેબ કરી રહ્યા હતા, તેને ઘેરું નુકસાન થવા સંભવ છે. તેમના આત્માં ઉચ્ચ પદ પામો, એજ પ્રાર્થના.

તા. ૯ સપ્ટેમ્બર ૧૯૨૨ મુંબઈ સમાચાર

*

જૈન સમાજના સિતારાનો અસ્ત.

અત્યારે સમાજની સ્થિતિ એવી તો છિન્ન ભિન્ન અને અવ્યવસ્થિત છે કે આપણી આ નબળાઈ કહો કે બેદરકારીનો લાભ લઈ જુદાં જુદાં તીર્થો અને પવિત્ર સ્થળોની પવિત્રતા સંક્રમણમાંથી પસાર થાય છે તેવા અણીના વખતે સંપૂર્ણ અભ્યાસ અને અધ્યયનથી શ્રમ કરી રહેલા શાસ્ત્રવિશારદ–જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિ એ. એમ. એ. એસ. બી. ગઈ ચૌદશના પ્રભાતમાં શિવપુરી (સ્ટેટ ગ્વાલીયર) માં સ્વર્ગવાસ પામ્યાના દુઃખદ ખબર નોંધતાં હૃદય કંપે છે

આચાર્ય વિજયધર્મસૂરિની ખરી ભલાઈ સમાજ સેવા, સાહિત્ય પ્રેમ અને દેશદેશાન્તરમાં તેમના જ્ઞાનની પ્રસરેલી પ્રભાનો અનુભવ જે તેમના જીવન ચરિત્રમાં દેખાય છે તે જોતાં એટલું તો કહેવું પડશે કે તેઓ એક અદ્વિતીય પુરૂષ હતા. અને આ સદીએ તો તેમની ખોટ જૈન સમાજને જ નહિ પણ પાશ્ચાત્ય દેશના જૈન ફીલોસોફરોને પણ પુરતાં વખત લાગશે.

છેલ્લા બે વર્ષ ઉપરના તેઓશ્રીના મુત્રપિંડના વ્યાધિઓથી તેમની શરીર સંપત્તિ નબળી પડી હતી અને અંતે તે પાંડુરોગ નિવડી. માંદગીની એવી અવસ્થામાં તેઓશ્રી કેમ્પ પધારીઆ થયા હતા. અને ગોપાચળમાં જિનેશ્વરોની નિત્ય ચાર સામેલ ક્યા તોય રૂપ જ્યાની સાજા હતા. તેવા શરીર પ્રકૃતિ પણ જ્યારે તેમના મન સાચવતા, અને ધર્મ-ધ્વંસી ના અત્યાચારનો અવાજ સુણ્યો, ત્યારે તેના રક્ષણ માટે તાકીદ પગલાં ભરવાને પ્રકાશ ઉપાય અને શિષ્ય પરિવારાદિ સમુદાય બસાર કર્યો રોકવા છતાં પાર વીરચંદ એ આશ્વને વખતે રહી તેજ વખતે આચાર્ય માટે મુંબઈના ગવર્નરને પત્ર લખાવ્યો. તેમજ

અંગ્રેજી માટે વલ્લભપુરના મહારાજા, કુંવરજી, તથા રાજ્યની મહાસભાના સભ્યો ઉપર તારો તથા પત્રો મોકલી આ અત્યાચાર માટે ગુન્હેગારોને યોગ્ય સજા થશે, એવો સંદેશો મેળવ્યો અને ત્યારેજ તેઓ જંપીને સૂતા.

આચાર્યશ્રીની અંતિમ ભાવના આગમના દેરાસરનો પ્રતિષ્ઠા મહોત્સવ શ્રી ગિરનાર સિદ્ધગિરિ કરવાનો અને ત્યાંથી પુનઃપ્રયાણ થયેથી જામનગરનો પુનરુદ્ધાર કરવાનો હતો. સમાજના દુર્ભાગ્યે, તે ભાવના પાર પડે, તે પહેલાં તો આપણે આ પ્રભાવક પુરુષને ખોઈ બેસવા માટે કમનસીબ બન્યા. તો પણ એવી તો આશા રાખીએ કે તેમની અંતિમ ભાવનાને પાર પાડવાને તેમનો શિષ્યસમુદાય તથા શ્રી વીરશાસન દીપક તેમજ શ્રી આગમમાર્ગ મંડળના વારસો ઉણપ આવવા દેશે નહિ.

તીર્થરક્ષણ ના તેમના જેવા ઉમળકાને હજી સેવાને પણ જૈન સમાજમાંથી સમર્થ નેતાઓ નીકળ્યા જ કરે, તે હવે જરૂરનું છે. મોહિ-મ ... આચાર્યજીની પાછળ દીપાવી રહેલો શિષ્યસમુદાય એકત્રિતથી ધારે તો તેમની આ તીર્થસેવાની ભાવના માટે પણ કરી શકે તેમ છે. શ્રીમાન્ સાગરસૂરિ પણ ત ત ક્ષ નિરખે છે એટલે આ સમય એવો આવ્યો છે કે જેમ તિલક મહારાજની રાષ્ટ્રભાવનાને હજી સેવાને મહાત્મા ગાંધીની સરખી નીવડ્યા સિવાય જૈન નીકળે પણ તેમ આચાર્ય વિજયધર્મસૂરિની શાસનરક્ષાના ભાવનાને ફળવાથી આપણે ધર્મના આગળ પહોંચે થશે જેમ આવે નજર નિકળી આવે, તેમ આપણે મનુષ્યના આત્મપ્રભાવના ઉદ્ધ હિતચિંતક રહેવાયશે.

શાસનના ભક્તિના ભાવ ચલતા તેજ દિવસે ચાલીશમા પટ્ટ ... તરફથી ... ના પવિત્ર શિરસ્નાન ... નિર્ભય ... નીર નમન આપવું પાસ ભાર પડ્યા છે હમણાં કે આ

સાથે સમાજનો શ્રીમાન્ વર્ગ એવું તો અગત્યનું સ્મરણ પ્રેમ વસાવશે કે જેથી મહૂમની ઇચ્છાઓ તેજ જમાએ નવી વિભૂતિઓ પ્રકટાવીને તેમની દ્વારા પાર પાડી શકીએ.

મહૂમનો શિષ્ય સમુદાય નકુ નહોતો અને વિદ્વાન છે. ઉપાધ્યાય શ્રીઇન્દ્રવિજયજી પ્રવર્તક મંગળવિજયજી પન્યાસ શ્રીભક્તિવિજયજી મુનિશ્રી વિદ્યાવિજયજી ન્યાયતીર્થ મુનિશ્રી ન્યાયવિજયજી મુનિશ્રી જયન્તવિજયજી આદિ શિષ્યમંડળની અત્યાર સુધીની પ્રવૃત્તિ જોતાં તેઓના તરફથી આપણે ઉંચી આશા રાખવાને કારણ છે. ડૉ. એલ. પી. ટેસીટોરીએ પણ ઉપર વર્ણ અગાઉ આચાર્યશ્રીનું ટુંક ચરિત્ર અંગ્રેજીમાં લખતાં જણાવ્યું છે કે- તેઓ (આચાર્યશ્રી વિજયધર્મસૂરિ) હમેશાં બુદ્ધિશાળી અને ઉત્સાહયુક્ત શિષ્યોથી સુશોભિત રહે છે. આ શિષ્યોએ મળી પામેલી ઉદાર વિચારો અને કાર્યમાં અત્યુત્સાહ ગ્રહણ કર્યો છે. પ્રત્યેક માર્ગમાં તેમને દોરવા મદદ કરે છે અને વિવેકબુદ્ધિ વડે એવું અનુમાન કરવાને આપણને સ્પષ્ટ કારણ મળે છે કે જ્યારે તેમનું અસ્તિત્વ નહિ હોય, ત્યારે તેમના આસપાસ શિષ્યો તેમના કાર્યક્રમને ચિરસ્થાયી પ્રકાશ રાખી રાખશે.”

ડૉ. ટેસીટોરીની આ ભાવી મશ્નુગી ખરી પાડવાનો સમય અત્યારે છે એટલે જૈનસમાજનું ભાગ્યનું એક કિરણ અસ્ત થતાં રસાતળ જેવું ન થઈ પડે તમામ ભાવી સમાજની તોલા છે એમ સ્પષ્ટ કહેવાની જરૂર ન હોય.

અંતમાં અમો જૈનસમાજના એક સમર્થ નાયકને ગુમાવવા માટે અત્યંત દિલગીર છીએ અને સ્વર્ગસ્થના ચિરશાંતિ ઇચ્છતાં તેમના શિષ્યસમુદાય અને સમાજની ચિંતામાં દિલસોજીપૂર્વક ભાગ લઈએ છીએ.

ભાવનગર   જૈન

તા. ૧ સપ્ટેમ્બર ૧૯૨૨

૧

હિંદના ભાવિનો સંદેશ.

(પ્રોફેસર સાધુ ટી. એલ. વાસવાણીએ પ્રોફેસર સમસ્ત કરે રીતેની શૈક્ષણિક આપેલ વ્યાખ્યાનમાંથી.)

હિંદુઓમાં આપણે વાંચીએ છીએ કે એઓ પર ઈશ્વરની કૃપા થાય છે અને એઓ ઈશ્વરને શરણે જાય છે તેઓ વીરપુરૂષ થાય છે વિશ્વધર્મીઓ આવી જાતના દેવદૂત હતા. હું તેમના કોઈની તરફ લખતો હતો. પણ મારૂં જ મન્તુ એમના વિષે મેં પહેલું તો એક અમેરિકન મારફત વાંચ્યું. ધીમે ધીમે એમના વિષે વધુ માહિતી મેળવી હું કેવળ એમના તરફ આકર્ષાયો. આ માટે ? પહેલું કારણ તે એ છે કે તેઓ એક બ્રહ્મચારી હતા. બ્રાહ્મણોમાં કહ્યું છે કે સાધુ પુરુષ પર આક્રમણ છે. વિશ્વધર્મીઓ પાસે આ ધન હતું બીજું એમની પાસે નિઃસ્વાર્થી મન હતું એ એક મહાન પંડિત હતા. પણ હિંદુઓ અને મુસલમાનો એમને ઓળખતા. ખિલાફતનો એમનામાં વિશ્વ હતો. હૈયું સૌથીશ્રમણીએ કહ્યું છે કે એક પ્રકરણમાં હિંમત એ વિશ્વની ચાવી છે " સાધુ અને પવિત્ર વિશ્વની ચાવી નાખતા છે. આ બન્ને આશ્ચર્ય નથી, હિંદી અને સાથ હતા. એક સમય પંડિત તરીકે એમણે ઘણી ચોપડીઓ લખી હતી. તેમજ એને સમયાળાના તેઓ સંપાદક હતા. આ સમયમાં (સંસ્કૃત) ૭૦ પુસ્તકો પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે.

બીજું તેઓ એક પ્રખર ધર્મોપદેશક હતા. મહિનાઓથી નગર સુધી અમનો સંદેશ પહોંચ્યો હતો. ગામડાંઓ તરફ એમણે બેદરકારી બતાવી નહોતી. મેં ઘણી વાર કહ્યું છે કે " હિંદ એ ગામડાંઓથી બનેલો દેશ છે હિંદનો રાષ્ટ્રીય સંદેશ પણ તે ગામડાંઓમાં પહોંચ

થશે. એઓએ હિંદને આજ સ્વરાજ મેળવવું હોય તો રાષ્ટ્રીય પ્રવૃત્તિ અત્યારની નીતિ થઈ ચાલી એઓએ " એક બાબતી ભીડે બાબ પરે બહુવિધ ધર્મવિજયસૂરિએ પોતાનો મત દર્શાવ્યો છે. જેવા પ્રેમ અને માનની લાગણીથી ગામડાંઓમાં એમનો સત્કાર થતો! એમના ચારિત્ર્ય પુસ્તકો એમના પર વર્ષો થતી આપણે એમના સ્મરણને કંઈ રૂપે નજર કીધું! એમનું સ્મરણ આપણા જીવનને ઉજ્જવળ અને ઉન્નત કરે એમ આપણે ઇચ્છીશું.

બીજું એઓ એક અસાધારણ ગ્રંથકાર હતા. નગરવાસમાં એમણે જૈનધર્મ વિષેની પ્રતિમાઓમાં ઘણું એવું જૈનશાસ્ત્ર પરિચય, પુસ્તકો તથા ગ્રંથ લખવાની તેમણે યોજના કરી. તેનો લાભ આપણી પાસે નથી. એમના જેવી ૬૦ ઉમરે હતો આપણને લાગે જ આખ્યાયિકા વાંચી ચાલે તેમણે આચરણ કર્યું જ

તેમણે શું કીધું છે? પરંતુ જૈનધર્મની હિમાલય-તત્ત્વના ઉદ્ધાર માટે તેઓને પણ કર્યું છે. એક હિંદુ તરીકે જૈનધર્મના આધુનિક જમાનામાં અને વળી મત છે. અને ધર્મોમાં તેમજ બીજા દુનિયાના ધર્મોમાં પણ મત છે. અમદાવાદ આચાર્યના જેવા અગ્રગણ્ય પ્રધાન આપણે જૈનધર્મના આચાર્ય જેવી રીતે સત્ય, અહિંસા, અને તપશ્ચર્યાના સિદ્ધાન્ત આપણે ચાલુ ચાલ્યા પ્રકરણમાં ચકિત કરવા પ્રયત્ન કરીએ. એવા આ બધા સિદ્ધાન્તો પર જૈનધર્મમાં ભાર મૂકવામાં આવ્યો છે. અહિંસા સિદ્ધાન્ત આપણા પ્રથમ વિશ્વધર્મ-ની એ અહિંસા ધર્મની જિજ્ઞાસા ઘણી કરી છે. અહિંસાતત્ત્વનું શિક્ષણ જ્યાં સુધી કેળવાય નહિ ત્યાં, ત્યાં સુધી રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય-તાનું પણ નિવારણ અશક્ય છે. આપણા માટે મનની શાંતિ નિયમ જેવી સાધના હોય કે નહિ અને વિશ્વ માટે કલ્યાણ એ અહિંસા છે. પશુબળ, યુદ્ધ વિગેરે દુનિયાના પ્રશ્નનું

૧

હિંદના મહર્ષિનો સંદેશ.

(પ્રોફેસર સાધુ ટી. એલ. વસ્વાણીએ કાઠિયાવાડ સમસ્ત જૈન સમાજની સભામાં આપેલા વ્યાખ્યાનમાંથી.)

હિંદુઓમાં ઘણાએ વાંચ્યું હશે કે જેઓ પર ઈશ્વરની કૃપા થાય છે અને જેઓ ઈશ્વરને હસ્તે જાય છે તેઓ વીરપુરૂષ થાય છે. વિજયધર્મસૂરિ આવી જાતના વીરોમાંથી હતા. હું તેમના સ્વર્ગવાસની વાત સાંભળતો હતો. પણ અચાનક જ બન્યું એમના વિષે બે પ્રસંગ તો એક અમેરિકન મહિલામાં વાંચ્યું. ધીમે ધીમે એમના વિષે વધુ માહિતી મેળવી હું ઉપર એમના તરફ આકર્ષાયો. આ શા માટે ? પ્રથમ કારણ તો એ છે કે તેઓ એક બ્રહ્મચારી હતા. જૈનસાધુઓમાં ઘણું છે કે સાધુનું મુખ્ય ધન બ્રહ્મચર્ય છે. વિજયધર્મસૂરિ પાસે આ ધન હતું. બીજું એમની પાસે વિદ્યારૂપી ધન હતું. એ એક મહાન પંડિત હતા. ઘણા વિદ્વાનો અને યુરોપિયનો એમને ઓળખતા. વિદ્વાને પરદેશ એમનામાં વિશ્વાસ હતો. સિલ્વીયન લેવીએ કહ્યું છે કે

રાજા પ્રકરણમાં હિંમત એ વિજયની ચાવી છે " સાધુ અને શક્તિના વિજયની ચાવી નમ્રતા છે આ જૈન આચાર્ય નમ્ર, વિનયી અને શાંત હતા. એક સમર્થ પંડિત તરીકે એમણે ઘણી શોધખોળો કરી હતી. તેમજ જૈન ગ્રંથમાળાના તેઓ સંપાદક હતા. આ ગ્રંથમાળાનાં (સંસ્કૃત) ૭૦ પુસ્તકો પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે

ત્રીજું તેઓ એક પ્રખર ધર્મોપદેશક હતા. કાઠિયાવાડથી બંગાળ સુધી એમનો સંદેશ પહોંચ્યો હતો. ગામડાંઓ તરફ એમણે બેદરકારી બતાવી નહોતી. મેં ઘણી વાર કહ્યું છે કે " હિંદ એ ગામડાંઓથી બનેલો દેશ છે. હિંદનો વાસ્તવિક સંદેશ પણ તો ગામડાંઓમાં પહોં-

થયો લોકોને. હિંસે ભાગ જ સાધન મેળવવું હોય તો રાષ્ટ્રીય પ્રગતિ જનતાની પ્રવૃત્તિ થઈ જાણી લેવાને " એક વાતથી બીજે વાત પર સહાને ધર્મવિજયસૂરિએ પોતાનો સંદેશ પહોંચાડ્યો હતો. તેવા પ્રેમ અને માનની લાગણીથી ભાગ્યવાનોમાં એમનો સત્કાર થતો! સોના ચાંદીના પુષ્પોની એમના પર વર્ષા થતી. આપણે એમના સ્મારકને શ્રદ્ધા પુષ્પો અર્પણ કરીશું! એમનું સ્મરણ આપણા જીવનને ઉન્નત કરે એમ આપણે ઇચ્છીશું.

જોયું એમનો એક જબરદસ્ત સંયોજક હતા. બનારસમાં એમણે જૈનધર્મ પાઠશાળા સ્થાપવામાં અગ્રિમ ભાગ ... જૈનસાહિત્ય પરિષદ, પુસ્તકાલય તથા સાર્વજનિક વાચનાલયની તેમણે યોજના કરી. તેઓ આજે આપણી પાસે નથી. ચોપન વર્ષની ટૂંક ઉમરે તેઓ આપણને તજી એ અમરધામના વાસી બન્યા છે. તેમણે અમરત્વ મેળવ્યું છે.

તેમણે શું શીખવ્યું છે! પહેલું જૈનધર્મની સ્થિતિ—જૈનધર્મના ઉદ્ધાર માટે તેઓએ ઘણું કર્યું છે. એક હિંદુ તરીકે જૈનધર્મના આધુનિક જીવનમાં ઘણે રસ લીધો છે. અને ભારતમાં તેમજ બીજા દુનિયાના ધર્મોમાં પણ રસ છે. આ ઉપર આચાર્યના ... પ્રચારને આપણે જૈનધર્મના આચારમાં ગણી શકીએ. સત્ય, અહિંસા, અને તપસ્યાના સિદ્ધાન્તો આપણે રાષ્ટ્રના જીવન વ્યવહારમાં અમલ કરવા પ્રયત્ન કરીએ છીએ. આ સર્વ સિદ્ધાન્તો પર જૈનધર્મમાં ભાર મૂકવામાં આવ્યો છે. અહિંસા દિગ્દર્શન નામના ગ્રંથમાં વિજયધર્મસૂરિએ અહિંસા ધર્મની વિચારણા કરી છે. અહિંસાતત્ત્વનું સ્વરૂપ જ્યાં સુધી સૌને નહિ મળે, ત્યાં સુધી રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય—પ્રશ્નોનું આ નિરાકરણ અશક્ય છે. જનતા માટે માનવી લાગણી સિવાય બીજી શાન્તતા હોય શકે નહિ અને વિશ્વ માટે ઉન્નતિકારક એ અહિંસા છે. મહાવીર, બુદ્ધ વિગેરે દુનિયાના પ્રમુખ

નિરાકરણ નહિ કરે. તેથી તો સવાલ વધુ ગૂંચવાઈ જશે. જેમ અગ્નિથી અગ્નિ હોલવાતો નથી. તેમ અનિષ્ટથી અનિષ્ટ ભુંસાતું નથી.

ત્રીજું—ધર્મોમાં પરસ્પર વિખવાદ. બનારસના મહારાજ સમક્ષ ભાષણો કરતાં ખ્રિસ્તધર્મપ્રચારકે જણાવ્યું હતું કે જૈનધર્મ હિંદુ ધર્મ જેટલો જ છે. જુદી જુદી જાતિના તથા કોમોના માણસો માટે એમને ચિંતા હતી. જુદા જુદા દેશો અને ધર્મો વચ્ચે ભાઈભાવનો શું સંબંધ નથી!

ઉદારચરિત દાદીબાના આ મનુષ્ય પર ઈશ્વરની કૃપા ઊતરી હતી. ગરીબોને લોકોથી આપીને તેઓ મહાન ધર્મોપદેશક થઈ શક્યા. તેઓ કેવળ પારસી ભક્ત નહોતા, તેમ તેઓએ કેવળ લખાણો મેળવી નહોતી, પણ તેઓને બનારસના હિંદુ પંડિતોએ પુસ્તક વાંચીને ધર્મવિચારક 'આચાર્ય' નો ખિતાબ એનાયત કર્યો હતો. નાનપણમાં ખરાબ ચારિત્રવાળા માણસોનો એમને સહવાસ થયો, અને તેઓ જુગાર રમતાં શીખ્યા પણ જુગારી આખરે મહાત્મા થયો. એક દિવસ જુગારમાં મૂળચંદ હાર્યો. સાસુની આસક્તિ પર નજરે ફુગાવ વિચાર કર્યો તે દિવસના જુગારે તેમને માટે ઈશ્વરની કૃપાનાં દ્વાર ખોલ્યાં. તેણે અખૂટ આંસુ સાર્યાં અને ઈશ્વરનો અને ગુરુની શોધ કરવાનો તેમણે ઠરાવ કર્યો. એમના ગુરુ એમને મળી આવ્યા. તેઓ ધર્મશાસ્ત્ર શીખ્યા. એક મહાન સાધુ પંડિત થયા. એમની છેલ્લી વાતો આપણને આશ્ચર્યનો વિષય કહેવાય છે કે મરણ કે બે શક્તિઓનો એમનું વિસર્જન કર્યું, તે આપણામાંના દરેક જણમાં ગુપ્ત પણે કે આ પણે જાગૃત થાય અને દરેક ઈશ્વરને અર્પણ કરીએ એકબીજા ચાર છે જણાવાને માટે હિંદુ હું પારસી છું એ એકબીજા ચાર છે. આપણે હિંદના દુઃખ ઈશ્વરને અરજે પડે. ચોવટ તરફ આખા થાઓ. વા રૂપમાં સૂત્રને હૃદય થાય છે તેમ હિંદુઓ મુસ્લિમ ઉદય પાડી.

તા ૨૪ સપ્ટેંબર ૧૯ ૨

હિંદુસ્તાન-મુંબઈ.

૧૧

શાસ્ત્રવિશારદ–જૈનાચાર્ય મુનિશ્રી વિજયધર્મસૂરિ

આધુ જમાનામાં જૈનધર્મનો પુનરુદ્ધાર કરવા ને તેમાં સુવ્યવસ્થા આણવાને અને જૈનસાહિત્યને પ્રસિદ્ધિમાં આણવાને શાસ્ત્રવિશારદ–મુનિ મહારાજ શ્રીવિજયધર્મસૂરિ જેટલો પરિશ્રમ અન્ય કોઈએ ભાગ્યેજ ઉઠાવ્યો હશે. બનારસ, એ હિંદુ ધર્મનું મુખ્ય ધામ લેખાય છે ત્યાં જૈનધર્મ પ્રતિ તેઓએ તેટલો આદર કે અનુકૂળતા ન હોવા છતાં અનેક પ્રકારની વિટંબણાઓ અને મુસીબતો દૂર કરી તેઓ ખુદ બનારસમાં પોતાના પ્રભાવ અને જ્ઞાનથી જૈનધર્મની પ્રતિષ્ઠા જમાવી શક્યા હતા. અને યશોવિજય પાઠશાળાની સ્થાપના કરવા ફતેહમંદ નીવડ્યા હતા. તેમના જ્ઞાનની એવી સુંદર છાપ ત્યાં પાડી હતી કે તેમની વિદ્વત્તાથી અને કાશીના પંડિત ગણ વિદ્વદ્વર્ગે તેમને શાસ્ત્રવિશારદ ની ઉપાધિથી વિભૂષિત કર્યા હતા. કેટલાક સંજોગોમાં તે બનારસમાં ગયા અને ત્યાં અડ્ડો નાખ્યો. તેની હકીકત જે કોઈ જાણે તો તેની ખાતરી થાય કે તેઓ ખરેખર એક અસાધારણ પુરુષ હોવા જોઈએ.

તેમનું જીવન વૃત્તાન્ત પણ એક અદ્ભુત કહાણી રૂપ છે તે આપણને અન્ય મહાન પુરુષના જીવન ચરિત્રનું ભાન કરાવે છે. એક ૧૮ મા વર્ષ સુધી જેમણે તેમનું જીવન તદ્દન સ્વચ્છંદ રીતે રખડવામાં ગાળ્યું હતું અને જુગારનો શોખ પણ તેમને લાગ્યો હતો. એક વખત જુગારમાં ભારે નુકશાન થયું તે પછી તરત એમના જીવનમાં મહાન પરિવર્તન થયું. પોતાના વતનથી એમને ગ્લાનિ ઉપજી અને તેઓ ફરતા ફરતા ભાવનગર નજીક ગયા ત્યાં મુનિશ્રી વૃદ્ધિચંદ્રજીના ઉપદેશથી તેમના જીવન પર ભારે અસર થઈ અને તેમનું મન દીક્ષા

એવા પ્રેમનું પણ ગુરુએ આ આપની અનુમતિ વિના દીક્ષા આપવા ના પાડી, જેથી તે પાછા મહુવા આવ્યા. આ આપની રજા લઈ આવ્યા અને ત્યાર બાદ દીક્ષા લઈ ધર્મવિજય નામ ધારણ કર્યું. પોતે કંઈ શાસ્ત્રી કેળવણી લીધી ન્હોતી. અને તેમની બુદ્ધિ પણ મંદ ભાસતી, પરન્તુ તે ગુરુ સેવા જોરથી કરતા અને ભાવથી કરતા કે, ગુરુ પ્રીતિ ચક્ષુ તેમના પર સદા સંતુષ્ટ રહેતા અને તેમણેજ તેમના અભ્યાસ માટે અવસ્થા કરી. પ્રતિક્રમણનો એ પાઠ કરતાં અન્ય વિદ્યાર્થીને એ દિવસ થાય તે માટે તેમને અઠીઆ કહેતા, છતાં ટૂંક મુદતમાં ગુરુકૃપાથી તેમનું જ્ઞાન-અભ્યાસ બહુ આગળ વધી ગયાં અને ધાર્મિક વિષયમાં પારંગતતા પ્રાપ્ત થઇ. ન્યાયના વિષયમાં તો તેમનો શ્રમ અસાધારણ હતો. વળી ઉપદેશ કરવાની તેમની શક્તિ પ્રભાવશાળી અને અસરકારક જણાઈ, જેથી સન્ ૧૯૦૧ માં શ્રી વૃદ્ધિચંદ્ર નિર્વાણ પામતા તેમના શિષ્યોનો બોજો તેમને શિર આવી પડ્યો અને ખરેખર તેમણે તે કામ દીપાવ્યું.

પણ તેમના જીવનનું ખરું કામ તો જૈનસાહિત્યનું સંશોધન અને પ્રસિદ્ધિનું છે. યશોવિજય પાઠશાળા સ્થાપી તેમણે જૈનશાસ્ત્રોના અભ્યાસને ઘણો સરળ કરી આપ્યો અને યશોવિજય ગ્રંથમાળા નામી શાસ્ત્રીય ગ્રંથિઓ એડીટ કરી જૈન સાહિત્ય વિદ્વાનો સમક્ષ રજુ કર્યું ? સમગ્ર પ્રકાશ પામ્યું છે. વળી પાશ્ચાત્ય વિદ્વાનોને જૈન સાહિત્યના સંશોધન અને અભ્યાસ માટે પૂરતી મદદ અને સગવડ કરી આપી, એક પ્રકારનું સ્તુત્ય કાર્ય તેમણે કર્યું. એની કદર પાશ્ચાત્ય વિદ્વાનોએ મુક્તકંઠે કરી છે.

આપણે આગળ જોયું તેમ ખાસ સ્વભાવથી તેઓ આગળ વધ્યા હતા. અને શાસ્ત્રોના અભ્યાસમાં એટલા શ્રમ ઉઠાવેલા હતા કે જે કોઈ તેમના સંપર્કમાં આવે, તેમને તેમના માટે પૂજ્યભાવ અને માનની લાગણી

પ્રશંસા વગર રહે નહિ. મારા માનવા જર્મન વિદ્વાન હર્ટલ પાસે તૈયાર કરાવેલાં ત્રણ અંગ્રેજી ચોપાનીઆં (૧) જૈનશ્વેતામ્બર સાહિત્ય, (૨) યશોધરાખ્યાન વાર્તિક-જૂની ગુજરાતી ગદ્યનો નમૂનો (૩) ધર્મદ્વાત્રિંશિકા, અમને મળ્યાં હતાં, અને તે પ્રસિદ્ધિનું કાર્ય મુનિશ્રી વિજયધર્મસૂરિજીની સહાયતા વિના બન્યું ન હોત. નવીન પાશ્ચાત્ય શિક્ષણ પદ્ધતિથી તેઓ પરિચિત હતા અને કેટલાક સજ્જનોએ તો તેમને માનપત્ર નામે માન આપ્યું હતું. વળી જૈન કોમ પર પણ તેમનો પ્રભાવ અને વજન ઘણાં હતાં અને એક શિક્ષણમંડળ ઊભું કરી તેમણે પોતાનું સમાજસેવાનું કામ બહુ આગળ વધાર્યું છે. તેમના નિર્વાણથી જૈન કોમે એક મહાન આચાર્ય અને વિદ્વાન વર્ગે એક પ્રતિભાશાળી આગેવાન અને સાચો પુરુષ ગુમાવ્યો છે ? એમ પૂછતાં વિલંબ નથી.

તેમનું એક વિસ્તૃત જીવનચરિત્ર—આદર્શ સાધુ મુનિ વિદ્યાવિજયજીએ લખ્યું છે. તેમજ પ્રખ્યાત વિદ્વાન એલ. પી. ટેસીટોરીએ એક ન્હાનો લેખ લખેલો, જેનો અનુવાદ રા. હરિલાલ ત્રિવેદીએ કરી બહાર પાડ્યો છે. હાલમાં મિ. મુનાવાળાજી નામના એક પારસી વિદ્વાને તેમનું જીવનચરિત્ર અંગ્રેજીમાં આલેખ્યું છે ? જે લખીતા કેમ્બ્રીજ યુનિવર્સિટી પ્રેસ તરફથી બહાર પડ્યું છે. એ સર્વ પુસ્તકો જિજ્ઞાસુએ જોવા જેવાં છે.

બુદ્ધિપ્રકાશ સપ્ટેમ્બર ૧૯૨૨

૧૨

આ મહાપુરુષના અવસાનથી માત્ર જૈનસમાજને નહિ પણ આખા હિંદુસ્તાનને મહાન હાનિ થઈ છે. એમની અપૂર્વ વિદ્વત્તાની સાથે અસાધારણ ઉદારવૃત્તિનો મિલાપ થતાં જનપ્રવૃત્તિઓમાં એમણે અનન્ય

ગત આસુ ડૉ. એટલુંજ નહિ પણ, પૂર્વ અને પશ્ચિમની ઘણી વિદ્વા
આપ તેમાં એમથી અત્યન્તો લાભ લીધો છે. આટલું, તો
પૂજ્યપાદ આચાર્ય શ્રીવિજયધર્મસૂરિજી જેવી પ્રાપ્ત કરનાર આ પ્ર
આચાર્ય ચારિત્રવાન વ્યક્તિનું સમ્મેલન પણ વિરલ અને એ
કૃતિઓ અનેકરૂપ હોવાથી તેમજ તેમનું ચારિત્ર નિર્મળ અને સ
યોગ્ય હોવાથી એને કંઈક વિસ્તારપૂર્વક આલેખવાની આપણી ફરજ છે

પ્રજાબંધુ (વાર્ષિક) આશ્વિન ૧૯૭૮ નો

૧૩

જૈનાચાર્ય શ્રીમાન્ વિજયધર્મસૂરિ મહારાજનો સ્વર્ગવાસ

આચાર્ય શ્રીવિજયધર્મસૂરિ મહારાજ પણ તાંના સમય
શ્રીમતી ભોમની મધ્ય ભાદરવા સુદ ૧૪ મંગળવારના રોજ શિવ
(ગ્વાલીયર) રાજ્યમાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

તેઓશ્રી પ્રાતઃસ્મરણીય શ્રીવૃદ્ધિચંદ્રજી મહારાજના વિદ્વાન શિ
હતા. તેઓશ્રીએ સં ૧૯૪૩ ની સાલમાં દીક્ષા અને ૧૯૬૪ ની સા
સૂરિપદ લીધું હતું તેઓશ્રી હૃદયના ઉદાર અને મહાન
બનારસ પાઠશાળાનો જન્મ આપી પોતે વિદ્યા મેળવવા સાથે
કેટલાક જૈન મુનિઓને તથા ગૃહસ્થોને વિદ્વાન બનાવ્યા હતા. એ
સિવાય પ્રતરદર્શનના વિદ્વાનોના, એમ ધર્મને નિમિત્તે પરિચિત
હતા, તેમ કેટલાક પાશ્ચાત્ય દેશના વિદ્વાનોના પણ પોતાની વિદ્વ
પ્રસિદ્ધ અને પરિચિત થતાં જૈનસમાજની કેટલેક અંશે મહેતી
આપી હતી

શ્રીયશોવિજય જૈનગ્રંથમાલા સંસ્થાને જન્મ આપી અનેક ગ્રંથો બહાર પાડી જૈનસાહિત્યની સેવા પણ કરી હતી. જૈનધર્મના ઉપદેશક તેમજ પ્રસિદ્ધ વક્તા પણ હતા. આવા એક વિદ્વાન આચાર્ય મહારાજ (મુનિરત્ન) ના સ્વર્ગવાસથી જૈનોમને ખરેખર એક ધર્મગુરુની ખોટ પડી છે. આ સભા પણ તે માટે પોતાની અત્યંત દિલગીરી જાહેર કરે છે. તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ મળો તેમ પ્રાર્થના કરીએ છીએ.

આત્માનંદ પ્રકાશ ૧૯૭૮ ના આસોનો અંક.

૧૪

શ્રી વિજયધર્મસૂરિનો અત્યન્ત ખેદકારક સ્વર્ગવાસ

શ્રીમાન્ મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય શ્રી વિજયધર્મ સૂરિએ ભાદરવા સુદિ ૧૪ મંગળવારની રાત્રિના દશ કલાકે શિવપુરી નામના ગ્વાલીઅર પાસેના નિકટના ગામમાં બાવન વર્ષની ઉંમરે સોમવારીને સ્વર્ગવાસ કર્યો છે. એમનો અભાવ થવાથી ભારતમાં એ અવશ્ય હોવાથી સર્વેને અત્યંત દિલગીરી વિસ્તરી છે. જૈનસમુદાયમાં નહિ પણ સાહિત્યના પ્રેમમાં પણ તેમની ન પુરાય તેવી ખામી પડી છે. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજનો શિષ્યવર્ગ પહેલેથી ખાસ બહુ નામાંકિત નીવડેલ છે. તેમાં આ મહારાજશ્રીએ તો શ્રી વિજયાનંદસૂરિએ પ્રાચ્ય પ્રદેશમાં જૈનધર્મ સંબંધી જ્ઞાન ફેલાવવા માટે વાવેલાં બીજને અત્યંત પલ્લવિત કરેલ છે. અત્યારે એ પ્રદેશમાં ઘણા યુરોપીઅન વિદ્વાનો જૈનધર્મ સંબંધી શોધખોળના લખનાર તેમજ ગ્રન્થક બન્યા છે અને તે પ્રદેશમાં અનેક આચાર્યો પણ કેટલુંક જૈન તત્ત્વજ્ઞાન ફેલાવ્યું છે. એ સઘળો આ મહારાજશ્રીનો જ પ્રતાપ છે.

એ મહારાજશ્રી ગૃહસ્થપણામાં મહુવા શહેરના નિવાસી હતા.

પણ જાણ્યું છે. એટલુંજ નહિ પણ, પૂર્વ અને પશ્ચિમની બધી વિદ્યાની આપ લેમાં એમણે મહત્વનો ભાગ ભજવ્યો છે. અમારૂં તેમની મુલાકાતમાં આચાર્ય શ્રીવિજયધર્મસૂરિની વાણી પ્રાપ્ત કરવા આ પ્રતિ ભાવની ચારિત્રવાન વ્યક્તિનું દર્શન પણ વિશાળ અને એમની મૂર્તિઓ અનેક રૂપ હોવાથી તેમજ તેમનું ચારિત્ર બોધપ્રદ અને અનુ કરણ હોવાથી એને કંઈક વિસ્તારપૂર્વક આલેખવાની અમારી ઇચ્છા છે.

ગુજરાત (પશ્ચિમ) આશ્વિન ૧૯૭૮ નો અંક

૧૩

જૈનાચાર્ય શ્રીમાન્ વિજયધર્મસૂરિ મહારાજનો સ્વર્ગવાસ.

આચાર્ય શ્રીવિજયધર્મસૂરિ મહારાજ ઘણા લાંબા સમય થયાં બીમારી ભોગવી ગયા ભાદરવા સુદ ૧૪ મંગળવારના રોજ શિવપુરી (ગ્વાલીયર) ગામમાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

તેઓશ્રી પ્રાતઃસ્મરણીય શ્રીવૃદ્ધિચંદ્રજી મહારાજના વિદ્વાન શિષ્ય હતા. તેઓશ્રીએ સં. ૧૯૪૩ ની સાલમાં દીક્ષા અને ૧૯૬૪ ની સાલમાં સૂરિપદ લીધું હતું. તેઓશ્રી વક્તૃત્વ શક્તિ અને ભાષાસાર હતા. બનારસ પાઠશાળાનો જન્મ આપી પોતે વિદ્યા મેળવવા સાથે બીજા કેટલાક જૈન મુનિઓને તથા ગૃહસ્થોને વિદ્વાન બનાવ્યા હતા. જૈનેતર સિવાય ભારતવર્ષના વિદ્વાનોમાં, જેમ ધર્મને નિમિત્ત પરિચિત થયા હતા, તેમ કેટલાક પશ્ચિમ દેશના વિદ્વાનોમાં પણ પોતાની વિદ્વતાથી પ્રસિદ્ધ અને પરિચિત થયા. જૈનસમાજની કેટલીક ભારે મોટી ખોટ પણ આવી હતી.

હતી. ઊંચા ઊંચા આગબોટની જમીન અને અને કાંઠેરીઓમાં રહેલા લોકોને અમે પણ એમનો ખાહેશ ખ્યાલ કરવામાં ભૂલ્યા નહોતા.

એમનો શિષ્યપરિવાર પણ આગળ વધેલો છે. ઉપાધ્યાય શ્રી ઇંદ્રવિજયજી પંન્યાસ ભક્તિવિજયજી પ્રવર્તક મંગળવિજયજી ન્યાયતીર્થ ન્યાયવિજયજી અને મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી તો ખાસ જાહેર પડેલા છે. આશા છે કે એઓ ગુરુમહારાજના પગલે ચાલી એમના પછી વતી શાસનભક્તિમાં તત્પર રહેશે, ને સાહિત્યના ક્ષેત્રમાં જનતાને લાભ આપ્યા કરશે.

જૈનદર્શન પાઠશાળાને પાછી જાગૃત કરવાનો યત્ન મહારાજશ્રીએ એવો આગ્રહ કરેલો છે. પ્રવર્તક વિજેરને ત્યા એકમ્યો છે એ પાઠશાળા પાછી જાગૃત થાય, અને નવા વિદ્વાનો ઉત્પન્ન કરે એ ઇચ્છવા યોગ્ય છે. અમે એ શુભ પ્રયાસની ફતેહ ઇચ્છીએ છીએ.

મહારાજશ્રીની શુદ્ધિ ઉપર સુધી ગઇ સારી રહી હતી. કાળધર્મ પામ્યા બાદ શહેર તરફના તેમજ શ્રી સંઘ તરફના મોટા સન્માન સાથે અગ્નિસંસ્કારાદિ ક્રિયા કરવામાં આવી હતી. તેમના અગ્નિસંસ્કારના સ્થાને રાજ્ય તરફથી તરતમાંજ વિશાળ જમીન બક્ષીસ આપવામાં આવેલી હોવાથી ત્યાં મહારાજશ્રીના સ્મરણાર્થે સ્તૂપાદિ કરવામાં આવશે.

મહારાજશ્રીનું અવસાન થયાના તારના ખબર મળતા અનેક સ્થાને ક્રિયાઓના ઠરાવો થયા છે ઉપરાંત અનેક શુભ કાર્યો તેમના નામ નિમિત્તે કરવામાં આવ્યા છે. આકારમાં પણ અઠ્ઠાઇમહોત્સવ કરવામાં આવેલ છે. અને મનુષ્યો તથા પશુઓને અનુકંપાદાન આપવામાં આવ્યુ છે. આવા પણ તેવા શુભ પ્રસંગો બન્યા છે તેના ખબર તથા મહારાજશ્રીનું સંક્ષિપ્ત જ સચિત્ર જીવન પત્રમાં પ્રગટ થયેલ છે તે વાંચવાની ભલામણ કરી એ મહાત્માના આત્માને શાંતિ મળો, એમ ઇચ્છી આ ટૂંક નોંધ સમાપ્ત કરવામાં આવે છે.

જૈનધર્મ પ્રકાશ સં ૧૯૭૮ નો આશ્વિન માસ.

સં ૧૯૨૪ માં શામળભાઈના પ્રસિદ્ધ કુટુંબમાં એમનો જન્મ થયો હતો. સત્યધર્મ પામ્યા ત્યારે દીક્ષા પર્યંત ૩૫ વર્ષનો અને સં ૧૫ વર્ષનું હતું ત્યારથી ભાવનગર આવતાં શાન્તમૂર્તિ શ્રીવૃદ્ધિચંદ્રજી મહારાજનો પ્રસંગ થયો. તેમના ઉપદેશથી તેમને વૈરાગ્ય પ્રાપ્ત થયો અને પોતાના કુટુંબની રજા મેળવીને સં ૧૯૪૩ ના વૈશાખ વદિ ૫ ને ભાવનગરમાં એ ગુરુ મહારાજના હસ્તે તેઓએ ચારિત્ર ગ્રહણ કર્યું હતું. ચારિત્ર ગ્રહણ કરી પછી ગુરુ મહારાજની વૈયાવચ્ચમાં અહર્નિશ તત્પર રહેતા હતા. કારણ કે ગુરુજીનું શરીર વધારે નરમ રહેતું હતું. એક દિવસ તેમના વૈયાવચ્ચાદિ ગુણથી પ્રસન્ન થઈને ગુરુ મહારાજે આશીર્વાદ આપ્યો હતો:

"જા તેરા અભ્યાસ કર, તું જૈનધર્મનો મોટો નેતા થશે." આ આશીર્વાદ ફળ્યો છે.

ગુરુમહારાજ સં ૧૯૪૯ માં સ્વર્ગવાસી થયા બાદ એમણે વિહાર શરૂ કર્યો હતો અને અભ્યાસ પણ વધારવા માંડ્યો હતો. બનારસ જેવા જૈનનું નામ પણ નહિ સહન કરનાર શહેરમાં એમણેજ સં ૧૯૫૮ માં 'શ્રીયશોવિજય જૈન પાઠશાળા' સ્થાપી, એટલું જ નહિ પણ શેઠ વીરચંદ દીપચંદ તથા શેઠ ગોકળભાઈ મૂળચંદની સહાયથી અંગ્રેજી પાઠશાળા મારફત જૈનધર્મની કીર્તિ સ્થાપન કરી.

એ પાઠશાળામાં અભ્યાસ કરીને ઘણા વિદ્વાનો બહાર પડ્યા છે અને જૈનશાસનની ઉન્નતિ કરનાર નીવડ્યા છે.

વિદ્યાવૃદ્ધિમાં એમણે શાસ્ત્રવૃદ્ધિ માટે ઘણું કષ્ટ સહન કર્યું છે. પુસ્તકોથી અને જ્ઞાનથી યુરોપીયન પ્રજામાં પણ માન મેળવ્યું છે. ઘણા વિદેશીય વિદ્વાનો એઓ સાહેબની મુલાકાત લેવા આવી ગયેલ છે. દેશી રાજા મહારાજાઓમાં કાશી નરેશથી ઘણા રાજાઓનો પણ પ્રેમ મેળવ્યો છે. પાશ્ચિમાત્યોના સમાજમાં એઓ સાહેબને અત્યન્ત આદરથી

છે કે તેમની અને તેમના વિદ્વાન શિષ્યોની વિદ્યા, વ્યવસ્થિત સર્વપદ્ધતિનું સંપૂર્ણ જ્ઞાન, સાધનોનો ઉપયોગ કરવાની શક્તિ, ધાર્મિક સહિષ્ણુતા, અદ્વિતીય શાસ્ત્રપ્રેમ અને અસાધારણ નિઃસ્વાર્થ આચારીએ યુરોપના આ મહાન આચાર્યની વિદ્વત્તા પર પ્રશંસાના, જર્મન અને અંગ્રેજ વિદ્વાનો આકર્ષી શક્યા હતા. આખા યુરોપમાં જે મહાન સંશોધક વિદ્વાન મંડળો છે તેમાંની "ઓરિએન્ટલ સોસાયટી ઓફ ઇટાલી," "રોયલ એશીઆટિક સોસાયટી ઓફ બેંગાલ," "સોસાયટી ફોર ઓરિએન્ટલ સ્ટડીઝ ઓફ આમસ્ટર્ડેમ," રોયલ એશીઆટિક સોસાયટી ઓફ બ્રિટન" વિગેરે મહાન અને જગદ્વિખ્યાત સંસ્થાઓએ આ મહાન જૈનધર્મગુરુને ઓનરરી ફેલો અને એસોસીએટ વગેરેનું માન આપ્યું છે કે જે માન જૈનધર્મ ગુરુઓમાંથી બીજા કોઈ પણ ધર્મગુરુ કે વિદ્વાન મેળવી શક્યા નથી. એટલું જ નહિ પણ આવું અપૂર્વ માન આખા હિંદમાં પણ થોડાક જ વિદ્વાનો પામ્યા છે. જૈનધર્મ એ ફક્ત બુદ્ધધર્મની શાખા છે એવા અનુમાન પર યુરોપીય વિદ્વાનો દોરવાયા હતા. આ વિદ્વાનોમાં સૌથી આગળ પડતા જર્મન વિદ્વાન પ્રો. હર્મન જેકોબી પણ એક હતા. પરન્તુ આચાર્ય વિજયધર્મસૂરિને પ્રો. જેકોબી જ્યારે કલકત્તામાં મળ્યા ત્યારે ઘણો વાદવિવાદ થવાથી પ્રો. જેકોબી પાસે કબૂલ કરાવ્યું કે— જૈનધર્મ એ દુનિયાનો પ્રાચીન અને સ્વતંત્ર ધર્મ છે અને તે કોઈપણ ધર્મની શાખારૂપ નથી. પ્રો. જેકોબીએ પોતાનો આ સુધારેલો મત તે પછી પ્રમાણો અને આધારો સહિત જાહેર કરી દુનિયાના વિદ્વાનોને જાણ કરી આપી છે કે—જૈનધર્મ એ પ્રાચીન અને સ્વતંત્ર ધર્મ છે. આચાર્ય વિજયધર્મસૂરિએ જૈનદર્શનની આ કાંઈ ઓછી સેવા બજાવી નથી. આજ પ્રમાણે ઇટાલિયા એશીઆ-અમેરીકાના જર્મનીના જાણીતા ડૉ. એફ. થોમસ, કે જેઓ જાણીતા સંસ્કૃત ગ્રંથોના જર્મનમાં અનુવાદ પણ કર્યા છે તેઓને જૈનધર્મના તત્ત્વજ્ઞાનમાં ત્યાર બાદ વેદાન્તની રચના પર જૂદના આરોપ

જૈન આચાર્ય શ્રીવિજયધર્મસૂરિનું અવસાન.

જૈનધર્મ અને શાસનની તેઓએ બજાવેલી ઉત્તમોત્તમ સેવાઓ

અનેક ગ્રંથોના પ્રણેતા અનેક ગ્રંથોના કર્તા, એક એથી પણ ઉપયોગી એવી અનેક શુભ સંસ્થાઓના સ્થાપક, જૈનધર્મના અપૂર્વ અને વૈજ્ઞાનિક તત્ત્વો તરફ હિંદુસ્તાનમાં નહિ પણ યુરોપ અને અમેરિકાના વિદ્વાનોમાં જિજ્ઞાસા પેદા કરનાર અને તૃપ્ત કરનાર, જૈનધર્મની ગહનતા સમજનાર, અને તે ઉપર કરેલ સંગીન અને અસરકારક ભાષણો કરનાર, જૈનતત્ત્વોનો અભ્યાસ ફેલાવો કરવા માટે ગંભીર અને અતિશય પરિશ્રમ સેવનાર, સત્યની ખાતર અને સિદ્ધાન્તની ખાતર ગમે તેવા સાધુઓની કે ખુદ શ્રેષ્ઠીઓની કે દુનિયાની પણ પરવા નહિ કરનાર, સંપ્રદાયમસ્તી અને સ્વાર્થીનો મહાન્ વિરોધી, જૈનશાસનનો રક્ષક, જૈન-ધર્મનો ઉદ્ધારક, એક ઊંચા આદર્શ સુધી પણ જૈનધર્મ અને જૈનધર્મની ઉન્નતિ માટે યત્ન કરનાર શાસ્ત્રવિશારદ મહાન્ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરિના મરણથી જૈનોમાં અનન્ત દિલગીરી ફેલાઈ છે. જૈનધર્મ પર આવેલ આફતોનો તો જાણે એક વખત વરસાદ વરસી રહ્યો છે. અને આવા એક અતિ નાજુક અને કટોકટીના મુસીબત વખતે આચાર્ય વિજયધર્મસૂરિ જેવા એક અતિ સમર્થ સુશિક્ષિત આચાર્યના અવસાનથી આ આફતોમાં ઓર વધારો થયો છે. જૈનધર્મને આવા નાજુક પ્રસંગે આવા નીડર અને દીર્ઘદૃષ્ટિવાળા સમર્થ આચાર્યની સેવાઓ ગુમાવવાનું આવેલ પસંદ કરે તેમ છે. આચાર્ય વિજયધર્મસૂરિનું અવસાન જૈનધર્મ માટે તો ખરેખર એક અસાધારણ આફત સમાન છે એમાં તો સંશય જ નથી કે, આચાર્ય વિજયધર્મસૂરિએ, આખા હિંદમાં નહિ પણ સમસ્ત જગતની દુનિયામાં જે પવિત્ર અને મોભાનું સ્થાન મેળ

હોય તો તેઓએ જૈન ધર્મના “ સાધારણ ખાતા ”ની પુષ્ટી માટે બતાવેલી નીડર અને અપૂર્વ વાત છે આચાર્ય વિજયધર્મસૂરિએ ખુલ્લે ખુલ્લું જાહેર કર્યું કે–“ અમુક અમુક ખાતાઓ બીજાએ અગાઉથી કરેલા ઠરાવ મુજબ ભલમાં દેવદ્રવ્ય ખાતે જમા થાય છે તે ખાતાઓ, જો સંઘ ઠરાવ કરે તો સાધારણ ખાતામાં પણ સંઘ જમે કરી શકે છે અને સંઘની સત્તા છે અને સત્તા પ્રમાણ ગણાય તેવા જૈનશાસ્ત્રોમાં આવા ફેરફાર કરવા સામે મનાઈ નથી. ”

ઘણો સારો પ્રભાવ જનસમૂહમાં પાડ્યો હતો. યુરોપના મહાન્ વિદ્વાન પ્રો. જેકોબી જેમણે જૈનધર્મના સીદ્ધાંત સમજવામાં જે જહેમત ઉઠાવી છે તે આચાર્યશ્રીના મહાન્ પ્રયાસથી દૂર થાય છે અને પ્રો. જેકોબીએ કબુલ કર્યું હતું કે તેનું મરણ પામતાં પહેલાં આભારી હતું. આચાર્યશ્રી આપેલ અત્યાચારો દૂર કરવામાં વિદ્વાનોની સહાયથી ફલીભૂત થયા હતા. જર્મનીના પ્રોફેસર પ્રો. સીમ્બન બેલી જેવા જર્મનીના વિદ્વાન્ પણ જણાવે છે કે આચાર્યશ્રી "He is one of the most personality in the whole world". આવા આવા મહાન આચાર્યશ્રી જે ધર્મમાં થઈ ગયા છે તેના માટે હજી નાખેલો ભાવ તે માટે જાગૃત થવાની જરૂર છે.

*

શેઠ માવજી મેઘજી શી

આચાર્યશ્રીએ જૈન કોમ ઉપર નહિ પરંતુ જગતમાં જે ઉપકારો કર્યા છે તે વિસરાય તેવા નથી. મહારાજશ્રી જૈનના જ હતા પરંતુ જગતના હતા. તેમણે એક મહાન્ કાર્ય ઉપાડ્યું હતું કે જૈન અગર જૈનેતર હોય છે સર્વ મનુષ્ય જાતિ આપણે બંધુના જીવો. આ માટે જે જે મનુષ્યો પ્રયાસ કરી શકે છે તેને ધન્યવાદ ઘટે છે. અત્યારે ધર્મ અગર અધર્મ નક્કી કરવું એ કઠિન છે. પરંતુ જૈનધર્મના સાધુઓ જે શાસન પાળે છે તેટલું (ટીકાની ખાતર નહી) બીજા કોઈ ધર્મના સાધુઓ પાળતા નથી. જૈનો પાસે ધન અને શક્તિ છે પણ વિદ્યા અને બુદ્ધિ વિકાસ પામવાની કર છે. તેમજ શાસ્ત્રજ્ઞાનની જરૂર છે. તેના પ્રયાસો કરનાર આચાર્યશ્રીની જયંતી ઉજવવા આપણે ભેગા થયા છીએ તો જરૂર તેમના ગુણોનું મનન કરવું.

*

મુનિશ્રી ન્યાયવિજયજી

"આચાર્ય મહારાજનું એક સૂત્ર હતું કે શિક્ષણ અને નીડર થવાની જરૂર છે. સત્યને અંત સુધી છોડવું નહીં. ત્યારથી હું સત્ય પ્રત્યે આકર્ષિત થયો છું. તેઓશ્રીએ જૈનધર્મની અને જૈનસમાજની અપૂર્વ સેવા બજાવી છે. આવા મહાન આચાર્યોના સ્મરણથી જરૂર આપણા જીવનમાં આપણે કંઈક કરી શકીએ. મહાન પુરુષોની જયંતી ઉજવવાનો હેતુ તેમના સિદ્ધાંતો પૈકી કોઈક બાબતો વર્તનમાં મુકી શકાય તેજ છે. તેમની એવી ભાવના હતી કે દરેક ધર્મ સાથે સમભાવ રાખો. આપણે તેમના ઉપદેશ અભ્યાસ કરી તેમના જીવનનું અનુકરણ કરીએ તેજ તેમની જયંતી યથાર્થ ઉજવી ગણાય. તેઓશ્રીએ તેમના જીવનના અંત સુધી પણ અહિંસા પાળવામાં સંપૂર્ણ ધ્યાન રાખ્યું હતું."

*

મિ. ડી. ડી. નથાણી.

સદ્ગુરુજીની ખોટ જૈન કોમનેજ નથી પરંતુ જગતને છે. તેમનામાં સાદાઈ અને પવિત્રતા હતા.

પ્રોફેસર શાહ જણાવે છે કે આચાર્યશ્રી જૈન ધર્મના માન આપે છે એમ નથી. પ્રો. શમશાદી તથા વીરચંદભાઈ જણાવે છે કે તેઓ નીડર હતા. તેમના જવાથી આપણે બેસી રહેવાનું નથી પરંતુ તેમના જીવનપ્રસંગોને અનુસરવું અને આપણા જીવનમાં ઉતારવા આવો પ્રયત્ન કરો.

*

પં૦ શ્રી દેવવિજયજી

આપણે આજે એક મહાત્માની નિર્વાણ જયંતી ઉજવવા ભેગા થયા છીએ. જૈન શાસનના મહાન સ્તંભરૂપ શ્રીમાન વિજયધર્મસૂરિજી

મહારાજે ગઇ સાલ આજ રોજ શિવપુરી (ગ્વાલીયર) માં નિર્વાણ પામ્યા હતા. તેઓ મુસલમાનોને પોતાનો અપૂર્વ લાભ આપી ગયા છે. આ મહાત્માએ જૈન ધર્મની ઘણી જ સેવા કરી છે. જૈન ધર્મમાં વિદ્વાનોની ખામી હતી, તે માટે પ્રથમ કરનાર તેઓશ્રી છે. તેઓએ બહુ પરિશ્રમ અને ઉદારતાથી જ્ઞાનનો પ્રકાશ તથા ફેલાવો કરવા માટે એક પાઠશાળા સ્થાપી છે. તે ઉપરાંત તેમણે "શ્રી યશોવિજય ગ્રંથમાળા" પણ સ્થાપ્યું છે. માટે સાહિત્ય સેવામાં તેઓશ્રીનો ઉપકાર છે. તેથી હું તેમને મારા ગુરુ તરીકે માનું છું. તેઓશ્રીમાં એક અપૂર્વ ગુણ ધૈર્યનો હતો. તેઓએ થોડામાં જ વિદ્વાનો તૈયાર કરવા જોઇતાનો [illegible] હતો, અને તેઓનો એટલો બધો પ્રભાવ હતો કે તેઓશ્રી બીજાને આકર્ષણ કરવાની અપૂર્વ શક્તિ ધરાવતા હતા.

પાછળના વખતમાં જૈન ધર્મના કેટલાક મનુષ્યોએ કેવળ [illegible] અને [illegible] માટે ઉપસ્થિત થયેલી તકરારને લીધે તેમના ઉપર [illegible] લીધેલી છે. પરંતુ વાસ્તવિક રીતે તો તેઓ [illegible] શું છે તે લોકોને [illegible] સમજ એક [illegible] રજુ કરી હતી. અને તેમનો વિચાર [illegible] કરે તો જ કરવાનો હતો નહીં કે પોતાનો જ વિચાર અમલમાં મૂકવા પ્રયાસ કર્યો હતો. [illegible] મુજબ ફેરફાર બતાવે છે એવા કે આપણી [illegible] હતી અને [illegible] તે પીળા થયા, મનુષ્યો જંગલમાં રહેતા હતા તે ગામમાં રહેવા લાગ્યા, વિગેરે ફેરફારો થયા છે. તો આ પણ તેઓશ્રીએ સૂચના કરી હતી, તે છતાં પણ આપણે જૈન ધર્મ ઉપર કરેલી તેમની મહાન્ સેવા કદી પણ વીસરી શકીએ નહીં. તેમના ઘણા શિષ્યો છે. તેઓ પણ જૈન ધર્મની સેવા હાલ પણ તેવા જ ભાવથી કરે છે."

બીજી જયન્તી

ગામ	સભાપતિ	વક્તાઓ
૧ શિવપુરી	કર્નલ લ્યુઆર્ડ સી. આઈ. ઈ. ફાઈનેન્સ મેમ્બર ગ્વાલીયર ગવર્નમેંટ	પં. ગજાનંદ શર્મા મુનિ વિદ્યાવિજયજી બા. રા. ભાલેરાવજી લાલા કૃષ્ણ સાહેબ માથુર સં. એડિટર જયાજીપ્રતાપ આચાર્ય વિજયેન્દ્રસૂરિ
૨ આગરા	ઉપાધ્યાય મંગળવિજયજી	ફુલચંદ એમ. દેસી લાલા ઉમેદમલજી જવાહરલાલ લોઢા ફુલીચંદજી મોહનલાલજી વેદ ફુલચંદજી વેદ સમીરચંદજી મોદી
૩ મુંબઈ	પં. લાભવિજયજી પં. લલિતવિજયજી પં. શાન્તિવિજયજી	ડૉ. મોતીચંદ ગ. કાપડીઆ ચિમનલાલ નાથાલાલ શાહ પં. લાભવિજયજી પં. શાન્તિવિજયજી પં. લલિતવિજયજી મી. કે. એફ. નરીમાન
૪ ઈડર		

૫ વડોદરા	શ્રીજિનધર્મોપદેશ આચાર્ય એમ. એ.	પં. લાલનજી વાડીલાલ નગીનદાસ વકીલ નાનાલાલ મોતીલાલ મોદી
૬ ઉદયપુર	(વિદ્યાર્થીઓને પ્રભાવના અને પૂજા વિગેરે)	
૭ કરાંચી	યતિ શ્રી રામચંદ્રજી	શ્રીયુત ખુશાલભાઈ પં. જયસિંહજી પી. એલ. વસવાણી શેઠ રણછોડદાસ પોપટલાલ ત્રિભુવનદાસ
૮ ભીવંડી	—	જૈન શ્વેતામ્બર મૂ. બોર્ડિંગના સુપ્રીન્ટેન્ડન્ટ અને કેટલાક વિદ્યાર્થીઓ
૯ શોલાપુર (દક્ષિણ)	મુનિરાજ શ્રીપ્રતાપમુનિજીના ઉપદેશથી પ્રભાવના-પૂજા-વિગેરે.	
૧૦ ભાવનગર	મુનિરાજ કર્પૂરવિજયજી	૧ પોપટલાલ સાકરચંદ ભગવતરાય પારેખ પ્રભુદાસ મ્હેતા હરિલાલ દેવચંદ હીરાચંદ દેવચંદ (ઇત્યાદિના વ્યાખ્યાનો)
૧૧ વીરમગામ	પં. શ્રી ભક્તિવિજયજી	કેશવલાલ પૂનમચંદ મણિલાલ પુરુષોત્તમ
૧૨ મહુધા	મુનિ શ્રી ધનપ્રભવિજયજી	કેટલાક ગૃહસ્થો
૧૩ સ્તાપચંદ	મુનિ શ્રી દુર્લભવિજયજી	શેઠ લાભચંદજી વૈદ્ય

કેટલાક ભાષણોનો સાર

પં૦ રામનારાયણ શર્મા—શિવપુરી

“ જૈન સાહિત્યનો સર્વસ્વ વિજયધર્મસૂરિજીએ ઘણો પ્રચાર કર્યો છે. તેમની વિદ્વત્તા અને સાહિત્ય પ્રેમ તેમણે પ્રકાશિત કરેલ ઉત્તમોત્તમ ગ્રંથો પુરવાર કરી આપે છે. વિજયધર્મસૂરિ એ ભારતવર્ષના ઉત્તમ નેતા હતા અને તેથી તેમની જયન્તી ઉજવવી આવશ્યક છે. ”



શ્રીયુત બા. રા. ભાટેરાવજી, તહસીલદાર સાહેબ—શિવપુરી

વિજયધર્મસૂરિનું શરીર નહિ હોવા છતાં તેમનો યશ શરીરથી અધિક તેમનાં કાર્યોથી ફેલાય જ છે. તેમણે દેશ, કાલ અને સમયનો વિચાર કરી પોતાનું જીવન પવિત્ર કર્યું છે. પાશ્ચાત્ય દેશોના વિદ્વાનોને ગ્રંથ અને પુસ્તકો દ્વારા તેમણે સહાયતા કરી છે. એમનાં જેવા અમૂલ્ય ભાગ્યે જ મળે છે. તેવા અન્ય ભાગ્યે નથી. તે મહિને—મહિને મહિને ન્યૂઝ સુધી તેનો પ્રચાર કર્યો છે. શ્રીવિજયધર્મ ગ્રંથમાળા દ્વારા અનેક એવાં ગ્રંથ છપાવ્યા તેમણે જનતામાં માલમ થયું કે ઐતિહાસિક પ્રવૃત્તિમાં પણ તેમણે સારો ભાગ આપ્યો છે. તેમની વિદ્વત્તાનું આપણે એ ઉપરથી અનુમાન કરી શકીએ છીએ કે કલકત્તાની એશિયાટિક સોસાયટી ઓફ બંગાળ, જર્મનીની ઓરિએન્ટલ સોસાયટી અને ઇટાલીની એશિયાટિક સોસાયટીએ તેમને પોતાના ઓનરરી મેમ્બર બનાવ્યા હતા. તેમના એ માન કર્યાં હતા. તેઓ આકૃતિથી અત્યન્ત પ્રતાપી દેખાતા હતા. ”



માથુર સાહેબ, એડિટર–જયાજીપ્રતાપ, શિવપુરી.

“ વિજયધર્મસૂરિ મહારાજ એ ઉદાર ન હોત તો આ સભામાં જ આપણે જે જોઈ રહ્યા છીએ એવું દૃશ્ય કદિ જોવા પામતે જ નહિ. આજે એક જૈનાચાર્યની જયન્તી ઉજવવા હિંદુ મુસલમાન, પારસી વિગેરે તમામ લોકો ભેગા થયા છીએ. વિજયધર્મસૂરિ મહારાજે વાસ્તવમાં જુદા જુદા ધર્મવાળાઓને પ્રેમથી મેળવવાનો પ્રયત્ન કર્યો હતો, અને તેનું જ એ પરિણામ છે કે–જૈનધર્મ સંબંધી લોકોમાં જે શંકાઓ હતી, તે દૂર થતી જાય છે. તેમ જૈન સાહિત્યની પણ કદર વધી છે.

“ તેઓ દીક્ષા લેવા સુધીમાં તદ્દન નિરક્ષર જેવા હતા, છતાં આવા મહાત્મા જન્મ એમ જે કહેવામાં આવ્યું છે તે નિરંકુશ ઠીક છે. ઘણે ભાગે મહાત્માઓમાં એવું બને છે. (આ ઉપર કેટલાક મહાત્માઓના દૃષ્ટાન્ત આપ્યાં હતાં.) તેઓ નિરક્ષર હોવા છતાં વૃદ્ધિચંદ્ર મહારાજે દીક્ષા આપવા માટે પસંદ કર્યા, એ એમની પરીક્ષા કરવાની બુદ્ધિમત્તા સૂચવે છે.

“ સૂરિજી શિવપુરી આવ્યા અને અહિં જ દેહ છોડયો. એમાં પણ કુદરતનો ચમત્કાર છે. વિજયધર્મસૂરિજી ઉદાર વિચારના હતા. દરેક ધર્મો સમાન દૃષ્ટિ રાખતા હતા. આપણા સરકાર પણ તેવા વિચારવાળા છે અને તેથી સરકારના આશ્રયમાં આચાર્યશ્રીનિ આદર્શનું કર્યું પાઠશાળા આવવાથી અહિંનું કાર્ય જોર ઉપર ઘણું મજબૂત વિદ્યાર્થીઓ બહાર નીકળી આચાર્યશ્રીની ઉદારતા પ્રમાણે જ કામ કરશે. ”

*

સભાપતિ શ્રીદિ સાહેબ,

“ મને અફસોસ એ વાત છે કે, સ્વર્ગસ્થ શ્રી વિજયધર્મસૂરિજી જેવા ધર્મગુરુ ચાલ્યા ગયા, તેવા આજકાલના વર્તમાન જમાને ધર્મગુરુઓ

હતું, તે ભારતવર્ષની આવી ગૌરવવંતી દશા ન થાત અને આજકાલ કેમવે કેમવે જે દુર્દશાઓ થાય છે તેવી થવા પામત નહિ. ધર્મ ગુરુઓમાં સ્વાર્થત્યાગ ઘણો હોવો જોઈએ. વિજયધર્મસૂરિજીમાં તે ઘણો હતો. ખાવા પીવા ઝઘડવું તો આ જમાનો નથી. ધર્મગુરુઓમાં પર ધર્મ સહિષ્ણુતા પણ જોઈએ. દરેક ધર્મવાળી વ્યક્તિ આદર કરવાની આવડત જોઈએ. તેમ વસુધૈવ કુટુમ્બકમ્‌ની દૃષ્ટિ જોઈએ.

“ યાદ રાખવું જોઈએ કે વિદ્યા અને સાધુતા એ જુદી જુદી વસ્તુઓ છે. પરોપકાર પણ તેના વખાણવા લાયક છે કે જે નિસ્વાર્થવૃત્તિવાળો હોય. સ્વાર્થવૃત્તિ પરોપકાર ખરી રીતે પરોપકાર નથી. દાખલો, મેળવવા માટે ઘણો દવાઓ વગેરે લઈને મિશનરીઓ પ્રેમમાં આવ્યા, તો તે સ્વાર્થવૃત્તિ પરોપકાર જ. ખરી સાધુતા એજ છે કે જીવમાત્ર ઉપર દયા રાખવી.

“ આ ત્રણીએ આગળ વિજયધર્મસૂરિજી હતા. અત્યારે ભારત વર્ષમાં બે વિભાગો પડેલા છે એક તો નાસ્તિકતાનું જોર છે અને બીજી તરફ પુરુષો આપણા ધર્મ સિવાય બીજા ધર્મો પ્રત્યે દ્વેષ કરે છે. આ બન્ને આગળોને રોકનારા ધર્મગુરુઓ જોઈએ. વિજયધર્મસૂરિજી પ્રયત્ન ખાસ કરીને આ બે આગળોને રોકવા માટે હતો. વિજયધર્મસૂરિજીનું સ્થાપન કરેલું આ સંસ્થા ભવિષ્યમાં અવશ્ય ઉપયોગી થશે. આથી જેઓ નીકળશે, તે એમ આપને ચેપ કરશે. અત્યારે આપણા પ્રાચીન પાઠશાળાઓની આવશ્યકતા છે બોર્ડિંગોમાં યોજના કરી સરકારી સ્કૂલોમાં ભણનારાઓમાં સાચી ધર્મ ભાવના રહેતી નથી. તેમ જેઓ પોતાના ઘેર રહી સરકારી સ્કૂલોમાં ભણે છે તેઓમાં પણ ખાસ ચૈતન્ય આવતું નથી. ઘર એવી સ્કૂલો દ્વારા દસ્તો નકામો શિક્ષા જરૂર છે છે પણ તે કરતાં આપણી તીવ્ર પ્રાચીન ગુરુકુળ પદ્ધતિથી ભારત

વર્ષીય બાળકોને શિક્ષણ આપવાની જરૂર છે. સાત દિવસ ગુરુઓના સહવાસમાં રહીને બ્રહ્મચર્ય પાળવા પૂર્વક વિદ્યાધ્યયન કરવાથી તેઓમાં ઓરજ પ્રકારના ભાવ ઉત્પન્ન થાય છે. આ પાઠશાળા પણ તેવાજ પ્રકારની પાઠશાળા છે. આવી જેટલી વધારે પાઠશાળાઓ થાય, તેટલો જ વધારે જ લાભ છે. આવું પરોપકારી કાર્ય કરનાર શ્રીવિજયધર્મસૂરિ મહારાજને અન્તઃકરણથી વંદન કરવા સિવાય બીજું શું કહી શકું?”

✤

ડા. મોતીલાલ મગનભાઈ શાહ મુંબઈ

“ સૂરિજીએ પોતાની સહિષ્ણુતા બતાવી અને સમતા દર્શાવી ઇતર ધર્મીઓને આકર્ષ્યા અતિ પરિશ્રમ કર્યો હતો. x x તેઓશ્રીએ સ્થાપિત કરેલી યશોવિજયજી પાઠશાળાએ સારા સારા વિદ્વાન ઉત્પન્ન કર્યાં છે x x ઇટલી સ્વીટ્ઝરલેન્ડ વિ. ના પાશ્ચાત્ય વિદ્વાનો જૈન ધર્મનો અભ્યાસ કરી રહ્યા છે એ એમનો જ પ્રતાપ છે વિ.”

✤

શ્રીયુત જી. કે. નરીમાન, મુંબઈ.

તે સૂરિવર એકલા ગુજરાતમાં નહિ, હિંદુસ્થાનમાં નહિ, કિંતુ સકલ વિશ્વમાં વિખ્યાત છે x x તેઓ જૈનોનું એક આભૂષણ હતા, અને વિદ્યાવિલાસી હતા. x x તમે મેક્સમુલરના દેશમાં જઈ પૂછો કે જૈનધર્મના વિદેશીય વિદ્વાનોનો મોટો સહાયક અને તેમના ગૂઢ તત્વોનો નિવારક કોણ છે? તો અવશ્ય એજ જવાબ મળશે કે શ્રી વિજયધર્મ સૂરીશ્વર જ છે x x અંતે પ્રત્યે મારે બે બોલ કહેવાના છે તે એ છે કે તમે જે પ્રયત્ન સંસ્કૃત માટે કરો છો તે માગધીનો [illegible] કરવા કરો. સૂરિજીના શિષ્ય કે હજી પણ એ જ જગ્યાએ છે x x x x સૂરિવર ભારતના એક ઉજ્જ્વલ રત્ન હતા. તેવા બીજું રત્ન ક્યારે પાકશે કે કેમ તેની મને તો શંકા છે + + +

“ જો સ્યાદ્વાદ માનતા હો તો પણ પ્રતિષ્ઠિત સિદ્ધાન્તોને અનુસરો અને પ્રમાણતા કેળવો. ડુંગરો ઓળંગી પ્રથમ પ્રયાણ કરવાં આ સૂચિત જ હતાં.

♣

૫૦ શ્રી બાલવિજયજી મુનિ

સદ્ગત મેરુ પ્રભાવશાળી પુરુષ હતા. તેમની પ્રતિભા અપૂર્વ હતી. તેમણે જૈન સમાજોમાં સમ્યક્ ઉત્તમ પ્રકાર રસ્તો ચીંધ્યો હતો ”

♣

૫ શાંતિવિજયજી મુનિ.

“ જ્યોતિષીનો યોગ ત્યારે જ ભાગ્ય થાય કે જ્યારે તેમણે આ યોગ મસ્તકોને ઉચ્ચ ધ્યાન પ્રતિ અર્પિ.

♣

૫ શ્રી લલિતવિજયજી મુનિ

“ अथ सिद्धः यतो वेत्ति सकला कतुवेदनाम् ।
दत्तान्यचरितानां तु नमवैव कुसुम्भकम् ॥ ”

આ ભાવનાને મૂર્તિરૂપે ગૌરવ અર્પિત કરી બતાવી હતી. તેમની ઔદાર્યવૃત્તિએ સૌને આકર્ષ્યા હતા.

♣

૫ બાલચંદ હેમચંદભાઈ મોદી, બોટાદ.

પોતાના જીવનની છેલ્લી ક્ષણ સુધી જૈન સમાજની સેવા માટે પ્રબળ પ્રયાસ કરનાર, વિશ્વના સમસ્ત પ્રાણિગણ સાથે મૈત્રી ભાવનાર, પોતાના વિરોધીઓના અસહ્ય તિરસ્કાર અને આક્ષેપોનો પણ સુસંસ્કૃત ભાષામાં પ્રત્યુત્તર વાળનાર, પ્રખર પરિષદો, કોંગ્રેસો અને આંદોલનો પ્રસંગે ઉપસ્થિત

થવા છતાં પણ અસાધારણ શાન્તવૃત્તિ રાખનાર, પરોપકારમય જીવન જીવી જૈન સમાજપર જ નહિ, સર્વ સાધારણ પર નિસ્વાર્થ ઉપકાર કરનાર, સાહિત્યના પરમ ઉપાસક પ્રતિભાશાળી મૈત્રીભાવના પ્રખર અનુયાયી અને સર્વવિખ્યાત યોગી, ચારિત્ર અનુભવી, સ્વભાવ, પવિત્રાત્મા, ધર્મનો વિજયધ્વજ ફરકાવનાર ધર્મવીર વિજયધર્મસૂરિ બે વર્ષ ઉપર આજ તિથિએ અસ્વસ્થ થયા કે–પૌદ્ગલિક દેહનો ત્યાગ કરી તેમનો અમર આત્મા અમરધામમાં વસ્યો છે.

" મહાન સૂરિજીના ઉપદેશથી સ્થપાયેલી સંસ્થાઓને સ્થિર કરી સમાજ હિત માટે તેઓએ ધારેલાં અધૂરાં રહેલાં શાસનસેવાનાં કાર્યોને આપણે પ્રગતિમાન્ કરવાં, એ હવે આપણું કર્તવ્ય છે. જૈન ધર્મ, જૈન સાહિત્ય, જૈન તત્ત્વજ્ઞાન, જૈન પ્રતિમા, જૈન તીર્થો અને જૈન મંદિરો તરફ અનેક વિધર્મી સાક્ષર નિરાગ્રહે કરી અશુભ આક્ષેપોના ગુપ્ત પ્રસંગો ઉપસ્થિત થઈ રહ્યા છે તે તે સમયમાં આપણે શું શું કરવાનું છે મહાન સૂરિરાજના શાસનસેવાના ઉચ્ચ ધ્યેયોને અનુસરી યોગ્ય સાધી શાસન પ્રભાવનાનાં સમાજહિતનાં શ્રેષ્ઠ કાર્યોમાં ઝંપલાવી તે જયન્તીનો હેતુ સફલ કર્યા અભ્યુદય નિર્વાણ "

*

મિ. બાબુલાલ મોતીલાલ ધારી. વડોદરા.

બાર બાર મહિનામાં તેમના જીવન ચરિત્રો લખાયાં છે. વિદ્વાનોએ ભક્તિભાવથી મસ્તક નમાવ્યાં છે. જૈનેતર મુનિવર્ષિણીયા પણ તેમના સત્કર્મો આપણની ચેતનાઓ થઈ છે જો પણ શું બસ છે? આપણું કર્તવ્ય માત્ર તેમના ગુણ ગાઈ બેસી ન રહેતાં તેમના પગે ચાલવું છે–તેમના સદ્ગુણોને ગ્રહણ કરવાનો છે. આત્મજ્ઞાન સુધારવાનો છે. આપણે તેઓશ્રીના જીવનમાંથી પણ વિચારી પણ ગ્રહણ કરવાનું છે. "

*

જિનપ્રબોધ ભટ્ટાચાર્ય (પ્રમુખ) વોટસન

" વિજયધર્મસૂરિ મહારાજ આધુનિક મુનિઓમાં અગ્રસ્થાનીય હતા. એમના ગુણાદિ વર્ણવવામાં હું અશક્ય છું. જ્ઞાન, ક્ષમા, પવિત્રતા, ધર્મ વત્સલતા, પરોપકારિતા, પાંડિત્ય ઇત્યાદિ ગુણોથી વિજયધર્મસૂરિ અલંકૃત હતા. તેઓ આદર્શ સાધુ, આદર્શ મનુષ્ય, આદર્શ જ્ઞાની પંડિત હતા. આશરે ઉત્તમ જીવન વ્યતીત કરી તેઓ સ્વર્ગવાસી થયા છે. તેમનું સ્મરણ ચિરકાલ સુધી રહે એ સ્વાભાવિક છે. છેલ્લાં વીસ વરસોમાં જૈન ધર્મના વિચારો પાશ્ચાત્ય પંડિતોને પણ આકર્ષિત કરવાનું માન વિજયધર્મસૂરિને ઘટે છે. બીજા જૈન સાધુઓ વિધર્મીઓને ધર્મ વિષયક ઉપદેશ આપવામાં સંકોચ કરતા, એથી સનાતન જૈનધર્મ જૈનોમાં જ રહી ગયો. વિધર્મીઓને એ અમૂલ્ય ખજાનો સ્પર્શ પણ કરવા દીધો નહીં. શ્રીવિજયધર્મસૂરિ મહારાજે એ વાતને ના પસંદ કરી એમણે ભંડારને ખુલ્લો મૂક્યો. જૈનધર્મ નમાંથી અભ્યાસ સ્પૃહાવાળા જ્ઞાની વિદ્વાનોને એ લાભથી અર્પણ કર્યો. પુરાતન પુસ્તકો ભંડારમાંથી બહાર કઢાવી સંશોધન કરી પ્રકાશમાં મૂકાવ્યા, જુદાજુદા શિષ્ય વર્ગને પ્રચાર અર્થે પ્રવાસ કરાવ્યો. યુરોપના ગૃહસ્થોને એ અર્થે સહાયતા આપવા ઉપદેશ આપ્યો. એથી પ્રસિદ્ધિમાં આવેલ અંતિમ વીસ વરસમાં આધુનિક ગ્રન્થ અને પ્રાચીન સાહિત્યમાં જૈનધર્મ-જૈનસાહિત્યને નવજીવન આપ્યું તેમ કહેવામાં લખાયું."

શ્રી વિજયધર્મસૂરિ મહારાજે જગતને દેખાડ્યું કે એવું ઉન્નત જીવન– એવું નૈતિક જીવન દુનિયામાં ગુજારે છે. પોતે દુનિયા પર ઉપકાર કરી પોતાના આત્મિકનો ક્ષેત્ર વધાર્યો અને જૈનધર્મને પ્રચાર તથા પ્રતિષ્ઠામાં વધારો કર્યો. શ્રી વિજયધર્મસૂરિના સ્વર્ગવાસથી માત્ર જૈનસંઘ અને ગૃહસ્થોને જ અપૂરણીય ક્ષતિ થઈ છે એમ સમજવાનું નથી. એમના સ્વર્ગવાસથી ગૂજરાત સંતાન હીન થયો. હિંદુસ્તાન એક મહાન સાધુ, આદર્શ પ્રચારક અને સુધારકથી હીન થયો.

અને ધાર્મિક પવિત્ર વર્ષ એક સહકારી મંડળમાં જોડાઈ દીન જનો. શ્રીવિજયધર્મસૂરિજીનું સ્થાન દુનિયામાં એક શ્રેષ્ઠ મહાપુરૂષની ગણનામાં જ હવે આપણ—અમારા જૈન બંધુઓનું કર્તવ્ય છે કે—તેમના ઉપદેશોને ધ્યાનમાં રાખી તેમની પીઠળથી ચાલી હાથમાં લીધો, તેમનો પ્રદર્શિત ધર્મ માર્ગ અનુસરવો. ”

*

મી. ટી. એલ. વસવાણી કરાચી

“ દશ વર્ષે વિજયધર્મસૂરિ ગયા તેઓ. તે મહાન્ આત્મા હતા. મારા દિલમાં તે વિજયધર્મસૂરિની મૂર્તિ એ ભગવાનને બેઠવા ત્યારથી નહિ ઓળખાની છે વિજયધર્મસૂરિ જુદાઈ હતા. જ્યાં ત્યાગનો ભાવ નામ થતાં ભગવાનને કહે છે-મારું સર્વસ્વ તારા ચરણમાં અર્પણ મ પુ જુઓ તેમણે કેટલું કામ કર્યુ ! આજના પવિત્ર દિવસે દશ આપણે પ્રતિજ્ઞા લેવી જોઈએ કે-મારે હંમેશા એક એક સેવાનું કામ કરવું

———

ત્રીજી જયન્તી

ગામ	પ્રેસીડેન્ટ	વક્તાઓ
૧ શિવપુરી–	પ્રો. આલ્ફ્રેડ સાહેબ	ન્યાયવ્યાકરણતીર્થ પં. બેચરદાસ
		મુનિશ્રી હિમાંશુવિજયજી
		વિદ્યાર્થી ઓખાભાઇ દેસાઇ
		પં. રામચન્દ્ર શર્મા
૨ ખીવાપુરી–	શ્રી વિજયેન્દ્રસૂરિ મહારાજ	પં. હેમચંદ મેઘજી
		મુનિ શ્રીવિશાલવિજયજી
		શેઠ પ્રતાપચંદ બેદાજી
૩ શિકારપુર–	ઉપા. મંગળવિજયજી મહારાજ	રા. રાવતસિંહજી
		ચૌધરી વિજયરાજજી
		નગરશેઠ વસ્તરાજજી
		રા. જનાલાલજી
		વેલચંદ પૂનમચંદ
		ભીખચંદ ખુશાલદાસ પરીખ
		માસ્તર કુંવરજી
૪ આગ્રા—	પૂજા વિગેરે	
૫ મુંબઇ—	પં. શ્રી લલિતવિજયજી	પરીખ ડુંગરસી
		મી. એ. જે. નરીમાન
		શ્રીયુત પાલખીવાલા
		મુળચંદ આશારામ વૈરાટી
		પ્રો. હીરાલાલ આર. કાપડીયા
		શેઠ લાલુભાઇ ફુલચંદ
૬ સુરત—	નગરશેઠ ભગુભાઇ ફતેચંદ	મી. મોતીચંદ શાહ
		હરિલાલ જિવણલાલ બી. એ.

	સુ. ભીમચંદ વકીલ
	રા. નાનાલાલ ભીમચંદ
	રા. કસ્તુરચંદ સુરચંદ મારફતીયા
૭ વીરમ— પૂજા-ભાવનો વિગેરે	
૮ બોટાદ— નગીનદાસ વેણીદાસ	નૂતન જૈનપાઠશાળાના ક્રમ વાદક વિગેરે
૯ ભાવનગર— પં. શ્રી ભક્તિવિજયજી	વ્યાકરણતીર્થ પં. જગજીવનદાસ
	શેઠ કુંવરજી આણંદજી
	માસ્તર ચોપટલાલ સાંકળચંદ
	ગાંધી દલીચંદ મૂળચંદ
	માસ્તર શામજી હેમચંદ
	શેઠ દેવચંદ દામજી
	વસંતરાય પાઠક
ઉપરાન્ત—	વિજયધર્મસૂરિની કર્તવ્યનિષ્ઠા એ વિષય ઉપર ભાષણો આપ્યાં
૧૦ મહુવા— ગાંધી લક્ષ્મીચંદ આણંદજી	કપૂરચંદ દુર્લભદાસ
	સૌભાગ્યચંદ છગનલાલ
	વનમાળી ગોપાળજી
૧૧ સાયલા— ભાઈચંદ ચત્રોભચંદ વોરા	નાગરદાસ કસ્તુરચંદ બી. એ. એલએલ. બી.
૧૨ જામનગર—ન્યાયતીર્થ ન્યાયવિજયજી	પ્રમુખનું ભાષણ
	નરોત્તમ વિગેરે
૧૩ ઉદયપુર— પૂજા પ્રભાવના વિગેરે	
૧૪ રંગુન— —	પ્રભુદાસ મહેતા
	ખુશાલચંદ ભગવાનદાસ
	બી. એ. પટેલ
૧૫ કપોલ— પૂજા-પ્રભાવના-આંગીરચના વિગેરે	

કેટલાક ભાષણોનો સાર

શ્રીયુત ભાંડીઆ સાહેબ, શિવપુરી

“આચાર્ય વિજયધર્મસૂરિજી ન કેવળ હિંદુસ્તાનમાંજ પ્રસિદ્ધ થયા છે પરન્તુ યુરોપ અને અમેરિકામાં પણ તેમણે પ્રસિદ્ધિ મેળવી છે. તેમનામાં એક અજાયબ ગુણ હતો તે પરધર્મસહિષ્ણુતાનો હતો. તેમની કદર આપણા સ્વર્ગસ્થ સિંધિયા સરકારે પણ તેમના સમાધિમંદિર અને બગીચા માટે વિશાળ જમીન આપીને કરી છે. નામદાર સિંધિયા સરકાર અને સ્વર્ગસ્થ ગુરુ-મહારાજની બાબત તપાસશો તો તમને જણાશે કે તે બન્નેમાં પરધર્મસહિષ્ણુતાનો ગુણ હતો. આવા એક મહાન પુરુષનો સ્વર્ગવાસ શિવપુરીમાં થાય એ એક સદ્ભાગ્યની નિશાની છે, એમ હું જણાવ્યાને કહી શકું.

આ પાઠશાળા એ પણ આચાર્ય મહારાજના જ પરિશ્રમનું પરિણામ છે. આ પાઠશાળામાં વિદ્યાર્થીઓને કેવી તાલીમ અપાય છે તે એક વિદ્યાર્થી ભાઈ શીવલાલે આપેલા વ્યાખ્યાનથી આપના ધ્યાનમાં આવી હશે. ખરેખર આ સંસ્થામાં ઉત્તમ તાલીમ અપાય છે. જે બે ગુરુઓ—શ્રી વિજયેન્દ્રસૂરિ અને મુ. વિદ્યાવિજયજીની દેખરેખ નીચે આ પાઠશાળા ચાલે છે તેમાં કચાશ હોય જ શાની ! આ બન્ને મુનિરાજો કેટલા ઉદાર વિચારના અને યોગ્યતાવાળા છે એ આપ સૌના ધ્યાનમાં છે અને તે ઉપરથી આપ અનુમાન કરી શકશો કે એના શિષ્યો પણ યોગ્યતાવાળા છે તે શું કેટલા ઉત્તમ પ્રકારના હોવા જોઈએ ! આ વિષયમાં વધુ શું કહી શકું



મી. જી. કે. નરીમાન મુજબ

"આચાર્યશ્રી મારા ગુરુ હતા. મહારાજશ્રીને પ્રથમ પાંચે ત્રણ ત્રણ વર્ષ થયા હતાં હું ભૂલી ગયો નથી. તેમનામાં સમદૃષ્ટિ હતી. મારા જેવા પારસીઓ તથા બીજા જેઓ વિદ્યાપિપાસુ છે તેઓ તેમને મળવા આવતા ને તેઓ આખરી સમનું સમાધાન કરતા. જૈન અને બૌદ્ધ ધર્મના સિદ્ધાંત "કૂપ મંડૂક"ની માફક નથી તેના સિદ્ધાંતો વિશાલ છે તે વિશ્વધર્મ છે. આચાર્યશ્રી હમારા તરફ એટલો બધો પ્રેમ રાખતા કે કોઈ કોઈ વખતે તેમના શિષ્યોને પણ અમારે ત્યાં મોકલતા. આચાર્યશ્રી પાદવિહારી હતા ને પગે ચાલીને દેશ વિદેશ વિહાર કરી જૈનધર્મના સિદ્ધાંતોનો ફેલાવો કરતા હતા. તેમનો સ્વભાવ એવો હતો કે તેઓ કોઈ દિવસ કોઈના ઉપર ગુસ્સે થતા ન હોતા. પાશ્ચાત્ય લેડીઓની સાથે તેમણે પત્ર વ્યવહાર કરીને તેમને જૈન ધર્મમાં રસ લેતા કર્યાં છે."



મિ. ખારાકર મુજબ

મારા કમનસીબ છે કે આ પવિત્ર મહાત્માની સાથે મારો સમાગમ થયું નથી થયો, પણ તેમના કાર્યો જગમશહુર છે તેમનું જીવન ચરિત્ર જુદી જુદી ભાષાઓમાં છપાયેલ છે તેના ઉપરથી હું તમને જણાવીશ "આદર્શ સાધુ" એ નામનું પુસ્તક મુ. વિદ્યાવિજયજીએ લખેલ છે તે ઉપરથી તથા બીજા પુસ્તકોનું અવલોકન કર્યાથી તેમનું જીવન જાણી શકાય છે વર્તમાન જૈન યુગના તેઓ નેતા હતા. તેમણે જ્યારે પૂજ્ય હરિભદ્ર

મહારાજ પાસે દીક્ષા માગી, ત્યારે તેમને માતા પિતાની રજા લાવવા જણાવ્યું. અનાયાસ આવેલા એવા મુનિ મહારાજશ્રીનો હિન્દી ઉપદેશ આ સિદ્ધાન્ત ભૂલી જાય છે ને તેથી આપ કિમ્પો મેળવી શકતા નથી. આચાર્યશ્રી નાનપણમાં રહી ભણતા હતા. પણ જ્યારે તેમની ઉંમર થઈ ત્યારે તેમને એકદમ સંસાર ત્યાગવાની ઇચ્છા થઈ અને તેમણે મેળવવાનો સંદેશ મેળવ્યો. ધન્ય છે તે વીરનરને કે જેણે સંસાર સુખ-વિલાસને ત્યાગી નાની ઉંમરે દીક્ષા ગ્રહણ કરી. અત્યાર સુધી આપણા મુનિ મહારાજો ફક્ત ગુજરાત-કાઠિયાવાડમાં જ વિહાર કરતા હતા તે વખતે જરૂર નહિ. તેમણે હિન્દી વિદ્યાર્થીઓનો જ્યાં વાસ છે એ બનારસ નગરી તરફ જવાની પોતાની પ્રથમ ઇચ્છા જણાવી. ઘણાનો એવો મત હતો કે મહારાજ સાહેબ! ત્યાં તમોને જરૂર ક્લેશ થશે. પોતાની પાસે સાધુઓ એવાને નિંદે છે તથા વિહારમાં આહારના ઘર આપતા નથી. સ્થળ વિકટ છે છતાં તે કશાની દરકાર નહિ કરતાં આ વીરકેશરી ચાલ્યા. તેમને મુસાફરીમાં ઘણી મુશ્કેલી પડી. કોઈ કોઈ વખત ખાવાનું મળે નહિ રહેવા મળે નહિ, જંગલમાં સૂવું પડે, છતાં આ વીર હિંમત હાર્યા નહિ ને કાશીમાં આવ્યા. અહીં ઉતરવાની જગ્યા કોઈ આપે નહિ. તેઓ ધર્મ એ મકાનમાં ઉતર્યા હતા, તે ખાલી પડે કે ભાડે પડે તેવું હતું. ત્યાં ઉતરીને ગયાં બાદ તેમણે બજારમાં ઉભા રહી ઉપદેશ દેવા શરૂ કર્યો. ઘણા સાધુ મહારાજો પોતાના ભક્તોની પાસે ઉપાશ્રયના ખૂણામાં બેસીને ઉપદેશ આપે છે. તેમણે જાહેર લોકોને કે જે જૈનધર્મને વિષયમાં અજાણ્યા હોય, પ્રભુ વીરનો સંદેશ જગતમાં ફેલાવ્યો હોય તો સાચા આચાર્યની પેઠે જાહેર ઉપદેશ કર્યો."

વિજયધર્મસૂરીશ્વરજી સમય ન ખોતાં, મહીનાઓ વિચારીને સમજતા હતા. ઘણી જગ્યાએથી હિંસાનો નાશ કરતી હતી, અત્યાર સુધી ત્યાંના બ્રાહ્મણોમાં જૈનધર્મ માટે જે અજ્ઞાન હતું તે દૂર કર્યું હતું. બનારસ પાઠશાળા સ્થાપી સારા સારા પંડિત ઉત્પન્ન કર્યા હતા. તેમણે

જીવનભર સેવા કરી છે તેમનો સંદેશ હવે પૂર જોસથી તેમનો શિષ્ય સમુદાય જગતમાં પહોંચાડશે."

✤

૨૦ મૂલચંદ આશારામ વેરાટી, મુંબઈ

" સમ જગતના જીવોને આત્મધર્મ–સત્યધર્મ બતાવવો, એ પ્રભુ મહાવીરનો જીવનમંત્ર હતો તે મંત્રનું યથાશક્તિ પાલન શાંત મહાત્માજીએ કર્યું છે તેમણે દેશોદેશ વિહાર કરી સત્યધર્મનો ઉપદેશ આપ્યો છે તેમનામાં બીજા માણસનું મન હરણ કરવાની અજબ શક્તિ હતી. જ્યારે ડોક્ટર ટેસીટોરી તેમને મળવા આવ્યા અને મેળાપ કરી ત્યારે તેને સમજાયું કે અમારાથી આવી રીતે સેવાનો લાભ નહિ પણ ધર્મ લાભ કહેવાય એનો અર્થ તેને સમજાયો, ત્યારથી આ મહારાજ જ્યારે આવતા ત્યારે મહારાજ સાહેબ પાસે ધર્મ લાભ ની યાચના કરતા. તેમને સાહિત્યનો ઘણું જ શોખ હતો. તેથી તેમણે જોધપુરમાં સાહિત્ય પરિષદ ભરી હતી. સ્વ. આચાર્ય મહારાજે પાશ્ચાત્ય વિદ્વાનો પાસે જુદા જુદા વિષયના નિબંધો મંગાવ્યા છે " એવી સંખ્યા લગભગ ૨૫-૩ ની છે આ લેખો છપાવવા લગભગ ૧) પ્રથમ ૧ ૫) ની જરૂર છે આવા કીમતી લેખો કે જેમાં પરદેશી વિદ્વાનોએ જૈનધર્મનો અભ્યાસ કરી તેના સત્યપણાની સાબિતી આપી છે એટલું જ નહિ પણ તેના તત્વજ્ઞાનને માટે મુક્તકંઠે પ્રશંસા કરી છે તેવા લેખો છપાવવાની અગત્યની ફરજ છે. તેમણે યુરોપ–અમેરિકામાં જૈનધર્મના અભ્યાસી ઉભા કર્યા છે તેની સંખ્યા લગભગ ૫૦થી વધુ છે તેઓ આપણા કરતા પણ સારો અભ્યાસ કરે છે ને તેના લીધે લંડન અમેરિકામાં જૈનધર્મના પુસ્તકો બહાર પડતા છે તેમાંના ઘણાખરા જાહેરાત કરે છે કે શ્રી મહારાજ સાહેબને પ્રભુ વીરનો

કવિશ્રી જગતને પહોંચાડી શો તેના "ઉપદેશો—શિક્ષણ" તૈયાર કરવા માટે "શ્રીવિજયવલ્લભ પ્રકાશક મંડળ" સ્થાપ્યું છે. આ મંડળ પહેલાં મુંબઈમાં સ્થાપ્યું હતું ત્યાર બાદ આગ્રા અને હાલમાં શિવપુરીમાં આવેલ છે. મેં તથા શ્રી. ભાઈલાલ મિત્રએ તેની મુલાકાત લીધી હતી. તે ઘણું જ સુંદર કામ કરે છે પણ ફંડના અભાવે તેઓ વધારે વિદ્યાર્થીઓને લાભ લઈ શકતા નથી. આ મંડળની ઉપયોગિતા ઘણી મોટી છે. તે સંસ્થાના પુસ્તકોને આપવા મહેરબાની કરવી જોઈએ. અમોએ તેને માટે આવશ્યક પ્રયાસ કર્યો છે પૈસા વગેરે બાદ અમે મંડળની મુલાકાત લેવા આવવાના ભાઈઓ તો તે વખતે તેને સંપૂર્ણ રીતે આપશે.

◆

શા. ૨૮. શેઠ હરખચંદ મુલચંદભાઈ, મુંબઈ.

"ધર્મપુત્ર કરવાની ઉક્ત મહારાજશ્રીએ મુલાકાત લીધી હતી અને ધાર્મિક ક્રિયાઓમાં ભક્તિ શ્રદ્ધા તે ધર્મ નથી પણ અધર્મ છે તેમ દૃષ્ટાંતથી સમજાવી કર્યો વગે પાપઓનો પશ્ચાત્તાપ આપ કરાવ્યો હતો

◆

મુ. મહારાજશ્રી લલિતવિજયજી (પ્રમુખ) મુંબઈ

"મિ. ડા. ડે. નરીમાન જેવા પારસી સાક્ષરસે અને આવી મહત્વ આગમોના જ્ઞાન ઉપર જે અભ્યાસ ચાલુ છે તે ઘણું જ શિક્ષણપદ મહાન, શાશ્વત આચાર્યનાં સામર્થ્યશાળી હતા. તે તેમણે અનેક પૂજન કરવિજયજી મહારાજના કાળમાં ઉપરથી હું આવી શક્યો છું. તેમના ઘણા લોકો પાલન કર્યાં છે પાલન કેટલાં તથા આ ફેરમાં પણ તેમણે ઘણાં સારાં કાર્યો કર્યાં છે તેમનાં પગલે ચાલવું જોઈએ. ઉપરાંત તેમનો શિષ્ય સમુદાય તેમનું જીવન સાચવી રાખશે તેવી આશા છે."

◆

આણંદભાઈ ગુલાબભાઈ (પ્રમુખ) સુરત

"મહાપુરુષ સંસાર સાગરમાં દીવાદાંડી જેવા છે. આચાર્ય મહારાજ શ્રીવિજયધર્મસૂરિજી એક મહાપુરુષ હતા. એ મહાત્માને મળવું આપણું નથી ! તેમની સાહિત્ય વિષયક પ્રવૃત્તિઓ વિષે જેટલું કહેવાય તેટલું ઓછું છે એ સંબંધી વિચાર કરવાની જૈન સમાજને આજે પુરસદ નથી. અનેક મુસીબતો વેઠીને તેમણે સાહિત્ય પ્રવૃત્તિ કરી હતી. તેમની સાહિત્ય વિષયક પ્રવૃત્તિઓ વગર પાશ્ચાત્ય વિદ્વાનોનું ધ્યાન ગયું હોત નહિ. ધન્ય સંસ્કૃત પ્રાકૃત સાહિત્યના ઉદ્ધાર માટે તેમણે 'યશોવિજયજી જૈન ગ્રંથમાળા' સ્થાપી હતી. તેમની યશોવિજયજી પાઠશાળા મારફત અનેક વિદ્વાનો ઉત્પન્ન થયા હતા. એ સિવાય તેમણે પુસ્તક ભંડારો લાઇબ્રેરીઓ વિગેરે સ્થાપ્યાં હતાં. તેમનાં કેટલાક પુસ્તકોની ૪-૫ આવૃત્તિઓ થઈ છે. કેટલાના યુરોપીય ભાષામાં અનુવાદ થયા છે. 'ધર્મદેશના' નામે તેમનું પુસ્તક ઉત્તમ છે. પાશ્ચાત્ય વિદ્વાનોને જૈનધર્મ અને સાહિત્યને લગતા સાહિત્યો પૂરાં પાડી તેમણે જૈનધર્મ અને સાહિત્યની સારી સેવા બજાવી હતી. આચાર્ય મહારાજશ્રીએ ઉચ્ચોત્તર સાહિત્ય સેવા કરી હતી. આચાર્ય મહારાજશ્રીનાં વિવિધ ગુણોનું મનન કરી તેનો કંઈક અંશે અમલ કરવો એ આપણી ફરજ છે."



શાહ અમીચંદ સુરત

"આપણે આપણાજ મહાત્મા પુરુષોને ઓળખી શકતા નથી એ દિલગીરી ભરેલું છે. આચાર્યમહારાજની પાશ્ચાત્ય દેશોમાં વિદ્વત્તા અને બીજા અનેક ગુણોને લઈને ઘણી નામના થઈ હતી. પહેલા તેઓ વેપારી હતા, પણ એમણે વૈરાગ્ય આવતાં તેમણે દીક્ષા લીધી હતી. બનારસ એ હિંદુધર્મના કિલ્લારૂપ હતું અને છે ત્યાં તેમણે જૈનધર્મ

સંબંધી સારો પ્રકાશ પાડ્યો હતો. જૈન ધર્મ પ્રત્યે આદર્શ ઘણો છે.
મિશુ આચાર્ય મહારાજશ્રીએ લખેલા તત્ત્વોને સાબીત કરી આપ્યું હતું
તેમની વિદ્વત્તાથી મોહિત થઈને પશ્ચિમે તેમને ધર્મવિચારક વિદ્વાનોમાં ગ
ણીને આપ્યું હતું. બનારસના મહારાજા તેમના નિકટ સંબંધમાં આવ્યા
હતા. શાસન પરિષદ સાથે તેમને સારો સંબંધ હતો. તેઓ ધર્મના
મહત્ત્વના હિમાયતી હતા.



શાહ હરિલાલ ચિમનલાલ સુરત

તેઓ સરસ્વતીની બાબતમાં સારો ભાગ અર્પણ કરી ગયા હતા.
અને સુરત સ્થળેથી તેમણે વિચાર કર્યો હતો. આરામ બાદ તેમણે આપે
સિદ્ધિથી સુધાર્યો હાથ નાખ્યો હતો. અનેક ભાષણો, લેખો અને
પત્રકાર પણ તેમણે આપ્યું છે. તેમણે સ્થાપેલ વીરતત્ત્વ પ્રકાશક મંડ
ળ નો હેતુ જૈનધર્મનો પ્રચાર કરવાનો જ. પ્રખ્યાત વિદ્વાનોને ધર્મ
અને સાહિત્યની બાબતમાં તેમણે સારી મદદ કરી હતી. આ તેમની ઉદાર
ભાવના નહિ તો બીજું શું? તેઓ ગુણ પ્રધાન જેવા હતા. આચાર્ય
મહારાજશ્રી સાથે ભાવિક મમતા હતી, પ્રાય તેઓ અને સાથ
રહ્યા હતા.



મિ. ગિરધરલાલ કેસરશી શેઠ સુરત

" આચાર્ય મહારાજનો એક ખાસ પુરુષ હતા. તેમણે પ્રાચીન
ગ્રંથમાળા સ્થાપી પ્રાચીન પુસ્તકોનો ઉદ્ધાર કર્યો હતો. તેમના પ્રખ્યાત
વિદ્વાનો સાથેના સંબંધથી જૈન સાહિત્ય અને ધર્મની નામના થઈ હતી.
અમેરિકા યુનિવર્સિટીમાં તેમણે જૈન ગ્રંથો દાખલ કરાવ્યા હતા. વિદ્વ-

ફિરોના સમય, માસિકો, વાપરીઓ વિગેરેની પણ તેમણે સાહિત્ય-સેવા સારી બજાવી હતી. આચાર્ય મહારાજશ્રીએ લખેલાં અને સંપાદિત કરેલાં ૨૨ પુસ્તકો પણ સારાં છે. અહિંસા દિગ્દર્શન, દેવકુલ પાટક, હેમચન્દ્રાચાર્યના યોગશાસ્ત્ર (સવિવરણ)નું સંશોધન, ધર્મવિચાર અને ઐતિહાસિક રાસોથી તેમણે ઉત્તમ નામના મેળવી છે. દેવદ્રવ્ય અને સાધારણ દ્રવ્ય વિષેના વિચારોથી આચાર્ય મહારાજશ્રી નવયુગ પ્રવર્તક હતા એમ કહી શકાય. જોધપુર ખાતે સાહિત્ય સંમેલન ભરાયું તે આચાર્ય મહારાજશ્રીના પ્રયાસના ફળરૂપ હતું. આચાર્ય મહારાજશ્રીના જીવનમાંથી અહિંસા, ધર્મોનો અનુભવ, નીડર કર્મવીરપણું, સમયજ્ઞતા, સ્વભોગે અન્યનું કલ્યાણ, પાશ્ચાત્ય વિદ્વાન સાથે સહકાર, ભક્તિ અને પ્રેમ, રાષ્ટ્રીય ભાવોને પ્રાધાન્ય, સાદું જીવન, સત્યની શોધ વિગેરે ઘણી બાબતો શીખવાની મળે છે. શાસનના પ્રચાર માટે આચાર્ય મહારાજશ્રીએ પણ કર્યું હતું.

ચોથી જયન્તી

૧ શિવપુરી—	રા. બ. સાહેબ જગજીવન મોદી	મુનિ શ્રી ન્યાયવિજયજી
	પ્રો. એ. ચક્રવર્તી એમ.એ.	ચિ. રતિલાલ દેસાઈ
		ચિ. ભીખાભાઈ દેસાઈ
		સુલતાની (ડૉ. ગોગે)
		મુનિ શ્રી વિદ્યાવિજયજી
		શ્રી રૂપચંદ ઝવેરી
૨ મુંબઈ—	મુનિરાજ વિચક્ષણવિજયજી	શ્રી દુર્લભદાસ પારેખ
		પ્રો. હીરાલાલ કાપડીઆ એમ. એ.
		મુનિ શ્રી દર્શનવિજયજી
		પં. પ્રભુદાસ બેચરદાસ
		મનસુખભાઈ કીરચંદ મહેતા
		સારાભાઈ મગનલાલ મોદી
		અમૃતલાલ કાળીદાસ શાહ
૩ અમદાવાદ—	આચાર્ય શ્રીવિજયનેમિસૂરિ	લાલા રામચંદ્રજી જૈન
		મોતીલાલજી રાણાવત
		ચિ. અમૃતલાલ મોહનલાલ
		શ્રી પ્રતાપવિજયજી
૪ ભાવનગર—	પં. શ્રી કેશરવિજયજી	પં. જગજીવન પોપટલાલ
		ભાઈચંદ ભગવાનદાસ ગાંધી
		ગુલાબ ધનેશ્વર
		ખાન્તિ પોપટલાલ
		શેઠ કુંવરજી આણંદજી

		મોતીચંદ ગિરધર કાપડીઆ વોરા ખુશાલભાઈ ચાકરચંદ શેઠ દેવચંદ દામજી
૫ સુરત—	શેઠ ફકીરચંદ નીરચંદ	રા. પોપટલાલ પારેખ હરિલાલ શિવલાલ બી. એ. બાબુલાલ નાનાલાલ દોશી
૬ આગરા—	પં. નારાયણદત્ત ઉપાધ્યાય	પ્રમુખ અને બીજા ટેકાના
૭ બોરસદ—	ધનુભાઈ પુરુષોત્તમ પટેલ એમ. એલ. સી.	સવજીભાઈ જગાભાઈ દરબારસાહેબ ગોપાળદાસભાઈ
૮ સાવલા—	ચાકરચંદ માણેકચંદ વોરા	નાગરદાસ કસ્તુરચંદ બી. એ. એલએલ. બી.
૯ ઉમરેઠ—	મહંત બાલકદાસજી મહારાજ	પં. કેશવ મેઘજી
૧૦ જામલી—	મુનિ શ્રી વિદ્યાવિજયજી	પ્રમુખ અને બીજાઓ
૧૧ મહુવા	મુનિ શ્રી ન્યાયવિજયજી	ભાઈ સૌભાગ્યચંદ ભાઈશંકર જોશી
૧૨ જબલપુર—	પૂજા-પ્રભાવના વિગેરે	
૧૩ પાલીતાણા—	પૂજા-અંગરચના વિગેરે	
૧૪ બુરહાનપુર—	ગુણગાન-મંદિરમાં પૂજા વિગેરે	
૧૫ ભીવાપુરી—		ચુનીલાલ જેઠાલાલ ચુનીલાલ દલાજી
૧૬ પાટડી—	પં. ભક્તિવિજયજી	સાકરચંદ ભીમચંદ માસ્તર છોટાલાલ માણેકલાલ
૧૭ અમદાવાદ—	મુનિ શ્રી રવિવિમળજી	જુદા જુદા વક્તાઓ

૧૮ મહી— મુનિ શ્રી કલ્યાણવિજયજી — ચુનીલાલ ખુશાલચંદ
જયચંદ જસુભાઈ
બાપુભાઈ પુરુષોત્તમ
ડુંગરશી અમૃતલાલ

૧૯ મહેસાણા— શ્રી વિદ્યાવિજયજી પન્યાસજી — શ્રી. શોભાગચંદ
શ્રી. પી. ટી. શાહ
ઘ. માણેક માસ્તર
ગિરધર જોશી

૨ આમતરી— પૂજા પ્રભાવના વિગેરે

૨૧ વડોદરા— અઠ્ઠાઈ વિગેરે ધૂમધામ

૨૨ સિનોર— શ્રીયુત સંપતવિજયજી સાહેબ — માસ્તર ડુંગરશીજી
ધનજીભાઈ ગોપાલદાસ
શ્રી એ. એલ. શ્રી

૨૩ હળવદ— પૂજા-વરઘોડો-અઠ્ઠાઈ વિગેરે

૨૪ પાટણ— પૂજા-પ્રભાવના-આરતી વિગેરે

કેટલાક ભાષણોનો સાર

મુનિરાજ વિદ્યાવિજયજી, મુંબઇ

" શ્રી વિજયધર્મસૂરિજીએ યુરોપખંડમાં જૈનધર્મનો ડંકો વગાડ્યો. ત્યારથી એવા શહેરમાં કે જ્યાં જૈનધર્મની અજ્ઞાનતાથી ત્યાંના પંડિતો જૈન ધર્મ તરફ ઘૃણાની નજરથી જોતા હતા તેમનામાં જૈનધર્મની રુચિ કરાવી. યુરોપ અમેરીકા વિગેરે દેશોમાં પણ જૈનધર્મ સંબંધીનું જ્ઞાન ત્યાંના વિદ્વાનો [illegible] તેમ સ્થાપ્યો અને તે દિવસે દિન પર દિન તેનો વિશ્વમુગ્ધમાં નવવ્યવસ્થિત બનાવવા ભગીરથ પ્રયત્ન કર્યો કરે છે. તેમણે જીવનપર્યંત સેવા કરી હતી અને અનેક જ્ઞાનનાં પુસ્તકો શોધી પ્રસિદ્ધ કર્યાં હતો અને જે દેશમાં ઘોર હિંસા વ્યાપી રહી હતી ત્યાં તેઓ અહિંસાની ઘોષણા કરી હતી. તેમણે બનારસ પાઠશાળાની સ્થાપના કરી અને રત્નોને ઉત્પન્ન કર્યાં હતા. જે રત્નો અત્યારે પણ જૈન કોમની અને ધર્મની સેવા બજાવે છે. આવા પરોપકારી આચાર્યશ્રીની જયંતી ઉજવવાથી અને તેમના ગુણગાન કરવાથી અનેક લાભો મેળવી શકીએ છીએ. આની શરૂઆત શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક તરફથી થઇ છે "

પ્રોફેસર હીરાલાલ રસિકલાલ કાપડીઆ એમ. એ. મુંબઇ

" આચાર્ય સાધુ પુરુષ આ વર્તમાન યુગમાં હોતા હતા. તેમના માટે પાશ્ચાત્ય દેશના વિદ્વાનો શું કહે છે? પ્રતિભાસંપન્ન હેમચંદ્રાચાર્ય પછી જો કોઇનું નામ પ્રમાણભૂત ગણાતું હોય તો તે આચાર્યશ્રીનું જ છે. ડૉ. થોમસ—કે જે એક સ્કોલર છે તે જ્યારે હિંદમાં આવ્યા ત્યારે તેણે જણાવ્યું હતું કે જૈન ધર્મનો અભ્યાસ કરવામાં અને પાલી સંસ્કૃત સંબંધી સમાધાન કરવામાં એમણે આચાર્યશ્રીએ અનેક વખત મદદ કરી છે

અને તેમનો સ્મૃતિ છે. જર્મન સ્કોલર ડૉ. હર્મન જેકોબી જ્યારે હિંદમાં આવ્યા ત્યારે પુષ્કળ માન આપ્યું હતું. જોધપુરમાં તે વખતે આચાર્યશ્રી વિચરતા હતા ત્યાં જૈન સાહિત્ય પરિષદ ભરી તેનું આપણું રાખ્યું અને આ સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે અન્ય દર્શની વિદ્વાનને બોલાવ્યા. જૈનધર્મ એ સ્યાદ્વાદના મૂળ સિદ્ધાંત ઉપર છે એમાં સાત નયો છે અને એવું દ્રષ્ટિ બિંદુના નયો માન્યા છે તે ધર્મને અત્યાર સુધી વિદ્વાનો નાસ્તિકમતના નામે ઓળખતા હતા. પશ્ચિમના કેટલાક જૈન બૌદ્ધ ધર્મની શાખાના નામે ઓળખતા હતા. આ ભ્રાન્તિ તેમણે દૂર કરાવી અને જૈન ધર્મ દુનિયામાં સર્વ ધર્મના સમૂહનો એક સાગર ધર્મ છે તેમ જગતને દેખાડ્યું."



મુનિ મહારાજશ્રી જયંતવિજયજી, મુંબઈ

આજે તેમના સ્વર્ગવાસને ચાર વર્ષ થયાં છે. ત્યાં તેમણે જે ઉપદેશ જૈન ધર્મ અને જૈન ધર્મ માટે કર્યો છે તે વિશેષ કહેવા જેમ નથી. તેમણે આખું જીવન તેમાં જ ગાળ્યું હતું. તેમણે પશ્ચિમના વિદ્વાનોને આકર્ષી લીધા હતા અને તેમની સાથે પત્ર વ્યવહાર કરીને તેમને ધર્મનો રંગ લગાડ્યો હતો. તેમણે સૌથી એવા ક્ષેત્રમાં જ્યારે પ્રથમ વિહાર કર્યો ત્યારે અનેક મુશ્કેલીઓ તેમને વેઠવી પડી હતી પણ ત્યાં જઈને તેમણે ત્યાંના વિદ્વાનોને ચકિત કર્યા. ત્યાં ઉપાધ્યાય યશોવિજયજીના નામથી શ્રી પાઠશાળા સ્થાપી, કે જેમાંથી અનેક પ્રૌઢ નામાંકિત પાક્યા છે. આ પાઠશાળા હાલમાં બંધ થઈ છે પણ તેની ખોટ પૂરી છે. તેમણે શ્રી વીરતત્ત્વપ્રકાશક મંડળ પ્રથમ મુંબઈમાં સ્થાપ્યું હતું જે હાલમાં શિવપુરીમાં ચાલે છે. આ મંડળનો હેતુ પણ સંસ્કારી વર્ગોના જગતમાં ઉપદેશકો કરવાનો અને તેવા ઉપદેશકો દ્વારા ત્યાગ ઉત્પન્ન કરવાનો છે. તેમણે અનેક ગ્રંથો લખ્યાં છે."



ગ

૨૮. માવજી દામજી શાહ, મુંબઈ

" તેઓ દિવસ રાત પોતાના કાર્યોમાં મશગુલ રહેતા. તેમણે ટાઢ-તડકો-ભૂખ-તરસને ગણકારી નહોતી. તેમના જમાના વિચારમાં આગળ વધેલા હતા. જ્યાં જાય ત્યાં ત્યાં આદરસત્કારો પામતા. તેમના ઉપદેશથી હજારો માણસોએ મદ્યપાન-માંસાહાર છોડયો હતો. ગમે તેવી મુશ્કેલીઓમાં તેઓ જરા પણ ડગતા નહીં. શત્રુ આવે તેને પણ માન આપી બેસાડતા. અને આવનાર શત્રુ મોટો મિત્ર થતો. વિચારભેદ હોવા છતાં ક્યારેય કોઈના ઉપર ગુસ્સે થતા ન હતા. "

•

૨૯. ઉત્તમભાઈ કેશવલાલ દલાલ, મુંબઈ

આપણા ઉપર આચાર્યશ્રીએ ઘણા જ ઉપકારો કર્યા છે તેમનો સ્વભાવ, ચારિત્ર અને શક્તિનું વર્ણન થઈ શકે નહીં. આપણી ફરજ છે તેમણે બતાવેલા માર્ગે ચાલવાની છે બનારસ પાઠશાળા માટે સર્વેને જરૂર લાગે છે આ સંસ્થાની જરૂરીયાત દરેક સ્વીકારે છે. પાલીતાણા, મુંબઈ, અમદાવાદ, બનારસની બરોબરી કરી શકે નહીં. સજ્જન તૈયાર છે મકાન આપનાર છતાં પણ પાઠશાળા ચાલુ કરવામાં આવે તો આપશે, તેવી આશા છે પરંતુ પાઠશાળા ચાલુ કરવી તે મુશ્કેલી છે. આ કામ થાય તો અનેક પંડિતો આપણે ઉત્પન્ન કરી શકીએ જે પૈસા પણ તે પાઠશાળા-માંથી થયા છે તેમણે સેવા બજાવી છે અને બજાવે છે મહુવા બાલાશ્રમ, વીશાશ્રીમાળી વિગેરે અનેક સંસ્થાઓના તેઓ ઉપદેશક છે તેમના શિષ્યસમુદાયે છતાં પણ તેમની પ્રણાલિકા ચાલુ રાખી છે તે ખરે ખર સ્તુતિપાત્ર છે

•

સારાભાઈ મગનભાઇ મોદી, મુબઈ

તેમની સાથે વિચાર ભેદ મારે હતો, પણ જ્યારે તેમની પાસે હુ ગયો હોઉ ત્યારે ત્યારે તેમણે યોગ્ય ખુલાસા કર્યા છે. તેમનામા સાચા માણસને કેવી રીતે વશ કરવો તે જ્ઞાન ખાસ હતુ. મોટા મોટા યુરોપીઅન અમલદારો તેમને મળવા આવતા હતા. મુબઈમા પધારતા તે વખતના ગવર્નરે તેમને મુલાકાતનુ માન આપ્યુ હતુ. એ અમલદારોની ખાતિર મોટી કીમતી ગજાર જેવા અમલદારો કલાકોના કલાકો સુધી તેમની પાસે બેસી સલાહ કરતા. ગમે તે ધર્મનો અને ગમે તેવા સ્વભાવનો માણસ તેમની પાસે આવી શકતો. તેમને એવી રીતે તેઓ નમાવતા કે તે વારંવાર તે તેમની પાસે આવતો. તેમનુ જીવન ખરેખર અનુકરણીય કરવા અને બોધ લેવા જેવુ હતુ. જે તેમણે જગદ્ગુરુ હરિવિજયસૂરીશ્વરજીની માફક રાજદરબારોમાં પ્રવેશ કરી અમલદારોને અને પશ્ચિમના વિદ્વાનોને વશ કર્યા હતા. તેમની પ્રેરણાથી અનેક સસ્થાઓ સ્થાપન થઈ છે તેને ટકાવી રાખવી જોઈએ."



૫ જગજીવનદાસ પોપટલાલ, ભાવનગર

આચાર્યશ્રીનો જન્મ જેમ જૈન કુળમાં સમર્થ થયા છે અને તે અહિંસા, સત્ય અને અપરિગ્રહ આ ત્રણેના હિમાયતીને માટે ગુરુ મહારાજે અનેક સ્થળે સહન કર્યું હતુ. તમામ સ્થળે કેટલાક દૂર દૂર પ્રતિકૂળ ક્ષેત્રોમાં વિહાર કર્યો અને અનાર્ય જેવા દેશમાં વિચરણ કર્યો હતો ત્યા તેની જાગૃતિ આણી. આ સંબંધે મેં સાથ મહારાજશ્રી મુખથી પ્રત્યક્ષપણે પોતે પાણી પાણી કરી નથી, અને આ રીતે જૈનના કુશળ વિજયધર્મસૂરિ સમ્યગ્દર્શન સાથે હતા, તેમને એ બાબતમાં સાથે વિચાર હતો, તે તે વિષય સમજી હતો. તેઓ મોક્ષ માનનારા હતા કે જ્ઞાન સિવાય જૈનધર્મનો ઉદ્ધાર થઈ શકવાનો નથી, અને આ સૂત્રને

અગમનીને ખુબ જુદા સ્થળે જૈન પુરુષોને શિક્ષણ આપવા માટે પણ શાળાઓ ખોલાવી, જેમાંથી વિદ્વાન રત્નો નીકળી આવ્યા છે તેઓ જૈનોનું એટલું જ નહિ પણ ખ્રીસ્તીઓને અર્થે ખુબ ધીરજપૂર્વક એકીકરણ કરવાના અથાક હિમાયતી હતા.

▲

શેઠ કુંવરજી આણંદજી ભાવનગર

" મુની શ્રી ધર્મ વિજયસૂરિએ જૈનધર્મના યોદ્ધા તરીકે જબરૂ પદવી યથાર્થ નામના પ્રાપ્ત કરી છે. તેમના પ્રયાસના પરિણામે જૈન ધર્મનો જે પ્રચાર અને અભ્યાસ પશ્ચિમના દેશોમાં થઇ રહ્યો છે અને તેનું નિરીક્ષણ તેમણે પોતાના ધ્યાનમાં જ કરી આવેલ છે તેને માટે જૈન સમાજ તેમનો સદા આભારી રહેશે. જ્યાં એક જૈન ધર્મનું નિશાન નહોતું ત્યાં તેમણે જૈન ધર્મના મૂળ પાયા નાખ્યા છે. તેમના શિષ્યો સર્વે પોતાના સાથે પરિશ્રમપૂર્વક તેમનો હેતુ સાધ્ય કરે."

▲

૨૨. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, સોલીસીટર, ભાવનગર

તેમણે કેટલીક આશ્ચર્યકારક વાતે કામ કર્યું છે. પશ્ચિમના વિદ્વાનો સાથેનો તેમનો પત્રવ્યવહાર તેઓને જોઇતા સાધનો પૂરા પાડવા માટે રાખેલી મહેનત ખરેખર [illegible] જ્ઞાન મહાત્મા પુરુષને અર્થે તેથી જ પ્રશંસનીય અને આશ્ચર્યકારક છે. તેઓ સ્વભાવે નિખાલસ અને નિર[illegible] હતા, અને તેમને કોઇ પણ વિખવાદ અપ્રિય હતો. પોતાના વિરોધ મતવાદીઓને તેઓ શાંતિથી સાંભળતા અને યોગ્ય જવાબ આપતા. તેઓ દૃઢ નિશ્ચયી હતા.

▲

શેઠ દેવચંદ દામજી કુંડલાકર, ભાવનગર.

“ જૈનોમાં વીસેક વર્ષ પર કેળવણીનો પ્રચારનો વિષય પ્રશ્નરૂપ છે. ધર્મની ખાતર ગમે તેટલું કર્યો કુટુંબ સેવાતાં પાછી પાની કરી નથી. જૈન શાસનને માટે તેમની સેવા ચિરસ્મરણીય રહેશે.”



૫ કેસરવિજયજી ભાવનગર

જ્ઞાન અને ક્રિયાનો જે મેળ થવો જોઈએ તેવી રીતે સમન્વય થયેલ હોય તો તે વિજયધર્મસૂરિજીમાં હતો. તેમનામાં સહનશીલતા અને ધર્મ પ્રત્યેના ઝનૂનને બદલે જે બીજા આચાર્યો ન કરી શક્યા તેવું કામ તેમણે કરી બતાવ્યું.

“ ખેદજનકની વાત છે કે દેવદ્રવ્યની ચર્ચામાંથી નિવૃત્ત થઈ શક્યા નહિ. જો દેવદ્રવ્યના પ્રશ્નનો કાંઈ નિવેડો થાય તો આપણામાં રહેલ આપણી ત્રુટિઓ દૂર થાય છે. આ ત્રુટિઓ જો દૂર થાય તો જૈન બાળકોને જ્ઞાન પ્રાપ્ત કરવાની સારી રીતે અનુકૂળતા થઈ શકે. જેથી જૈન ધર્મની ઉન્નતિ થાય.”



ડા. ચંપકલાલ પારેખ સુરત.

“ જૈન સમાજ જ્યારે અંધકારમાં હતો ત્યારે તેને ઉદ્ધાર કરવા સૂરિજીનો જન્મ થયેલો. તે મહાન વિદ્વાન ‘વસુધૈવ કુટુમ્બકમ્’ એ સૂત્ર સામને એ પૂર્ણતાથી અપનાવ્યું હતું. કર્તવ્ય પાલન તેમનો મુદ્રાલેખ હતો. તેમનામાં કર્તવ્ય પાલન અને સાધુતા એ ખાસ ગુણો હતા. તેઓએ આખું જીવન સમાજની ઉન્નતિ કરવામાં ગાળ્યું હતું. તેમની સાહિત્યસેવા ઘણી આદરણીય હતી. ગમે તે પંથ-ગમે તે ધર્મના મનુષ્યને તેઓ પ્રતિબોધતા. રાજા મહારાજાઓ તેમને પૂજ્ય તરીકે માનતા. તેઓ ત્યાગ પ્રત્યક્ષ હતા. જ્યાં જૈન સમાજની પૂર્ણતામાં અહોભાવથી

હતી, ત્યાં અત્યાર સુધી એક પણ સાધુનો વિહાર ન હતો. તેવા સ્થળમાં તેમણે વિહાર કર્યો અને કેટલાંક કષ્ટ સહન કર્યાં. વિરોધવાળામાં કેટલાંક પુરુષો કરમાય છે પણ આચાર્યજી તો તેમનું નામ અમર કરી ગયા છે."

◆

૨૧ હરિલાલ શિવલાલ શાહ, સુરત

" પશ્ચિમની છાપ વિના હિંદીઓ પોતાના મહાત્માઓને ઓળખતા નથી. રવીન્દ્રનાથ ટાગોરને તેમની કાવ્યાંજલી દ્વારા યુરોપે પીછાન્યા ત્યારે હિંદુસ્તાને તેમને ઓળખ્યા. તે જમાને આચાર્યશ્રીના મિત્રો અને પ્રશંસકો યુરોપમાં અસંખ્ય છે. તેમના જીવનચરિત્રો યુરોપની અનેક ભાષાઓમાં લખાયા છે. સમાજ ઉન્નતિમાં પડેલા જેઓ તેમનું હૃદય સમજ્યું અને પોતાનું સમસ્ત જીવન સમાજની ઉન્નતિ પાછળ ખર્ચી નાખ્યું. સમાજ તેવી સ્થિતિમાં મહા માઠા વારા વચ્ચે વીંધેલું તેમનું આચાર્યપદ નહોતું. આચારના મહાત્માઓ અને પંડિતો તેમને સાહિત્યવિશારદ જૈનાચાર્ય નું બિરુદ આપ્યું હતું. સાધુ સમાજના અનેક સાધુઓની પેઠે સુખ્યાતના ઉપાશ્રયમાં બેસી રહીને તેમણે સંકુચિતતા ધારણ કરી નહોતી પરંતુ હિંદુસ્તાનના જુદા જુદા ભાગો—ખાસ કરીને પ્રદેશોમાં ભૂખ તૃષા સહન કરીને હજારો માઈલની મુસાફરી કરી હતી. સમાજની એક ત્રુટીઓ તેમણે પૂરી પાડી છે. સાહિત્યોદ્ધાર, પુસ્તકાલયો, બોર્ડિંગો, પાઠશાળાઓ, દવાખાનાઓ, વર્તમાનપત્રો, દેરાસરોના જીર્ણોદ્ધારો વગેરે સમાજના દરેક અંગમાં તેમણે શક્તિ અને પ્રગતિ કરી હતી. તેમને હું યુગપ્રધાન અને નવયુગ પ્રવર્તક ગણું છું. આચાર્યશ્રીના ભાષણો અને પુસ્તકો અને ભિન્નભિન્ન વિષય નિષ્ણાત તેમનો શિષ્ય સમુદાય એ એમનો સમાજને અમૂલ્ય વારસો છે. કર્તવ્યપરાયણ, શાંતિ, સહિષ્ણુતા, માધ્યસ્થ દૃષ્ટિ અને પ્રતિભા હતી એ એમના જીવનનું રહસ્ય હતું. અત્યારે આપણને તેમની ઘણી જ ખોટ છે. જો આજે તેઓ આપણી વચ્ચે હોત તો શ્રી જૈનની આ સ્થિતિ ન હોત. રાજપુતાનાના દેશમાં જે

આશરે ૬૦ ક. ની પેઢી ૪ વર્ષોમાં ન કરી શકી તે એક આત્માના પ્રેમથી તેઓ કરી શક્યા હતા. તેમના પ્રયત્નથી પરદેશની યુનિવર્સિટીઓમાં જૈનધર્મ સંબંધી ભ્રમણાઓ દૂર થઈ છે અને જગતમાં વિદ્વાનોને ધ્યાન ગયું છે આમાં મોખરે હોંશે એવી જર્મન વિદુષીને પણ તેમના સુધારા શિષ્ય આચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરિ આચાર્યના મહા આભાર માનતી લખ્યા છે. આશ્રમની વાત છે કે આપના મુનિશ્રી ને અને આપને તેમના ઉપદેશામૃતને એમની સેવા છે, અને તેમના કાર્યના અનુકરણમાં પાણી પાણી કરે છે"



ભાઈ નાનાભાઈ રાશી (વિદ્યાર્થી) સુરત.

તેમનો જન્મ સૌરાષ્ટ્રના સિહોર ઉપર કરતી પ્રેમભૂમિની ભૂમિમાં થયેલો. તેમના વિરોધીઓ પુષ્કળ હોવા છતાં પોતાના કાર્યનો વિજય કરવામાં પાછું ડગલું ભરી શકતા નહિ. તેઓએ યુવકોને કેળવ્યા અને તેથી જૈન સમાજમાં આજની જાગૃતિ છે. સાહિત્ય સેવાથી જૈન સમાજમાં સાહિત્યનો વધારો આપેલો છે. તેમની ખમીરીનો નાદ આખા જૈન જગતની પર ચાલ્યો છે એનું કારણ તેમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ અને શુદ્ધ ભાવના હતી



મિ૦ પી૦ ડી૦ શાહ૦ કરાચી.

તેઓ પગે ચાલીને સંસ્કૃતનો અભ્યાસ કરવા માટે બનારસ પહોંચ્યા. જેમ હિંદુઓ ભક્તિની પૂજા કરે છે તેમ બનારસમાં આવેલા જૈન સાધુઓની પૂજા કરતા હતા. ત્યાં હિંદુ ધર્મનું સ્થાપન કરવાનું એટલું મુશ્કેલ કામ છે તેટલું જ મુશ્કેલ કામ બનારસમાં જૈનધર્મનો પ્રચાર કરવાનું હતું છતાં પોતાની વિદ્વત્તા અને પંડિતોને લાવીને તે ત્યાંના પંડિતોનો અભિપ્રાય મેળવી શક્યા હતા. તેમણે બનારસમાં એક પાઠશાળા સ્થાપી હતી. એમાંથી ૪ જૈન વિદ્વાનો તૈયાર થઈને બહાર પડ્યા છે તે મોટા મોટા શહેરો, રાજ્ય પાઠશાળાઓ અને આશ્રમશાળા

પ્રિય થઇ પડયા હતા. મોટા પ્રોફેસરો અને વિદ્વાનો તેમના પરીચયમાં આવવા માગતા હતા. તેમણે જૈન ધર્મની ઉન્નતિ અમેરીકા અને જર્મનીમાં પણ સારી રીતે કરી છે. ત્યાંના કેટલા ડાક્ટરો, પ્રોફેસરો અને વિદ્વાનો તેમના શિષ્ય બન્યા છે અને ખંતપૂર્વક જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરે છે. તેમના શિષ્ય જર્મન ભાનુ જ્હોન હોલે હમણાં હીંદમાં આવેલા છે. આબુ ઉપરના દેરાસરોમા યુરોપીઅનો બુટ સહિત દાખલ થતા હતા તે આ મહારાજશ્રીએ બંધ કરાવ્યુ હતુ. મહારાજશ્રીએ સુરતના કલેકટર મી. ઓટો રોથફિલ્ડની મુલાકાત લઇને કેટલાક કામ કરાવ્યાં હતાં. ટુંકમાં તે પહેલા નંબરના સુધારક હતા. તે શિવપુરીમાં કાળ ધર્મ પામ્યા છે. આવા મહાન જ્ઞાની આપણને ભેટ નથી. જો બીજા મુનિ મહારાજો તેમના પગલે ચાલવા કોશીશ કરે એવી મારી પ્રાર્થના છે."



શ્રી તિલકવિજયજી કરાચી

દેવદ્રવ્યની ચળવળ શરૂ થઇ ત્યારે તેમનામાં હું જે મહાન ગુણ જોઇ શકયો તે નિષ્પક્ષપાતપણાનો હતો. તે ઉમરમાં વૃદ્ધ હતા પણ વિચારમાં તરૂણ હતા. સાધુ જમાનામાં કેવા નમુનાનો ઉપદેશ દેવો એમને તે સારી રીતે જાણતા હતા. રાજાની કથા સંભળાવવામાંજ પોતાના જીવનની પ્રતિષ્ઠા સમજતી કે તેવા તે હોતા. તમણે દેવદ્રવ્યના સંબંધમાં પોતાના વિચારો મક્કમપણે જણાવ્યાં હતા. સાધુ તેમજ સમાજ તેમની વિરૂદ્ધ હતી. મહારાજશ્રી કહેતા કે દેવદ્રવ્ય તે સંઘની સ્થાપિત મીલકત છે અને તેનો ઉપયોગ દેવકાર્યમાં કરી શકે. સાધારણ ખાતાની જરૂર છે. આવા વિચારોના તે આગ્રહી હતા. બીજા સાધુઓની જેમ તે કોઇની ખુશામત નહોતા કરતા. અમારા ઘણા સાધુઓ ખુશામતના ટટ્ટુ થઇ પડયા છે. વરઘોડા કાઢવો હોય કે કાંઇ શાસ્ત્રની વાતચીત હોય તો તેઓ ખુશામત કરે છે. પણ મહાન પુરૂષ કોઇની ખુશામત કરતા નથી."

પાંચમી જયન્તી.

ગામ	પ્રેસીડેન્ટ	વક્તાઓ
૧ મુંબઈ—	કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી	અમૃતલાલ કાળીદાસ
		મુનીલાલ ...
		મોતીચંદ ગિરધર સોલીસીટર
		મુનિશ્રી વિદ્યાવિજયજી
		...
		મી. ક. ફે. નરીમાન
		મુનિ હિમાંશુવિજયજી
		આચાર્ય શ્રીવિજયનેમિસૂરિ
૨ ધારાનગર (માળવા)	—	પં. ઉમેદચંદજી
		સૌભાગ્યમલજી
		...
		સૌભાગ્યમલજી મથુરામલજી
		મિશ્રીલાલજી
૩ મહુવા	—	જિનદાસ ધરમચંદ
		ધનજીભાઈ તારાચંદ
		સૌભાગ્યચંદ ...
૪ શિવપુરી—	...	મિ. શાંતિલાલ દેસાઈ
	...	મિ. ભીખાભાઈ દેસાઈ
		શ્રીમતી ...
		...
		મુનિરાજ ...વિજયજી

	રા. બ. શેઠ સાહેબ. ફાઉન્ડેશ
	મેમ્બર, આસીવર
	શબમાહેબ પૂલે. એજ્યુકેશન
	મેમ્બર ઓફીસર
૫ સાવલી— નાગરદાસ કસ્તુરચંદ બી. એ. એલએલ. બી.	વેરા બાલચંદ ખાલેકચંદ
૬ બોરસદ— મનસુખલાલ મેઘરાજ સોલીસીટર	ભાઈ રાયચંદ જગનલાલ
	જમનાદાસ નગીનદાસ
	ફુલચંદ એસમ
૭ સુલતાનપુર— મુનિશ્રી દુર્લભવિજયજી	શ્રીયુત ભગીલાલજી
	શેઠ પોપટલાલ દેવચંદ
૮ સુરત— હરિલાલ જિવણલાલ શાહ બી. એ.	પોપટલાલ પૂનમચંદ
	છગનલાલ રાયચંદ
	રતીલાલ મોતિચંદ
	છગનલાલ રૂપચંદ
	મગનલાલ ભીખાભાઈ
	પાનાચંદ સવાઈચંદ
	જગાભાઈ મગનલાલ બી એ
૯ ભાવનગર— મુનિશ્રી ભક્તિવિજયજી	વ જમનાદાસ પોપટલાલ
,, ધર્મવિજયજી	વકીલ મુલચંદભાઈ
	શેઠ કુંવરજી આણંદજી
	દેવચંદ દામજી કુંડલાકર
	વલ્લભદાસ ત્રિ. ગાંધી
	પ્રેમચંદ મગનલાલ શાહ
	માસ્તર દામજી હેમચંદ
,, પ્રો. બળવંતરાય ભગવંતરાય શ્રીફ એમ. એ. એલએલ. બી.	મોતીલાલ ખુશાલદાસ
	હરખચંદ હરગોવિંદ

	છગનલાલ મૂલચંદ
	નાનાભાઈ મોતીલાલ
	ભોગીલાલ નરસેરામ
	રાયચંદ ગોવિંદજી
	જયંતીલાલ આણંદ
	નાનચંદ તારાચંદ
૧ મોરબી— શેઠ [illegible] સેવશી	મી. મોહનલાલ
	મી. પી. ડી. શાહ
૧૧ સેવાડી— [illegible]	વકીલ સૌભાગ્યમલજી
	વકીલ પીતાંબરજી
	શેઠ ગુલાબચંદ નવલજી
	મુનિશ્રી મહેન્દ્રવિજયજી
૧૧ [illegible] ૪-૫ [illegible]વિજયજી	આચાર્ય [illegible]વિજયજી

કેટલાક ભાષણોનો સાર

સાક્ષરરત્ન શ્રીયુત કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી (પ્રમુખ) મુંબઈ

સ્વર્ગીય આચાર્યશ્રીના સમાગમનો તથા દર્શનનો લાભ મને મળ્યો હતો. તેઓ જનેતરોને માન આપી તેમની શંકાઓનું નિવારણ કરતા હતા અને સાહિત્યના તેઓ ઘણાજ શોખીન હતા. જૈન-સાહિત્યને ભારત વર્ષમાં જ નહીં પણ દુનિયાના બીજા દેશોમાં પ્રસિદ્ધિ આપવાનું માન તેમનેજ ઘટે છે જૈન ધર્મની પ્રાચીનતા તેમણે સિદ્ધ કરી હતી. અને યુરોપ, અમેરિકા, જર્મની, ઇટલી વિગેરે દેશોના જૈન સ્કોલરો અને વિદ્વાનોને તેમણે સાહિત્ય પુરૂં પાડી આપ્યું હતું. તેમનું જીવન પરોપકાર માટે હતું તેઓ સાધારણ કોટીના આત્મા નહિ હતા. આ મહાન્ આત્માને દર પાંચ વર્ષે નહિ દર એક વર્ષે નહિ પરંતુ તેમનું તો આપણે હરરોજ સ્મરણ કરવું જોઈએ.

શ્રી૦ ચુનીલાલ શિવલાલ આપી મુંબઈ.

જ્યારે દેશ, અધર્મ જગતમાં વધારેને વધારે થાય છે ત્યારે કોઈપણ મહાન્ પુરુષ ઉત્પન્ન થાય છે આચાર્યશ્રીનો જન્મ પણ તેવા જ સમયમાં થયો હતો તેમણે જૈનોની નહિ પણ જગતની સેવા કરી છે હિંદુસ્તાનમાં સત્યધર્મ-આત્મધર્મનું સ્વરૂપ બતાવ્યું છે. તેનું સારું કેટલું છે તેનો વિસ્તાર કરું તો પુસ્તક બનાવવું થાય. તેમણે જ્યારે રસ્તાઓમાં, બાગમાં અને જ્યાં જ્યાં જગ્યા મળી ત્યાં ત્યાં જાહેર ભાષણો આપ્યા છે, ત્યારે જુના જમાનાના લોકો ભડકી ગયા તેમને આ આચાર્યશ્રીનું કૃત્ય શાસ્ત્રવિરુદ્ધ લાગ્યું પણ આ મહાન્ પુરુષે તેની દરકાર કરી નહીં. તેમણે ચેલેંજ આપી કે આ મારું કાર્ય શાસન અને ધર્મ વિરુદ્ધ હોય તેવું સાબીત કરી આપશો તો તે હું બંધ કરીશ. પણ તે કામ ધર્મ વિરુદ્ધ નહોતું તેમણે જૈન, જૈનેતરોને

